# જ્ઞાનપ્રાપ્તિનું તૃતીય કરણ

***Tertium Organum***

લેખક :
**અંબાલાલ પુરાણી**

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B 4279 - 4998
Bk-3118

# જ્ઞાનપ્રાપ્તિનું તૃતીય કરણ

*Tertium Organum*

એક વિદ્યમાન રશિયન મીમાંસક
યુસ્પેન્સ્કીના વાદનું દિગ્દર્શન

UNIVERSITY LIBRARY THE M. S. UNIVERSITY OF BARODA
R 3 25 26-8-92

• લેખક •
અંબાલાલ પુરાણી

• પ્રકાશક •
શ્રી અરવિંદ કાર્યાલય • આણંદ

પહેલી આવૃત્તિ • નવેમ્બર ૧૯૩૭
કીમત આઠ આના

Gift
BK-3118
B
4279
.U73T3
.P8

મુદ્રક • ચીમનલાલ કીશીભાઇ પટેલ • દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ • આણંદ
પ્રકાશક • મૂળજીભાઇ તલાટી • શ્રી અરવિંદ કાર્યાલય • આણંદ

## પ્રસ્તાવના

આ લખાણુ ચુસ્પેન્સ્કીના પુસ્તક Tertium Organum – ટર્શ્યમ ઓરગેનમનો અનુવાદ નથી, – એના વાદને ગુજરાતી પ્રજા સમક્ષ રજૂ કરવાનો મારો પ્રયત્ન છે. આ પુસ્તકમાં ચુસ્પેન્સ્કીની જ વિચારણા લીધી છે, તેની સમીક્ષા કરી નથી. લખાણુની શૈલી મૂળને અનુસરે તેવી રાખવા પ્રયત્ન કર્યો છે. એક વિદ્યમાન ચુરોપીય મીમાંસકના વિચારો આપણા દેશના પ્રાચીન અને અર્વાચીન મીમાંસકોને કેટલા મળતા આવે છે અને છતાં એના એ વિચારો અને નિર્ણયોને પહોંચવાની તેની વિચારણા કેટલી ભિન્ન હોય છે તે આ લખાણુ ઉપરથી કાંઇક અંશે જોઈ શકાશે.

કાલ અને દિક્ વિષેના વિચારોમાં પણ કાંઇક સ્પષ્ટતા આવશે. બુદ્ધિથી પર – મનસાતીત ચેતનાની શકયતા ચુસ્પેન્સ્કી જે તર્કસરણી વડે સિદ્ધ કરે છે તે પણ કદાચ આધુનિક વાંચકને ગમશે.

રા. બ. ક. ઠાકોરને આ પુસ્તક જોવા માટે મોકલ્યું હતું. તેમણે કેટલીક વિચારપ્રેરક નોંધો હસ્તલિખિત પ્રતની બાજુમાં ટપકાવેલી, – અલબત્ત, મને ઉપયોગી થાય એવા હેતુથી. અભ્યાસી વાંચકને ઉપયોગી થાય અને એને પોતાને પણ બીજાં અવનવાં દૃષ્ટિબિંદુઓ સૂઝે એ હેતુથી રા. બ. ક. ઠાકોરની નોંધો ફૂટનોટમાં મૂકી છે. અહિં જણાવવું જોઇએ કે તેમણે આ નોંધો છપાવવાના હેતુથી લખેલી ન હતી.

આ લખાણ જેવું પ્રગટ થાય છે તેવું છ સાત વર્ષ પહેલાં લખાયું હતું. હાલ તુર્ત એને વાંચીને ન જેવા જ ફેરફારો કર્યા છે.

ગુજરાતી ભાષામાં વિચારપોષક અને જીવનના મૌલિક પ્રશ્નોની મીમાંસાનાં પુસ્તકો એટલાં ઓછાં પ્રગટ થાય છે કે આવા પુસ્તકની માગ ઓછી – ન જેવી જ – છે એમ જાણવા છતાં આ નાના પુસ્તકને પ્રગટ કરવાનું સાહસ ખેડું છું.

શ્રાવણી પૂર્ણિમા
૧૯૯૩

અંબાલાલ પુરાણી



[ ૧ ]

## "વસ્તુ અવસ્તુનો ભેદપારખ"
## ( Voice of Silence )

પદાર્થતત્ત્વને આપણે "જાણીએ છીએ" એવી માન્યતા આજકાલ સઘળે પ્રચલિત છે; પરંતુ તે સાચી નથી. જેમાં ગતિ નામનો વિકાર થાય તે પદાર્થતત્ત્વ એટલે કે દ્રવ્ય યાને વસ્તુ. વારૂ. પરંતુ ગતિ એટલે શું? ઉત્તરમાં, "પદાર્થતત્ત્વમાં જે વિકૃતિ થાય તે 'ગતિ'! ક્ષ=ગ્ન; ગ્ન=ક્ષ; એનું નામ વ્યાખ્યા ન કહેવાય."

આગળ આપણે જોઇશું કે આપણે પદાર્થતત્ત્વને જાણતા નથી. માનવનું મન કોરી સ્લેટ જેવું હોય તો કેવું સારૂં? તદ્દન

અજ્ઞાનની અવસ્થાથી શરૂઆત કરી શકાત! પણ કમનસીબે તેમ થવું સંભવિત નથી. અને તેટલા જ માટે પ્રત્યેક મીમાંસામાં કેટલાંક ગૃહીતો સ્વીકારવાં પડે છે.

ઉસ્પેન્સ્કી સ્વીકારે છે બે ચીજને:

૧. સૃષ્ટિ–યાને જગત અર્થાત્ "હું–નહિ" તે. એમાં આપણે જેને "બાહ્યજગત" કહીએ છીએ તેનો સમાવેશ થાય.

૨. આંતર ચૈતન્ય–સ્વાનુભૂતિ–અર્થાત્ "હું"ની સંજ્ઞા અને તેના ધર્મો (functions).

તમે કહેશો કે, "આ બે બીજનું અસ્તિત્વ પૂરવાર કરવા માટે દલીલો આપો" – તો ઉસ્પેન્સ્કી કહેશે "તમારા અંતરને એ બંને પ્રત્યક્ષ છે અને એમ ન હોય તો મારું પુસ્તક વાંચતા નહિ."

એક બીજી બાબત પણ આવે છે: તે દિશા અને કાલની. પદાર્થનું અસ્તિત્વ કેવલ દિશામાં જ, અને ઘટનાઓનું કાલ'માં જ જાણી શકાય છે. પરંતુ એ વિષે આગળ.

હવે, માનવની ઈન્દ્રિયોના ઉપર જે સંસ્કારો પડે છે તેમનું વાસ્તવિક કારણ શું છે? એ પ્રશ્નના અનેક પ્રકારના ઉત્તરોમાંના અહિં આપણે ફક્ત બેજ વિચારીશું. એક પક્ષ કહે છે કે એ સંસ્કાર માત્રાસ્પર્શ (sensation) કેવલ આંતરચૈતન્યને આભારી છે. – અર્થાત્, સ્વાનુભવનું પરિણામ છે; બાહ્ય જગત સઘળું અંતરનું જ પ્રતિબિંબ છે. માનવ ચૈતન્યથી સ્વતંત્ર એવું જગત એ વિચાર પ્રમાણે છે જ નહિ. આ છે બર્કલી (Berkley)નો આગ્રહી આદર્શવાદ. સામી બાજુએ આપણા સંસ્કારનું કારણ બાહ્યજગતમાં રહેલું છે એમ માનવામાં આવે છે.

જર્મન તત્ત્વવેત્તા કેન્ટે આ બંનેની વચ્ચેનો માર્ગ કાઢ્યો.



જ્ઞાનપ્રાપ્તિનું તૃતીય કરણ

'ઇન્દ્રિયોનાં સંસ્પર્શનાં – માત્રાસ્પર્શનાં વાસ્તવિક કારણો હોય છે તો તેમની (ઇન્દ્રિયોની) બ્હારની સૃષ્ટિમાં – (એટલું સ્વીકારીને કેન્ટ કહે છે કે) "પરંતુ ઇન્દ્રિયો ઉપર પડતા સંસ્કારો વડે આપણે તે કારણોના વાસ્તવિક સ્વરૂપને કદી પણ જાણી શકીશું નહિ." "કાલમાં અને દિશામાં" તેઓ બને છે એમ કહેવાથી કશો અર્થ સરતો નથી કારણકે "કાલ" અને "દિશા" બંને ઇન્દ્રિયગણની ક્રિયાના જ પ્રકારો – તેના કાર્ય માટે અનિવાર્ય પરિસ્થિતિઓ છે. એટલે "કાલ" અને "દિશા" એ બંને ગુણ જગતના યાતો પદાર્થના નહિ પરંતુ ઇન્દ્રિયો વડે પ્રાપ્ત થતા જ્ઞાનના ગુણો છે. અત્યારની આપણી જ્ઞાન મેળવવાની પદ્ધતિ જ જગતના ઉપર કાલ અને દિશાનો અધ્યારોપ કરે છે. જગતને જોવાનો પહેલવાળો (prism) હીરો તે જ ઇન્દ્રિયગણ સમેત માનવનું ચિત્તંત્ર, – અને દિશા – કાલ તેના જ ગુણો. એટલે કાલથી પાર (કાલાતીત) અને દિશાની બ્હાર વસ્તુઓ સર્વે **"સમાન"** હોવાની! કાલાતીત સઘળી ઘટનાઓ "સમકાલીન" હોવાની! આ સત્યો માનવને અત્યારે ક્યાંથી સમજાય?

અનંતને એકીવખતે ગ્રહણ કરવાને અસમર્થ માનવચિત્તંત્રને કોઇને કોઇ પ્રકારે જગતના ખંડ કરવા પડે છે; અને "કાલ–દિશા"ના પ્રકાર તેને સૌથી વધારે સગવડ ભર્યા લાગે છે. પરંતુ પોતાના ચિત્તંત્રની ક્રિયાથી સ્વતંત્ર થઇને વસ્તુના સ્વરૂપનું – યથાર્થ સ્વરૂપનું – જ્ઞાન માનવ, અત્યારની સ્થિતિમાં, – મેળવી જ શકે તેમ નથી. એટલે કેન્ટને પૂછો કે "માનવથી સ્વતંત્ર વિશ્વનું સ્વરૂપ કેવું હશે?" તો તે ઉત્તર આપશે "કોણ જાણે?" પૂછશો, "કોઇપણ પદાર્થના મૌલિક સ્વરૂપનું – યથાર્થ સ્વરૂપનું

તમને જ્ઞાન છે ખરૂં?" કેન્ટ કહેશે "ના." "યથાર્થ સ્વરૂપનું એ અજ્ઞાન શું માનવ ઇન્દ્રિયોની પરિમિતતાને આભારી છે? જો "હા," તો અમે ઝીણી કરામતવાળાં, પહેલાંના લોકો માટે તદ્દન અસંભવિત, એવાં અનેક સૂક્ષ્મ યંત્રો, ઉપકરણો વગેરે બનાવી રહ્યા છીએ. એટલે તમારી ઇન્દ્રિયોની અશક્તિઓ દૂર થઇ જશે." એમ તમે કહો તેના ઉત્તરમાં કેન્ટ કહેશે – "તમારો ઇરાદો શુભ છે, પરંતુ તમે કહો છો તેમ થવું જ અસંભવિત છે! ઇન્દ્રિયજન્ય સંસ્કાર (માત્રાસ્પર્શ) વડે મેળવેલું જ્ઞાન ગમે તેટલું બારીક અને સ્ખલનરહિત ભલેને રહ્યું, પરંતુ પદાર્થનું વાસ્તવિક (યથાર્થ) સ્વરૂપ તે વડે કદી પણ નહિ જાણી શકાય." એનો અર્થ એ થયો કે ભૌતિકશાસ્ત્રો (Physical sciences) ગમે તેટલાં આગળ વધે તેથી તમે પદાર્થના વાસ્તવિક જ્ઞાનની જરા પણ સમીપ જઇ શકવાના નથી! આ પ્રમાણે કેન્ટે તો લાવીને મોટો કોયડો આપણી આગળ મૂક્યો. પરંતુ એનો ઉકેલ? શૂન્ય.

ભૌતિકશાસ્ત્રો કદાચ કહેવાની હિંમત કરે કે "અમે આખી દુનિયાનું અંતિમ અને મૌલિક સત્ય અમારી પદ્ધતિ (Method) વડે જ એક દિવસ તમને બતાવી આપીશું; સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ, યંત્રો વડે અલક્ષ્ય–અદૃશ્ય અને અસ્પર્શ્ય, લક્ષ્ય, દૃશ્ય અને સ્પર્શ્ય બનાવી મૂકીશું. તે દ્વારા તમે સત્યને જાણી શકશો."

એનો ઉત્તર એટલો જ છે કે, "તમે તમારા "મૌલિક" કહેવાતા સિદ્ધાંતો જ જાળવો તો બસ છે! ચારે બાજુથી તમારી વાડો તૂટી રહી છે અને તમે કદી પણ માની શકો નહિ એવી ઘટનાઓ, પૂરાવાના ઢગલા સાથે, તમારા પ્રદેશમાં ધસી આવી રહી છે. તેમનો જ તમે ઉકેલ લાવશો તો બસ છે!"





## [ ૨ ]

કેન્ટે તો આપણને કોયડો આપ્યો. કાલ અને દિશાથી એ તો ભડકે છે. "વસ્તુનું – પદાર્થનું વાસ્તવિક જ્ઞાન એ બંને આપણને થવા જ નહિ દે." આ તેનો નિકાલ!

આજે હિન્ટન (Hinton) કહે છે કે "કાલ અને દિશાથી કેન્ટની પેઠે ગભરાવાની શી જરૂર? આપણી જ્ઞાનપ્રાપ્તિનાં અત્યારનાં એ બે તો સાધનો છે. અને જ્ઞાનપ્રાપ્તિમાં હવે આપણે આગળ વધવું હોય તો કાલ અને દિશાને ગ્રહણ કરનારી આપણી ગ્રાહકશક્તિનો આપણે વિકાસ કરવો જોઇએ. અને દિશાનું તથા કાલનું ભાન માનવે ક્યાં બુદ્ધિપૂર્વક મેળવ્યું છે? એ તો આપો આપ – સહજ પ્રગટ – થયેલું છે. એ સહજજ્ઞાન (Intution) જૂદાં જૂદાં પ્રાણીઓમાં જૂદું જૂદું હોઇ શકે છે. અને એટલે જ, તેમાં વિકાસને સ્થાન હોવું જોઇએ. બાકી, કેન્ટનું કથન એટલું તો સાચું છે કે "હાલની પરિસ્થિતિમાં" વસ્તુનું સત્ય સ્વરૂપ જાણી શકાય તેમ નથી.

પરંતુ જ્ઞાન મેળવવાની એ પદ્ધતિમાં ફેરફાર થઇ શકે તેમ છે.

અત્યારે દિશા માપવાનાં ત્રણ જ માન (માપો) ૧. લંબાઇ, ૨. પહોળાઇ. ૩. ઉંચાઇ (ઉંડાઇ) આપણે જાણીએ છીએ. શા માટે ત્રણ જ? ચાર પ્રકારનાં માપ ન હોઇ શકે? અને ત્રણ દિશામાનથી પર હોય તેવાં પ્રાણીઓ શા માટે ન જ હોય?

વળી આપણે જે ત્રણ દિશામાનો જાણીએ છીએ તે વડે શું દિશા મર્યાદિત થાય છે ખરી? જરૂર નહિ! દિશા તો અનંત છે! અને અનંત પ્રકારે તે અનંતમાં વિસ્તરી રહી છે.

હવે પ્રશ્ન એ છે કે "ઘન પદાર્થ **ક્યાં** ગતિ કરી શકે?" પરંતુ 'ઘન' પોતાની સપાટીને **કાટખૂણે** ગતિ કરે તો?— આપણને એ વિચાર પણ આવવો અઘરો છે. પરંતુ પ્રત્યેક દિશામાન તેની પોતાની કક્ષાની, સપાટીની બ્હાર જાય છે, ત્યારે જ તેની આગળનું દિશામાન બને છે એ આપણે આગળ જોયું છે. રેખામાં (લીટીમાં) અનંત બિંદુઓ છે; સપાટી યાને ક્ષેત્રમાં અનંત રેખાઓ હોય છે; ઘનમાં અનંત સપાટીઓ સમાય છે. એ જ પ્રમાણે — ચાર દિશામાનમાં?

"અનંત ઘનો આવી રહેલા હોવા જોઇએ" એ નિર્ણય તદ્દન સરળ છે. અર્થાત્ ચતુર્થ દિશામાન, અનંત ઘન પદાર્થોનું જ બનશે.

બીજી રીતે તપાસીએ. રેખાની મર્યાદા બે છેડાનાં બે બિંદુઓ વડે, સપાટીની યાને ક્ષેત્રની મર્યાદા રેખાઓ વડે, ઘનની સીમા સપાટીઓ વડે બને છે. તે જ પ્રમાણે ચોથા દિશામાનની મર્યાદા?—

"ઘન વડે બનેલી હોવી જોઈએ."

અર્થાત્ ત્રણ-દિશામાનવાળી આપણી દિશામાં જે પદાર્થો આપણને તદ્દન છૂટા છૂટા લાગે છે તે ચતુર્થ-દિશામાનમાં એક જ પદાર્થનાં અવયવો હોવા જોઇએ. એક ઉદાહરણ લ્યો. ઉંચા એક વૃક્ષની ટોચે એક આડો વહેર મૂક્યો છે એમ કલ્પો. હવે તેનાં કપાઇ ગયેલાં ડાળાંઓના ગોળ ગોળ ભાગોને (વર્તુળોને) હવાઈ જહાજમાં ઉડનાર પ્રેક્ષક ઉપરથી જોશે. તે પ્રેક્ષક જો વૃક્ષોનો નીચેનો ભાગ ન જુવે તો શું ધારશે? પ્રત્યેક ગોળ વર્તુળ જૂદા જૂદા (સમાન્તર) છે; અને તે પ્રત્યેક જૂદા પદાર્થ છે એવું તે કદાચ માનશે. પરંતુ આપણે "જાણીએ છીએ" કે એ બધી





છૂટી છૂટી જણાતી ગોળ ગોળ ડાળીઓ **એક જ** વૃક્ષની છે!!

અથવા એક બીજું ઉદાહરણ લ્યો. એક મેજ ઉપર પાંચ આંગળીઓનાં ફક્ત ટેરવાં જ ગોઠવો. ધારો કે કોઇ પ્રાણી કે સત્ એ પાંચ ટેરવાંને જ જોઇ શકે છે. તો, એને "એ પાંચે આંગળીઓ **એક** હાથની છે" એવો ખ્યાલ કદી આવી શકશે ખરો? નહિ આવે. એ તો ફક્ત પાંચ ચક્રો જોઇ શકશે અને તે પણ છૂટાં છૂટાં. વળી એ પાંચ આંગળીવાળો "હાથ," અને હાથવાળો "માનવ" તે કદી જાણી શકશે? કદી નહિ જાણી શકે!

દિશાના ચતુર્થમાનનું આપણું અત્યારનું જ્ઞાન એ વૃક્ષની ડાળીઓના અને આંગળીઓનાં ટેરવાંના જ્ઞાન જેવું તદ્દન અપૂર્ણ અને અસત્ય છે.

## [ ૪ ]

પરંતુ ત્રણ દિશામાનવાળો પદાર્થ કયા ચોથા માનમાં ગતિ કરી શકે તેમ છે? ઉત્તર: "કાલમાં". ગતિ થાય છે તે પણ કાલમાં જ થાય છે. કાલ એટલે શું? ખરૂં જોતાં કાલ સ્થિર શાશ્વતિ સ્વરૂપ છે; આપણી બુદ્ધિની ગ્રાહકશક્તિ કાલના ખંડ કરીને તેને સાપેક્ષ બનાવે છે: વર્તમાન અને ભવિષ્યના ભેદ પાડે છે. ફોટોગ્રાફરની પેટીમાં તેજને દાખલ કરવા માટે જે ઝીણો ચીરો હોય છે તેના જેવી કાલ પ્રત્યે આપણી દૃષ્ટિ છે! — આપણે પોતાને ઉપયોગી હોય એટલા જ કાલને ગણનામાં લઈ બાકીની શાશ્વતિને આપણે કોરે મૂકીએ છીએ.

કાલનું આપણું જ્ઞાન કેટલું અપૂર્ણ, કેટલું સાપેક્ષ હોય છે?

એક નગરથી બીજે નગર જતાં જે શહેર આપણે વટાવીએ છીએ તે "ભૂત કાલમાં" ગતિ કરે છે. અને હજી નહિ આવેલું શહેર "ભવિષ્યમાં" હોય છે! આ પ્રકારનું ભાન કેટલું અપૂર્ણ છે. એ અપૂર્ણતાનો ખ્યાલ સનાતન સતત (અવિચ્છિન્ન), કેવલ શાશ્વતિ જ વિશ્વમાં વિસ્તરી રહેલ છે એમ જે જાણી શકે તેને જ આવે.

"જગત એટલે શું?" કાલના અનંત પ્રવાહમાંથી જેને 'વર્તમાન' કહીએ છીએ તેમાં કોણ જાણે કયાંથી આવીને ક્ષણવાર દેખા દઇ અજ્ઞેયમાં અલોપ થઇ જનાર (ક્ષણિક) આવિર્ભાવ તે જ શું "જીવન?" તે જ શું 'જગત' સમજવું? જાણે, કોઠીમાંથી ફૂટતી છૂટા છૂટા તણખાની બનેલી, છતાં સતત દેખાતી, ધારા. એ સાતત્યનું ભાન પણ કેવલ ભૂલ જ;–કારણકે ક્ષણે ક્ષણે સ્ફુલિંગ જૂદો જ હોય છે! અને જે સાતત્ય આપણે જાણીએ છીએ તેનું જ્ઞાન પણ કેવું છે? એક અંધ માણસ જેમ કોઇ અનંત ભીંતના જે ભાગને પોતે સ્પર્શ કરે અને તેને "વર્તમાન" કહે તેના જ્ઞાનના જેવું અત્યારે આપણું કાલનું જ્ઞાન છે!

સામાન્ય માનવચેતનાની પરિમિતતાઓથી મુક્ત એવા કોઇ પરચૈતન્યનો ખ્યાલ મનમાં કરો. એવા સતને આપણું જગત કેવું લાગશે? તે એકીવખતે ભૂત અને ભવિષ્યને જોઇ શકશે. ચારે બાજુથી દિશાને પોતાના ચૈતન્યમાં ધારણ કરશે. અર્થાત્ આગળનું અને પાછળનું – ભૂત અને ભવિષ્ય એકી સાથે જાણી શકશે "વર્તમાન એવો કાલ જ કયાં છે?" તમે 'વર્તમાન' એ શબ્દ ઉચ્ચારો છો એટલામાં તો તે "ભૂત" થઇ ગયેલો હોય છે. આપણા કાલના ભાનમાં '**દિશા**' અને '**ગતિ**' બેનો સમાવેશ થાય છે.





શાશ્વતિ (Eternity) એટલે શું? કાલનો અનંત પટ તે શાશ્વતિ નહિ – પરંતુ કાલને કાટખૂણે આવી રહેલું માપ. અર્થાત્ ખરું જોતાં, પ્રત્યેક ક્ષણ અનંત છે! પ્રત્યેક ક્ષણ શાશ્વત છે!

પરંતુ માનવ તરીકે આપણું ચિત્તંત્ર મર્યાદિત છે: જેવી આપણી ચિત્તંત્રની ભૂમિકા તેવું આપણું કાલમાન અને દિશામાન. જમીન ઉપર ચાલતો માણસ પાછળ મૂકેલા કે આગળ આવનારા શહેરને નહિ જોઇ શકે. પરંતુ ઉંચા પર્વત ઉપર ઉભેલો માણસ બન્ને શહેરોને એકી વખતે જોઇ શકશે. બે આગગાડીઓ સામસામે અથડાય એવી રીતે ગતિ કરતી હોય અને તેના હાંકનારાઓ, એ ભાવિની અનિવાર્ય ઘટનાને ન જાણતા હોય પરંતુ તેમને સામસામી ધસતી જોનાર તટસ્થ માનવ એ ઘટનાને આગળથી જાણી શકે; અને શકે તો, અટકાવવા પ્રયત્ન પણ કરે!

આ પ્રમાણે કાલનાં સામાન્ય, મર્યાદિત, ચૈતન્યથી મુક્ત થયેલા માનવને અસ્ત અને ઉદય, દિન અને રાત્રિ, જન્મ અને મૃત્યુ – એકી વખતે બનતાં દેખાય એ સ્વાભાવિક જ છે. એવાને માટે કાલની અલ્પ ક્ષણ વિસ્તાર પામે છે.

માનવનું ચૈતન્ય એ વિસ્તારને પ્રાપ્ત કરી શકે એવી સ્થિતિ મેળવવી શક્ય છે? એ પ્રશ્ન આગળ ઉપર જોઇશું.

## [ ૫ ]

આગળ આપણે જોઇ ગયા કે કાલમાન એ પદાર્થ માપવાનું ચોથું માન છે; કારણકે ઘન પદાર્થથી તે સ્વતંત્ર છે, અને તેમાં જગતના પદાર્થો ગતિ કરે છે. વાસ્તવિક જગત ચોથા

માનમાં આવેલું છે. અને ત્રણ-માનવાળી દિશાનું બનેલું આપણું જગત તે વિશાળ જગતનો એક ખંડ માત્ર છે. બેર્ગસાં પણ કહે છે કે આપણાં બધાં ય ભૌતિકશાસ્ત્રો "t" નો—કાલનો—અભ્યાસ કરે છે! એટલે કે જગતની એક ક્ષણને જૂદી પાડીને તેટલા ખંડ કાલમાં સમાયેલા જગતનો અભ્યાસ જ તે કરે છે.

પરંતુ એ ચતુર્થ—દિશામાન કેવું હશે? તેના ધર્મો શા? એનો ઉત્તર વિસ્તારથી આગળ ઉપર અપાશે. હમણાં તો તેની શકયતાના સ્વીકારની અગત્ય ઉપર જ આપણે ભાર મૂકીશું. માનવ ઇન્દ્રિયોથી ગમ્ય જગત જેમ "છે" તેવી જ રીતે અતીન્દ્રિય જગત પણ "છે" એ આપણે સ્વીકારવું જોઇએ. એ શકયતાનો સ્વીકાર કર્યા વિના ચતુર્થ—દિશામાન જાણવાનો પ્રયોગ પણ શકય નથી, અને આપણી ઇન્દ્રિયોને સાબિતી પણ મળી શકે તેમ નથી. આરંભમાં બુદ્ધિ એ શકયતાનો સ્વીકાર કરે એ જરુરનું છે. સામાન્ય રીતે જે પદાર્થો માપી શકાય, જેનું ચોક્કસ માપ હોય, તેવા જ પદાર્થોને આપણે "છે" એમ કહીએ છીએ. પરંતુ માન યાને માપ એ કાંઇ પદાર્થની "સત્-તા"નું —હયાતિનું—સાચું ધોરણ નથી. એ ધોરણ તો ઘણું જ ગ્રામ્ય, ઘણું જ અપૂર્ણ છે. આપણી પ્રમાશક્તિ—માનશક્તિ ઘણી જ મર્યાદિત છે. જેનું માન કાઢી શકાય છે તે જેમ સત્ છે તેવી જ રીતે અમાપ—અપરિમેય—પણ સત્ છે (તે પણ "છે") અને પ્રમેય પદાર્થના કરતાં કદાચ વધારે વાસ્તવિક તેનું સત્ છે.

અત્યારે આપણે એ ચતુર્થ—દિશામાનનું અસ્તિત્વ કેમ જાણી શકતા નથી? એ પ્રશ્નનો ઉત્તર આગળ અપાઇ ગયો છે. માનવની ભૂમિતિ ઘણી જ મર્યાદિત છે. ચતુર્થ દિશામાનની ગણત્રી





કરવા માટે તે પૂરતી નથી. બિંદુ : રેખા :: ત્રીજુંમાન : ચતુર્થમાન: આ પ્રમાણ માંડવાથી ત્રણ અને ચાર દિશામાનના પદાર્થોનો સંબંધ કાંઇક સમજી શકાશે. બિંદુમાં રહીને જેમ રેખાનો તથા ક્ષેત્રનો યાને સપાટીનો ખ્યાલ જ ન આવી શકે તેવી રીતે ત્રણ દિશામાં રહી ચતુર્થનો ખ્યાલ ન જ આવે.

પરંતુ, એનો અર્થ ત્રણ—દિશામાન અને ચાર દિશામાન. બન્નેમાં મળતું જ્ઞાન જૂદી જૂદી દિશાનું છે એવું સમજવાનું નથી. એ બે દિશાજ્ઞાનના પ્રકારો દિશાના સ્વતંત્ર વિભાગોનું જ્ઞાન મેળવે છે એમ માનવું સાચું નથી. દિશા તો એક જ છે—તે અનંત છે એક જ જગત અને એક અનંત દિશાને આપણા ચિત્તંત્રમાં ધારણ કરવાની બે પદ્ધતિને (યાને, પ્રકારોને) આપણે "ત્રણ" કે "ચાર" દિશામાનની પદ્ધતિ કહીએ છીએ.

ચતુર્થ દિશામાનની શકયતા સિદ્ધ કરે એવા થોડાક ઘણા સાદૃશ્યના પુરાવા જોઇએ. જમણો અને ડાબો હાથ ઘણા ખરા માણસોના સરખા જ હોય છે. પરંતુ તે છતાં જમણા હાથનું * મોજું ડાબા હાથમાં નહિ આવે! કારણ? દિશામાનનો ભેદ: એ હેરફેર કરવા માટે મોજાને ઉલટાવી નાંખો. અર્થાત અંદરનો ભાગ બ્હાર કાઢો. તો પછી જમણાનું ડાબે પહેરી શકશો. ચતુર્થ દિશામાનમાં ચૈતન્યને લઇ જવા માટે તેની પણ એવી જ ઉલટપાલટ (ઉલટાસુલટી) કરવી પડે એ તદ્દન સંભવિત છે.

એક કાગળની કાપલી લઇને તેના ઉપર જૂદી જૂદી દિશાનાં બિંદુઓ મૂકો; અથવા તો તેના ઉપર જૂદી જૂદી તારીખો લખો.

* પગનાં મોજાનું દૃષ્ટાંત પણ બંધબેસતું થાય.

જે પ્રાણી કાગળની સપાટીમાં જ રહેતું હશે, તેને એ બધી વસ્તુઓ જૂદી જૂદી જ લાગશે. પરંતુ ત્રણ દિશામાનનું જેને ભાન હશે તે એ કાગળને વાળીને દિશાનાં ચારે જૂદાં જૂદાં બિંદુઓને એક જ બિંદુમાં એકત્ર કરી શકશે. કાગળને એ પ્રમાણે વાળવાની શક્યતા જ પેલા દ્વિમાની પ્રાણીના (સપાટીમાં જીવતા) ચૈતન્યમાં હોતી નથી. તેની દિશામાં તો ફક્ત બે જ દિશામાનો હોય છે!

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે જ્યાં સુધી ચતુર્થ દિશામાનની શક્યતા માનવ ન સ્વીકારે ત્યાંસુધી તેને પણ તેની પ્રયોગાત્મક સાબિતી મળવી સંભવિત નથી.

માનવ પોતે પણ, – પદાર્થની પેઠે, કાલમાં ગતિ કરે છે. – અર્થાત્ તેનામાં વિકાર થાય છે – અને તેમ છતાં માનવમાં કોઇ તત્ત્વ 'સમાન' અને અવિકારીરૂપે, સતત હાજર હોય છે. જીવનભર વિધવિધ વિકારો થયા કરવા છતાં કોઇ એક તત્ત્વ માનવમાં કાયમ રહે છે અને તેને પોતાના સાતત્યનું ભાન અર્પે છે. એ સતત એકતા કયા દેહની છે? – લિંગદેહની – નહિ કે સ્થૂલ શરીરની. આપણું સ્થૂલ શરીર લિંગદેહના નમૂના ઉપર રચાયેલું છે. "સ્થૂલ દેહ અવિકારી છે, એકનો એક રહે છે" – એ માન્યતા તદ્દન ગ્રામ્ય છે. સ્થૂલ દેહને બાલ્ય, યૌવન, જરા, આવવા ઉપરાંત પ્રતિક્ષણ તેના અણુપરમાણુઓની, ક્રિયાવિક્રિયા – અને આજુબાજુના પદાર્થો જોડે આદાન – પ્રદાન – આપલે – થયાં જ કરતી હોય છે. અર્થાત્ સ્થૂલ – દૃષ્ટિએ પણ તેની અવિકારીતા કેવલ ભ્રમ માત્ર છે. વળી, આધુનિક ઔષધશાસ્ત્રના નિર્ણય પ્રમાણે દર સાત વર્ષે શરીરના લોહીના અણુએ અણુ





તદ્દન બદલાઇ જાય છે એ હકીકત પણ શરીરની વિકારીતાનો અચૂક પૂરાવો છે.

આમ હોવા છતાં એક જ વ્યક્તિત્વનું ભાન માનવમાં હોય છે તે પણ આપણે જાણીએ છીએ. એ ભાન લિંગશરીરના અસ્તિત્વને આભારી છે, કેમકે તેમાં વિકાર થતો નથી; કાલથી પર હોવાને લીધે તે અવિકારી છે. એ લિંગદેહ સ્થૂલ ઇન્દ્રિયો વડે જોઇ કે જાણી શકાતો નથી.

## [ ૬ ]

ત્રણ – દિશામાન (Dimensions)થી આગળ જઇને ચાર દિશામાનની શક્યતા સ્વીકારવાની અગત્ય આપણે જોઇ. આપણે જે જગતને જાણીએ છીએ તેનું સ્વરૂપ ચૈતન્યની દિશામાન જાણવાની શક્તિના ઉપર રહેલું છે. હવે એ વિષય ઉપર આવીએ

એવું કોઇ પ્રાણી કલ્પો કે જેની ચૈતન્યશક્તિ – ચેતના – ફક્ત બે જ દિશામાનોને જાણી શકે છે. એ પ્રાણીને વૃક્ષની આડો કાપ મૂકીને કાપેલી ટોચો તદ્દન જૂદી વસ્તુઓ રૂપે જણાશે, કારણકે તેના જગતમાં ત્રણ દિશામાન (લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ) નથી. તેને તો ફક્ત લંબાઇ અને પહોળાઇનું જ ભાન હશે.

હવે એના ચિત્તંત્રમાં ત્રણ – દિશામાન ક્યારે પ્રવેશ કરી શકે? જ્યારે તે પોતે તેની શક્યતા સ્વીકારે ત્યારે જ. એટલું જ નહિ પરંતુ એ શક્યતાનો સ્વીકાર કરીને પછી પોતાનું અને પોતાના કરણોનું 'રૂપાંતર' કરે ત્યારે જ તે નવા દિશામાનને જાણી શકે.

પરંતુ જ્યાં સુધી એ દિશામાનમાં તે મર્યાદિત હોય છે,

ત્યાં સુધી તેનું જગત કેવું હશે? ઘણું જ વિચિત્ર. અલબત્ત, આપણી દૃષ્ટિએ, વિચિત્ર પરંતુ એને મન તદ્દન સ્વાભાવિક. બધાય ઘન પદાર્થો એ પ્રાણીને સપાટ લાગવાના! ઘનચોરસ એને ચતુષ્કોણ જ લાગશે!

બે દિવાસળીઓ લઇને તેમને એક જ સીધી લીટીમાં રાખો. હવે તેમાંની એકને જરા આડી કરો, — વાંકીવાળો, જેથી બંને પરસ્પર ખૂણો કરે (પરંતુ — એક જ સીધી લીટીની સપાટીમાં રહીને). બંનેને સામે રાખીને જોશો તો બંને એક જ સપાટીમાં આવેલી માલૂમ પડશે. પરંતુ ઉપરથી જુવો તો? તો જ તમે એ બંને પરસ્પર ખૂણો કરે છે તે જોઈ શકશો! એક જ સપાટીમાં આવી રહેલી બે વસ્તુઓ પરસ્પર ખૂણો કરતી હોય તે જોવા માટે તેનાથી ઉપર જઇને જોવાની જરૂર છે. ત્રણમાન અને ચતુર્થમાનનું પણ કાંઇક એવું જ સમજવું. તેમની પોતાની સપાટી ઉપરથી જોઇશું ત્યાં સુધી દીવાસળીઓનો ખૂણો આપણને જણાશે નહિ.

એક ચતુષ્કોણ લઇને □ તેના ઉપર બેમાન જાણવાવાળા પ્રાણીને મૂકીશું, તો તેના ખૂણાઓને તે "ખૂણા તરીકે" નહિ પરંતુ "ગતિ તરીકે" જાણશે! નિયમિત રીતે ખૂણાઓ આવતાં તેને તે "તાલબદ્ધ ગતિ" જેવા જ લાગશે, કારણકે તેનું ચિત્તંત્ર સપાટીમાં જ બદ્ધ હોવાથી તે ખૂણાને **ખૂણા તરીકે** જાણી શકશે જ નહિ. તેમ થવા માટે ત્રણ દિશામાનવાળી દિશાને જાણી શકે તેવું ચૈતન્ય હોવું જોઇએ. ઘનચોરસ પણ તેને સપાટ લાગશે અને તેની છયે બાજુઓ તેને જૂદી જૂદી સપાટી જ દેખાશે.

વળી 'ગતિમાન' પદાર્થને તે પ્રાણી જાણી જ નહિ શકે! તેને તો ગતિમાન પદાર્થની **સપાટી** જ જણાશે; અને તે પણ





કદાચ "ચમત્કારી" "જીવતી" જણાય — એવો પણ સંભવ છે!

આપણી પૃથ્વી ઘન દડા જેવી છે તે તો આપણે બુદ્ધિ વડે જાણી શકીએ છીએ, પરંતુ તે ગોળગોળ ફરે છે એ હકીકત સ્થૂલ ઇન્દ્રિયો વડે આપણને પણ ક્યાં જણાય છે! બે દિશામાનની શક્તિવાળા પ્રાણીને સ્થિર વર્તુલમાં અને ગતિમાન વર્તુલમાં કશો ભેદ નહિ જણાય!

એક ગોળ પૂંઠું લઇ તેના ઉપર જૂદા જૂદા રંગની લીટીઓ દોરી તે ગોળ ગોળ ફરી શકે એવી રીતે ગોઠવો. હવે બે દિશામાનની શક્તિવાળા પ્રાણીને જ્યારે જ્યારે રંગ બદલાશે ત્યારે ત્યારે 'નવી ઘટના' બનતી લાગશે! 'ભૂરી' પછી 'લાલ' લીટી આવતાં તેને મન ભૂરી "ભૂતકાલમાં" ગયેલી અને લાલ 'વર્તમાનમાં' જણાશે.

તે જ પ્રમાણે જૂદા જૂદા રંગના સળીયાવાળું એક ગોળ ચક્ર લ્યો. એને ચક્કર ચક્કર ફેરવો. અને એક એક સળીયો ફરે તેની સાથે જ કોઇ ઘંટડી વગાડે એવી યોજના કરો. હવે બે દિશામાનમાં રહેવાવાળા પ્રાણીને રંગેલા સળીયાવાળા ચક્રનું અસ્તિત્વ જ નહિ માલૂમ પડે! એ તો દરેકે દરેક સળીયાને છૂટી ઘટના તરીકે જ જોઇ શકશે! જે સળીયો તેની દૃષ્ટિ આગળથી પસાર થયો તે તેને મન ભૂતકાલમાં ગયો! જે દેખાય છે તે વર્તમાનમાં છે, અને જે આવવાનો છે તે ભવિષ્યમાં હશે!

વળી એ પ્રાણી બુદ્ધિવાળું હશે તો દરેક રંગેલી લીટી દેખાવાને સમયે વાગતી ઘંટડી સાંભળીને એ બન્ને વચ્ચે "કાર્ય - કારણ"નો સંબંધ પણ પોતાના મનમાં સ્થાપન કરશે! એવું જ એક બીજું ચક્ર લઇને તેને પહેલા ચક્રથી તદ્દન ઉલટી જ

દિશામાં ચલાવશો તો એ બે વચ્ચેનો ભેદ તે પ્રાણીને બીલકુલ નહિ જણાય! વળી, તેને મન દરેક રંગીન લીટી કે સળીયો દરેક વખતે નવીન જ લાગશે! એકની એક ચક્રગતિ છે એ હકીકત તે જાણી જ નહિ શકે.

અને ખુબી તો એ છે કે આપણા ઉપર કલ્પેલા ચક્રમાં રંગની રેખાઓ નિયમિતપણે આવજા કરતી હશે તેની એ પ્રાણીને ખબર પડી શકશે! અને આપણા ભૌતિકશાસ્ત્રવેત્તાઓની પેઠે, એ પણ પોતાના અભ્યાસ અને અવલોકનને આધારે ભૂરી **પછી** લાલ, **પછી** લીલી આવશે એવી ભવિષ્યવાણી પણ તે ભાખી શકે. એટલું જ નહિ પરંતુ ગણિતની મદદથી કઇ ઘટના કયારે બનશે અને તે સમયે કેવા સંજોગો હશે એ પણ તે કહી શકશે.

અને છતાં ત્રણ – દિશામાનમાં રહેનાર, આપણે જોઇ શકીએ છીએ કે તેનું એ જ્ઞાન કેટલું અપૂર્ણ અને ખોટું છે અને તેનાં કાર્યકારણનાં ધોરણો કેવાં બીનપાયાદાર છે અને ઘટનાઓના ભૂત, વર્તમાન અને ભવિષ્ય સંબંધી તેનો ખ્યાલ કેવો વિચિત્ર છે?

એવા પ્રાણીને આપણા સ્થૂલ – ઘન – શરીરનો કોઇપણ ભાગ સપાટ જ લાગશે; અને આપણી ગતિ તેને “ચમત્કારી” જ લાગશે! “ખૂણો” “લંબ” “મધ્યબિંદુ” Section – વગેરે એવા પ્રાણીની ભૂમિતિમાં હશે જ નહિ.

એક મીણબત્તી અને તેના જ જેટલા વર્તુલનો એક સિક્કો તમે ટેબલ ઉપર મૂકશો તો એ બંને તેને સરખાં જ લાગશે! તેને મન બંને **સમાન** “વર્તુલો” જ હોવાનાં!

આ પરિમિતતામાંથી છૂટવા માટે તેણે પોતાનાં બંધનો તોડીને ત્રણ – દિશામાન વાળી દિશામાં પ્રવેશ કરવો જોઇએ તેમ





થવા માટે ત્રણ – દિશામાનમાં તેણે રસ લેવો જોઇએ; તેને ત્રણ – દિશામાન માટે “જિજ્ઞાસા” થવી જોઇએ. તો જ એનું જ્ઞાન શક્ય છે, અન્યથા નહિ!

ત્રણ – દિશામાનમાં રહેનાર માનવીએ પણ ચતુર્થ – માનની શકયતા સ્વીકારી તેમાં રસ લેવો તથા તેને માટે જિજ્ઞાસા કેળવવી જરૂરની છે. ત્રણ – દિશામાનનાં બંધનો વટાવ્યા વિના ચતુર્થ-માનનું જ્ઞાન મેળવવું અસંભવિત છે.

## [ ૭ ]

પરંતુ મૌલિક પ્રશ્ન એ છે કે “દિશામાન એટલે શું?” અને માનવ ત્રણ જ દિશામાન જાણી શકે છે એમ કેમ?

ગણિત જેવા ચોક્કસ શાસ્ત્રમાં તો પ્રત્યેક સંખ્યા અને પ્રત્યેક માન કોઇ વાસ્તવિક સંબંધનું જ સૂચક હોય છે. ઉદાહરણ તરીકે ધારો કે “અ” એ રેખાનું માપ છે. હવે $અ^{૨}$ એ દર્શાવવા માટે “અ” જેટલી લંબાઇની રેખા લઇને તે ઉપર ચતુષ્કોણ દોરવાનો રિવાજ ભૂમિતિમાં છે. વળી $અ^{૩}$ દર્શાવવા માટે અ લીટી ઉપર ઘન આકાર પણ દોરવામાં આવે છે. પરંતુ આ પદ્ધતિ અપૂર્ણ છે. કારણકે $અ^{૪}$ ને માટે કોઇ પણ આકૃતિ દર્શાવવામાં આવતી નથી. એટલે સંખ્યાના ગુણ પ્રમાણે આકૃતિ દોરીને કોઇપણ માનને દર્શાવવાની પદ્ધતિ તદ્દન અનિયમિત અને સ્વચ્છંદી છે. વળી એ લીટીનું માપ ૫ – ઇંચ ધારીશું તો $૫^{૨}$ = ૨૫ પણ લીટી વડે દર્શાવી શકાય તેમ છે અને $૫^{૩}$ = ૧૨૫ પણ કેવળ લીટી વડે દર્શાવી શકાય.

ઉપરના ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ એ થાય છે કે દિશામાન ગણિતશાસ્ત્રનું માપ નથી.

ખરૂં જોતાં, ભૂમિતિના સ્વીકૃત સિદ્ધાંતો વિશિષ્ટ ચિત્તંત્રના જ ગુણો હોય છે. ઉદાહરણ તરીકે, સાદી સપાટીની ભૂમિતિના સ્વીકૃત સિદ્ધાંતો લ્યો.

૧. બે બિંદુઓ વચ્ચે ટુંકામાં ટુંકું અંતર રેખા છે.

૨. એક આકૃતિ ઉપાડીને, કોઈપણ ગુણના ફેરફાર સિવાય, તેને બીજે સ્થળે મૂકી શકાય છે.

૩. સમાન્તર રેખાઓ કદી મળતી નથી. વગેરે વગેરે.

હવે એક ઘન ગોળો લેશો તો તમને જણાશે કે તેમાં પહેલો અને બીજો સિદ્ધાંત સાચા છે, પરંતુ ત્રીજો નહિ. કારણકે ગોળાના મધ્યમાં આવેલા રેખાંશ ધ્રુવ આગળ એકઠા મળે છે છતાં વિષુવવૃત આગળ સમાન્તર હોય છે! સપાટીની ભૂમિતિમાં પહેલો ખરો છે, પરંતુ બીજો નહિ; કારણકે સપાટીને ઉપાડી લેતાં તેના ગુણોમાં ફેર પડવાનો.

એટલે કે યુક્લિડની અને તેનાથી પણ જૂદા પ્રકારની સ્થૂલ ભૂમિતિઓનો અભ્યાસ કરેથી નહિ ચાલે. આપણે સૂક્ષ્મ ભૂમિતિનો અભ્યાસ કરવો જોઇએ, એ ભૂમિતિનો મુખ્ય સિદ્ધાંત એ છે કે ત્રણ – દિશામાનમાં સમાતી દિશા એ ચાર દિશામાનવાળી દિશાનો જ એક ખંડ માત્ર છે. ત્રણ – દિશામાનમાં આપણે જેને બિંદુ કહીએ છીએ તે ચાર દિશામાનમાં આવેલી રેખાનો જ ભાગ છે.

આટલી વિચારણાને અંતે પાછો પ્રશ્ન તો રહે છે જ કે "દિશામાન એટલે શું?" તે ગમે તે હોય, પરંતુ માનવ ત્રણ – દિશામાનવાળી દિશાને જ જાણી શકે છે એ હાલ તો તદ્દન





સાચું છે. ત્રણ – દિશામાનવાળા હોવું એ બાહ્ય જગતનો ગુણ હોય એ બનવા જોગ છે.

પરંતુ ત્રણ – દિશામાન એટલે શું? આપણે જાણતા નથી. ૧. કાંતો, તે માનવના ચિત્તંત્રનો ગુણ છે, અર્થાત્ જગતના આપણને થતા જ્ઞાનનો ગુણ હોવો જોઇએ. ૨. યાતો, બાહ્ય જગતનો પોતાનો જ ગુણ હોવો જોઇએ.

ઊંડા ઉતરતાં આપણને જણાશે કે દિશાના સર્વે ગુણો – (ધર્મો) ચૈતન્યમાં જ આવી રહેલા છે, માટે ઉપરના પ્રશ્નોના ઉત્તર આપણે અંતરમાંથી જ મેળવવા જોઇએ.

અને જો ત્રણ – દિશામાનવાળી દિશાની એ મર્યાદા આપણા ચૈતન્યની જ મર્યાદા હોય યાતો તેને જ આભારી હોય તો, આંતર ચિત્તંત્રની એ મર્યાદાને વટાવીને જ ઉર્ધ્વ દિક્ભાગનું જ્ઞાન આપણે મેળવી શકીશું. એટલેકે દિશાનું ચતુર્થમાન પ્રાપ્ત કરવા માટે માનવે પોતાના ચૈતન્યમાં પરિવર્તન કરવું જરૂરનું છે.

ચૈતન્યનો અભ્યાસ કરવાથી દિશાનું ઉચ્ચતર માન આપણે શોધી કાઢી શકીશું; અંતરમાં તે મળશે – બ્હાર નહિ.

## [ ૮ ]

"માત્રા સ્પર્શ" (ઇન્દ્રિયજન્ય સંસ્કાર – Sensation) એટલે શું?

ચિત્તંત્રમાં થતો પ્રાથમિક વિકાર. જ્યારે ઇન્દ્રિયો દ્વારા "સંસ્કારરૂપી વિકાર આપણામાં થાય છે ત્યારે એ વિકાર બ્હારના જગતમાં થતી કોઇ ઘટનાને કે વિકારને આભારી છે એમ

આપણે માનીએ છીએ."

માત્રાસ્પર્શનું – ઇન્દ્રિયજન્ય સંસ્કારનું, સ્મરણ માનવના ચિત્તંત્રમાં સ્થાયી રહે છે. એવા સ્મરણનો સમૂહ મળીને "ઇન્દ્રિય સંસ્કારજન્ય વિચાર" ( Perception ) થાય છે. વૃક્ષ તરીકે આપણે જે જ્ઞાન મેળવીએ છીએ તે ઈન્દ્રિયો વાટે આપણામાં ઉત્પન્ન થતા સંસ્કારના વિધવિધ "સ્મરણો"નો સમૂહ હોય છે.

"માત્રાસ્પર્શથી" થતા જ્ઞાનના સ્મરણો ભેગા થઇને – એવાં સ્મરણો પરસ્પર સંમિશ્ર થઇને તેને પરિણામે "બુદ્ધિ ગમ્ય – જ્ઞાન" પેદા થાય છે. વિચાર એ સૂક્ષ્મ બુદ્ધિનો વ્યાપાર છે.

માનવભાષા ઘણું જ પરિમિત અને પાંગળું વાહન છે. આંતર દશાને તે યથાર્થ પ્રગટ કરી શકતું જ નથી! તેટલા માટે કેવળ શબ્દોના પ્રયોગો દ્વારા જે કાર્ય થઈ શકે તેમ નથી તે કવિતા – સંગીત – કલા વગેરે મારફત કરવાનો પ્રયત્ન માનવ કરે છે. વિચારો પણ માનવની પોતાની નિકટ, ગાઢ, ગૂઢ અને કેવલ અંગત, આંતર સ્થિતિને પ્રગટ કરી શકતા નથી; કવિતા વડે વિચાર ભાવ અને તે ઉપરાંત કોઇ અનિર્વચનીય તત્ત્વ કવિ માનવને આપે છે.

સામાન્ય માનવમાં માત્રાસ્પર્શ વડે મળતું જ્ઞાન તથા બુદ્ધિ-ગમ્ય જ્ઞાન હોય છે. કોઈ કોઇ વ્યક્તિને કવિતા, ભાવના, કલા વગેરેની પ્રેરણા પણ મળે છે.

હવે દિશાનાં ત્રણ માન જો આપણા આંતર ચિત્તંત્રનો ગુણ હોય તો આપણે પ્રયોગ કરીને તેનાથી પર થવું જોઇએ. અર્થાત્ સંકલ્પપૂર્વક ત્રણ માનથી પર જે દિક્ભાગ છે તેમાં ઉર્ધ્વગતિ કરવાની શક્તિ માનવે પ્રાપ્ત કરવી જોઇએ, યાતો અત્યારે તેનામાં





દિશાગ્રાહક જે શક્તિ છે તેમાંથી કેટલીક બાતલ કરીને તેનું પરિણામ પ્રયોગ વડે તપાસવું જોઈએ.

આપણી આજુબાજુના જગતમાં દિશામાનનું જ્ઞાન નીચે પ્રમાણે જણાય છેઃ—

૧. જે પ્રાણી ફક્ત ઇન્દ્રિજન્ય સંસ્કારો જ ગ્રહણ કરી શકે છે તેનું દિશામાન રેખા જ હોય છે.

૨. જે પ્રાણી ઈન્દ્રિય સંસ્કારજન્ય જ્ઞાન મેળવી શકે છે તેની દિશામાં બે દિશામાનો છે.

૩ જે પ્રાણી ( દા. ત. માનવ ) બુદ્ધિજન્ય વિચાર કરી શકે છે તેની દિશા ત્રણ માનવાળી હોય છે

જનાવરોમાં કાર્યકારણ સાધક સમજણના અર્થમાં બુદ્ધિ નથી, પરંતુ અંધપ્રેરણા (Instinct) હોય છે. એ અંધપ્રેરણા પ્રતિસંસ્કારદ્વારા કાર્ય કરે છે (Reflex). એ પ્રતિસંસ્કારનું મૂળ કારણ શરીરના પુટોમાં ઉત્તેજનના (Irritability) થાય છે તે હોય છે. બ્હારના કોઇ પણ આઘાત પ્રત્યે, ગતિરૂપે પ્રતિકાર્ય કરવું એનું નામ ઉત્તેજના. પરંતુ એ પ્રમાણે બાહ્ય આઘાત પ્રત્યે પ્રતિકાર્ય કરવાની ઉત્તેજના શક્તિ સ્થાયી અને અવિકારી હોતી નથી. પ્રત્યેક પ્રાણીમાં તે અમુક હદ સુધી વધતી જાય છે, પરંતુ આગળ જતાં શિથિલ થાય છે, તથા "શ્રમ" એટલે ( Fatigue ) "થાક"ની લાગણી – અનુભૂતિ ઉપજાવે છે.

અંધપ્રેરણા (Instinct)ને પરિણામે પ્રાણી જે કાર્ય કરે છે તે બંધા જીવનની જરુરીઆતને આભારી હોય છે. પ્રાણી બુદ્ધિપૂર્વક તે કાર્યોની પસંદગી કરતું નથી, યા તો તે કાર્યોનો

ઉદ્દેશ તેના જાણ્યામાં હોતો નથી. ઇન્દ્રિયોના સંસ્કારને અંતે તેને સુખદુઃખની અનુભૂતિ થાય છે તે પણ ધન અને ઋણ (Positive and Nagative) વિદ્યુતના જેવી યાંત્રિક હોય છે. અલબત, સુખની અનુભૂતિ તેને આકર્ષે છે જ્યારે દુઃખની તેને દૂર ઠેલે છે. એમાં પણ પ્રાણી જ્ઞાનપૂર્વક સુખની પસંદગી કરતું નથી.

માનવમાં પણ ઘણી ક્રિયાઓ આપોઆપ થાય છે તે બધી અંધપ્રેરણા વડે થતી નથી. આ દૃષ્ટિએ જોતાં કેટલીક શક્તિઓને પોતાનામાંથી પસાર કરનારા યંત્ર તે માનવ એમ લાગે છે! બાહ્ય જગતમાંથી જેવા સંસ્કાર તેની ઇન્દ્રિયો પર પડે છે તેવું પ્રતિકાર્ય ( Reaction ) તેનામાં પસાર થાય છે. આ બાબતમાં માનવ જડયંત્ર જેવો (Automaton) આપોઆપ જ પ્રવર્તતો જણાય છે.

પરંતુ માનવ બુદ્ધિપૂર્વક અને સંકલ્પપૂર્વક કાર્યો પણ કરે છેઃ — અલબત્ત, આગળ વધેલો, ઉચ્ચ પ્રકારનો માનવ તે પ્રમાણે કરી શકે છે એ સાચું. માનવ અને પ્રાણી વચ્ચે જે મહાન ભેદ છે તે એ જ છે. પોતાના અનુભવોનો અને માત્રાસ્પર્શજન્ય જ્ઞાનનો ઉપયોગ કરીને માનવ "જ્ઞાન" મેળવી શકે છે, નવીન સિદ્ધાન્તો તારવી શકે છે; અને અનેક ઘટનાઓને લાગુ કરી શકાય એવા સર્વમાન્ય ધોરણો, મંતવ્યો, સિદ્ધાન્તો બુદ્ધિની મદદ વડે જાણી શકે છે. આ સઘળી ક્રિયાઓમાં વિચારશક્તિ પ્રધાન હોય છે. એ મનોમય શક્તિમાં જ માનવની વિશિષ્ટતા રહેલી છે.





[ ૯ ]

પ્રત્યેક પ્રાણીનું જગત જૂદું હોય છે કૂતરા બિલાડાનું જગત તે ગોકળગાયનું જગત નથી, — માનવનું તેમનાથી જૂદું છે.

કાલનું ભાન પણ પ્રત્યેક પ્રાણીને જૂદું જૂદું જ થતું હોવું જોઇએ. પ્રાણીઓ રોજ પ્રાતઃકાળે તદ્દન નવો સૂર્ય નિહાળે છે, માનવીને જેમ પ્રતિદિન "ઉષા" અને પ્રતિ વર્ષ વસંત "નવી" લાગે છે તેમ. આપણે માનવી એવા અપૂર્ણ છીએ કે ઉષા અને વસંત એક જ છે તે જાણી શકતા નથી!

કોઇ પૂછે કે "દિશાનું ઉપર જણાવ્યા પ્રમાણે ઘણું જ અપૂર્ણ જ્ઞાન હોવા છતાં જનાવરો આપણા જગતમાં અકસ્માતનો ભોગ થયા વિના કેવી રીતે જીવે છે?" એનો ઉત્તર સરલ છે. તેઓનામાં કાર્ય કરતી અંધપ્રેરણા ( Instinct ) તેમને બચાવે છે. પરિણામે જીવન સંરક્ષણના કાર્યમાં તેમને બુદ્ધિની જરૂર પડતી નથી.

હવે પ્રાણીઓનું જ્ઞાન ઉપર જણાવ્યા પ્રમાણે મર્યાદિત છે એમ માનવાને આપણી પાસે શા પૂરાવા છે? — એ સવાલ તપાસીએ. કાગળનો દડો યાતો તેની પોતાની જ પૂંછડી હલાવતાં બિલાડીનું બચ્ચું તેને પકડવા દોડે છે; કારણ? તે જીવતું છે એમ માને છે તેથી. ઘોડો ઝાડમાં થતા અવાજથી કે પવન જોરથી ફૂંકાવાથી ભડકે છે, – કારણકે તેને તે જીવતાં માને છે. દોડતી ગાડીને જોઇને કૂતરો ભસે છે, કારણકે તેને તે સજીવ જણાય છે.

પ્રાણીઓને ત્રણ – દિશામાનનું જ્ઞાન હોઇ જ ન શકે, કારણકે

તે થવા માટે બુદ્ધિની અને વિચારશક્તિની જરૂર છે. વાચાનો પ્રયોગ કરવાની શક્તિ પણ તેને માટે આવશ્યક છે.

ઉપરની દલીલોથી જોઇ શકાય છે કે જેવું પ્રાણીનું ચિત્તંત્ર તેવું તેનું દિશામાન અને દિશાનું જ્ઞાન: જગતનું જ્ઞાન: અને એ પ્રાણીઓનાં જગત જૂદાં જૂદાં હોય તે તદ્દન સંભવિત છે.

માનવની ત્રણ – દિશામાન વડે પરિમિત થયેલી દિશા, ખરું જોતાં, તેના (સૂક્ષ્મદેહને) ચિત્તંત્રને જ આભારી છે. અને દિશાને ગ્રહણ કરનારી ચૈતન્યની શક્તિ નિરાળી જ હોય તો પછી, ત્રણ – દિશામાનથી પર રહેલી એવી દિશાને ગ્રહણ કરી શકે એવાં (સત્ત્વો) શા માટે ન હોઈ શકે? માનવમાં અત્યારે જે દિશા-ગ્રાહક શક્તિ છે તેનાથી ઉચ્ચ પ્રકારની શક્તિ કેળવી શકાય તો ત્રણ – દિશામાનથી પર એવું દિશાનું જ્ઞાન માનવને પણ થઈ શકે.

કોઇને ભય થશે કે "આ ત્રણ – દિશામાનથી મુક્ત થઇશું ત્યારે આ ત્રણ – દિશામાનમાં રહેલા જગતનું શું થશે?" પરંતુ એવો ભય રાખવાનું કારણ નથી, કારણકે જ્યારે એ ચતુર્થ દિશામાનની અનુભૂતિ થશે ત્યારે ત્રણ દિશામાનવાળી દિશા હતી જ નહિ – એ અનુભૂતિ કેવળ માયારૂપ હતી – એવું આપણને સ્પષ્ટ જણાશે. ત્યારે આપણને જણાશે કે દિશાનું એ જ્ઞાન તદ્દન મિથ્યા – અપૂર્ણ, માયા હતું.

અનંતતા એ જ માત્ર સત્ય છે! ફક્ત અનંતતા જ વાસ્તવિક છે! અનંતતા એ સૂક્ષ્મ, અશરીરી બુદ્ધિવાદ, યાતો તેણે ઉડાવેલો માત્ર બુટ્ટો નથી પરંતુ નક્કર હકીકત છે!





## [ ૧૦ ]

અત્યારે પણ આપણા પરિમિત જગતથી પર ચતુર્થ – દિશામાન આવી રહેલું છે. પરંતુ આપણે તેને જોઇ કે જાણી શકતા નથી. તેને જોવાનો ઉપાય શો? એવો પ્રશ્ન થવાનો સંભવ છે.

એ રીતે આપણે તેના વિષે જાણી શકીએ. ૧. સ્વાનુભૂતિથી – અર્થાત્ ચતુર્થ – માન જાણવાની શક્તિ આપણા ચૈતન્યમાં ખીલવીને. ૨. બુદ્ધિ વડે, સાદૃશ્યનો (Analogy) ઉપયોગ કરીને ચતુર્થ – દિશામાનના ગુણોનું અનુમાન દોરીને.

કાલનું ભાન પણ ખરૂં જોતાં અપૂર્ણ દિશાભાન જ છે. વિશ્વને આપણે સીનેમેટોગ્રાફનું – ચલિતચિત્રનું રૂપક આપીએ અને કોઇ પૂછે કે એ ચિત્રો અને ચિત્રદર્શન માટે જરૂરનો દીવો કયો? તો કહી શકાય કે ચિત્રદર્શનનો પડદો (જવનિકા) તે આ જગત; માનવનું ચૈતન્ય તેનો પ્રકાશક દિપક; અને આંતર ચિત્તંત્ર અને તેના વ્યાપારો એ ચિત્રો.

આપણે જેને ઇન્દ્રિયજન્ય માત્રાસ્પર્શ યાને સંસ્કાર કહીએ છીએ તે ખરૂં જોતાં ચતુર્થ – દિશામાનમાં થતી ગતિ છે. પણ એ બધા અનુભૂતિના વ્યાપારો જીવનમાં – પ્રાણમાં બને છે. એટલે સ્વાભાવિક પ્રશ્ન એ થાય છે કે જીવન એટલે શું?

એ પ્રશ્નોનો ઉત્તર ભૌતિકશાસ્ત્રોએ આપ્યો નથી. જીવન એ કોઇ વ્યાખ્યાતીત અજ્ઞાત તત્ત્વ છે. જડ પદાર્થ અને સચેત પિંડ વચ્ચે ભેદ છે એ તો સ્પષ્ટ છે. જીવનનું એક લક્ષણ પ્રજોત્પાદક શક્તિ છે. અર્થાત્ જડયંત્રની ગતિમાં અને જીવનની

ગતિમાં સમૂલો ભેદ છે. હજિસુધી કૃત્રિમ ઉપકરણો વડે જિવન ઉત્પન્ન કરી શકાયું નથી. એ જિવન, ખરૂં જોતાં, ચતુર્થ – દિશામાનનું જ વર્તુલ છે.

એ ચતુર્થ – દિશામાનમાં કાલ જૂદો હશે. એમાં સર્વે પદાર્થો શાશ્વત હશે.

કાલ અને દિશામાંથી દૂર કરીને કોઇપણ પદાર્થનું સ્વરૂપ નિહાળો. શું જણાય છે? જણાશે કે વિશિષ્ટ વૃક્ષ તે વિશિષ્ટ વૃક્ષ જ નહિ, પરંતુ સમસ્ત વનસ્પતિના પ્રાણ સ્વરૂપ છે! અમુક માનવ તેના અંગત દેહરૂપે નહિ પરંતુ સમગ્રમાનવજાતિ સ્વરૂપે શાશ્વત જણાશે.

[ ૧૧ ]

ઘણા લોકો "પદાર્થતત્ત્વ" – "પદાર્થતત્ત્વ" કહે છે. તેના મૂળમાં શું આવી રહેલું છે? બરાબર જોઇશું તો તેના મૂળમાં "માયા" યાને "ભ્રમ" આવી રહેલો જણાશે. માત્રા-સ્પર્શ વડે પ્રાપ્ત કરેલું જ્ઞાન એ જ પદાર્થતત્ત્વના જ્ઞાનનો પાયો છે. આપણે આગળ જોઇ ગયા કે ત્રણ – દિશામાન વડે પરિમિત થયલા જગતનું જ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન નથી. પદાર્થતત્ત્વનું જ્ઞાન આપણને ત્રણ – દિશામાનમાં થતું હોવાથી તે વાસ્તવિક હોઇ શકે નહિ. પ્રત્યેક પરિમિત – સાંત – વસ્તુ માયા છે કારણકે અનંત એ જ એકમાત્ર વાસ્તવિકતા છે.

પ્રખ્યાત જર્મન ગણિતશાસ્ત્રી **આઇનસ્ટાઇને** પોતાના સાપેક્ષવાદમાં "ગતિમાન કોઇપણ પદાર્થનો પોતે વિભાગ –(અંગ)





હોય એવો કોઇપણ દૃષ્ટા તે પદાર્થમાં બનતી ઘટનાઓમાં ગતિને પરિણામે થતા ફેરફારો કદી જોઇ કે જાણી શકે નહિ" એમ સિદ્ધ કરેલું છે. એટલે કે પૃથ્વી ઉપરનો કોઇ પણ સમાલોચક તેની સીધી લીટીમાં થતી નિયમિત ગતિને પરિણામે થતા કશા ય ફેરફારો તેના ઉપર બનતી ઘટનાઓમાં જોઇ શકશે નહિ. ઘટ-નાઓનો અભ્યાસ ગમે તેટલો કરવાથી પણ જે પદાર્થ ઉપર ત ઉભો છે તે ગતિ કરે છે કે સ્થિર છે તે દૃષ્ટા કદી પણ જાણી શકે તેમ નથી.

કેટલીક વાર "કાલ વહી જાય છે" એમ કહેતાં માણસોને સાંભળીએ છીએ. એ કથન એ અક્ષરે અક્ષર લઇએ તો સાચું નથી; કાલ નથી વહેતો, આપણે વહી રહ્યા છીએ. અને નહિ વહેનાર, સ્થિર કાલ એ જ ચતુર્થ દિશામાન!

[ ૧૨ ]

પરંતુ અહિં ઘટનાઓનો અભ્યાસ કરવો પ્રાપ્ત થાય છે, કારણકે ઘટનાઓ એક જ પ્રકારની નથી હોતી. સામાન્ય દૃષ્ટિએ પણ આપણને તેના ત્રણ પ્રકાર જણાય છે. (૧) સ્થૂલ, એટલે કે જડ ગણાતા પદાર્થોમાં બનતી – પદાર્થવિજ્ઞાન (Physics) અને રસાયનશાસ્ત્ર (Chemistry જેમનો અભ્યાસ કરે છે તે; (૨) જિવનની ઘટનાઓ:—વનસ્પતિ અને જિવનશાસ્ત્ર તેમનો અભ્યાસ કરે છે; (૩) સૂક્ષ્મ દેહમાં બનતી ઘટનાઓ – વિચારો, લાગણીઓ, માત્રાસ્પર્શો વગેરે.

પહેલા પ્રકારની ઘટનાઓનો અભ્યાસ કરવાનું કરણ માનવની

ઇન્દ્રિયો અને તેમને સહાય કરનાર યંત્રો, ઉપકરણો – જેવાંકે ટેલેસ્કોપ – દૂરબીન – Microscope – સૂક્ષ્મદર્શકયંત્ર – Spectroscope – વર્ણભેદક યંત્ર – સર. જગદીશનાં અત્યંત નાજુક યંત્રો વગેરે વગેરે છે.

બીજા પ્રકારની ઘટનાઓને સીધે સીધી ઇન્દ્રિયો વડે જાણી શકાતી નથી, પરંતુ પ્રજનનશક્તિ વડે તેને ઓળખી શકાય છે.*

ત્રીજા પ્રકારની ઘટનાઓને સ્વાનુભવથી જાણી શકીએ છીએ, યાતો સાદૃશ્ય ( Analogy ) વડે, વાચાના પ્રયોગ દ્વારા કે તેના કાર્યો વડે જાણી શકીએ છીએ.

પ્રત્યેક પ્રકારની ઘટનાઓનો અભ્યાસ કરતાં આપણને જણાય છે કે સ્થૂલ ઘટનાઓમાં જે શક્તિઓ પ્રગટ થાય છે તેમનું એકમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર કરી શકાય છે. ઉષ્માને વિદ્યુતમાં, વિદ્યુતને યાંત્રિક કાર્યમાં, કાર્યને ઉષ્મામાં, યાતો ઉષ્માને જ્યોતિમાં જ્યોતિને રસાયનિક શક્તિમાં ફેરવી શકાય છે. પરંતુ ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં, સ્થૂલ ઘટનાઓમાં વ્યક્ત થતી શક્તિનું જિવનશક્તિમાં સીધેસીધું રૂપાંતર કરવું શકય નથી. સજિવ કોઇ પિંડ કૃત્રિમ યાંત્રિક ઉપાયો વડે ઉત્પન્ન કરી શકતો નથી.

પરંતુ, હવે બીજી બાજુ તપાસીએ. જિવનમાં અનેકવિધ કાર્યોમાં જે શક્તિ પ્રગટ થાય છે તે સ્થૂલ શક્તિના સ્વરૂપમાં રૂપાંતર પામે છે. ઉદા. તરીકે માનવ ગતિ કરે છે, ત્યારે તેના શરીરમાં ઉષ્મા પેદા થાય છે. એ પ્રમાણે અનેક ઉદાહરણોમાં જોઇ શકાય છે.

* Other characteristics of life.





એક ડગલું આગળ જઇએ. અવલોકન કરતાં જણાય છે કે મનની સૂક્ષ્મ શક્તિઓ જિવન શક્તિનું અને સ્થૂલ શક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. દાખલા તરીકે કામના લ્યો. કામના એ અશરીરી સૂક્ષ્મ શક્તિ છે, અને જિવન શક્તિના મૂલમાં તે આવી રહેલી છે. પરંતુ કામના એ શી ચીજ છે? આપણા ચિત્તંત્રની તે એક ક્રિયા છે! પરંતુ જ્યારે એ કામના પ્રગટ થઇ સ્વરૂપ લે ત્યારે ? — સમુદ્રના વહન માર્ગો પલટાઈ જાય છે, — પર્વતોના ચૂરેચૂરા થાય છે – મહાસાગરો પરસ્પર જોડાઇ જાય છે!

આ પ્રમાણે જોતાં સ્પષ્ટ થાય છે કે પદાર્થમાં ગતિ – આંદોલન, વિદ્યુત વગેરે બલવાન સ્થૂલ શક્તિઓ રહેલી છે તે છતાં, તેનામાં જિવન ઉત્પન્ન કરવાની શક્તિ નથી. સ્થૂલ શક્તિ કરતાં જિવન શક્તિ એ વધારે ઉચ્ચ પ્રકારની શક્તિ છે; એનામાં અનંત સ્થૂલ શક્તિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. સમગ્રજીવનનો વિનાશ થઇને ફક્ત એક જ સ્ત્રી અને એક જ પુરુષ બાકી રહી જાય તો આખી દુનિયામાં વસે તેટલી પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ તેમનામાં છે. સમુદ્રને તળીએ પરવાળાંના ખડકો વધીને આખા મહાસાગરને ભરી દઇ શકે છે; વર્ષો સુધી વાટ જુવો અને વનસ્પતિને રોકો નહિ તો જમીનના ખંડોના ખંડો તે ભરી દેશે! અને સમુદ્રની આખી સપાટી ઉપર નિર્જિવ જેવી જણાતી લીલ અને દરિયાઈ છોડવાઓ પથરાઇ જશે!! એ મહિમા જિવન શક્તિનો છે.

સૂક્ષ્મ માનસિક શક્તિઓ, ભાવના, કામના, આદર્શશીલતા, વગેરેમાં રહેલી શક્તિ સ્થૂલ અને જિવનમાં પ્રગટ થતી પ્રાણ

શક્તિ એમ બન્ને, શક્તિઓ કરતાં પણ વધારે સમર્થ છે. એ સૂક્ષ્મ શક્તિ અપ્રગટ છે, પરંતુ આપણે તેના સામર્થ્યથી અપરિચિત નથી. એક વિચાર સૈકાઓ સુધી જીવંત રહી વૃદ્ધિ પામતો જાય છે, નવીન શક્તિવાળાં બળો તે ઉત્પન્ન કરતો રહે છે વિચારો સજીવ સત્વો જેવા છે, તેઓ કાર્ય કરે છે, પરિણામો ઉપજાવે છે; આપણે વિચારોને બળતા કોલસાની ઉપમા આપીએ તો ખોટું ન કહેવાય. એને જીવન-પૂટ (Cell)ની ઉપમા આપીએ તો પણ ચાલે. જિવન શક્તિનાં પૂટ કરતાં વિચાર વધારે સૂક્ષ્મ છે, અતીન્દ્રિય છે, સમર્થ છે. ભૌતિક જીવન કરતાંય તે વધુ વાસ્તવિક છે, - જીવનનું પણ જીવન છે.

એટલે જેમ જેમ સ્થૂલ પદાર્થથી આપણે દૂર જઇએ છીએ, તેમ તેમ ઘટનાઓમાં રહેલી આ પ્રકટ શક્તિ વધારે ને વધારે સમર્થ પ્રકારની બનતી જાય છે. ટુંકામાં, બળતા જ્વાલામુખી કરતાં - અણુ જેટલો - સૂક્ષ્મ જીવનપુટ (Cell) વધારે બલવાન છે, સમર્થ છે, અને ભુસ્તરમાં થતા પ્રલયના કરતાં વિચાર વિપ્લવ વધારે બળવાન હોય છે.

આ બધી ઘટનાઓનું મૂલ કારણ શું? તે કારણ માનવથી તદ્દન સ્વતંત્ર છે શું? એ પ્રશ્નોનો ઉત્તર કેન્ટે "આપણે જગત નથી" એવો આપેલો તેનો આગળ ઉલ્લેખ થઇ ગયો છે. "લીલા વૃક્ષ" રૂપે આપણે શું જોઇએ છીએ? વિધવિધ કરણોને લીધે આપણી ઇન્દ્રિયોના ઉપર જે સંસ્કાર પડે છે તેના સ્વરૂપને આપણે "લીલું વૃક્ષ" એવું નામ આપીએ છીએ.

પરંતુ એ વસ્તુના મૂલ સ્વરૂપને આપણે જાણીએ છીએ ખરા? તેના અંદરના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન મેળવી શકીએ





ખરા? કેન્ટે તો ઉત્તર આપી દીધો છે — "ના." ભૌતિકશાસ્ત્રોની પદ્ધતિવડે કદી જ નહિ.

## [ ૧૩ ]

હવે, ઉપર આપણે જે ઘટનાઓ વિષે વિચાર કર્યો તેનાં કારણો કયાં કયાં હોય છે? એ પ્રશ્ન તપાસીએ. ઉત્તર એ છે કે એનાં કારણો દશ્ય પણ હોય અને અદશ્ય પણ.

દાખલા તરીકે ગેટેના પુસ્તકની અસર શરુઆતમાં એવી હતી કે તેના વાંચનથી જર્મનીમાં આપઘાત કરનારાઓનું પ્રમાણ વધ્યું હતું. આપઘાતની ઘટનાનું વાસ્તવિક કારણ જાણવા માટે પુસ્તકના સ્થૂલ સ્વરૂપનું જ્ઞાન કશા કામમાં નહિ આવે એ સ્પષ્ટ છે. તેના અક્ષરોનો અભ્યાસ કરો, તેનાં પાનાં ગણો, યાતો તેનું વજન કાઢો, તેના અક્ષરોનું રસાયનિક પૃથક્કરણ કરો, કે તેના કાગળની બનાવટ પારખો, તેની બારાખડી ગણી જાઓ, પરંતુ આત્મઘાતની ઘટનાનું કારણ એ રીતે તમે જાણી શકશો નહિ.

બીજું ઉદાહરણ જોઇએ તો ચિત્રનું લ્યો. ચિત્રની જે સૂક્ષ્મ અસર દષ્ટાના મન ઉપર થાય છે તે શેને આભારી છે? કેવળ રંગના લીટાઓને? નહિ જ! સ્થૂલ રંગનું કે તેના મિશ્રણનું ગમે તેટલું ચોક્કસ જ્ઞાન મેળવવાથી ચિત્રની અસરનું કારણ જાણી શકાશે જ નહિ.

કોઇ અસંસ્કારી જંગલી માણસને તમે ઘડિયાળ બતાવો. પરિણામ શું આવશે? બહુ તો તે ચક્રો, સ્ક્રૂ વગેરેની ગતિનું જ્ઞાન મેળવી શકશે. ઘડિયાળ જોઇને તે કુતૂહલ પામશે અને એક

રમકડા તરીકે તે ઘડિયાળને ગણશે ! અને એમ પણ ધારો કે ઘડિયાળની અંદરની રચનાનું તે બરાબર જ્ઞાન મેળવી શકયો અને તે જ્યારે ચાલતી બંધ પડે ત્યારે કદાચ ચલાવી પણ શકે, – તોપણ શું ? તે ઘડિયાળનો ઉપયોગ (કાલનું માપ કાઢવું) તે જાણતો નથી ત્યાંસુધી તેનો ખરો અર્થ તેને ખબર નથી એ સ્પષ્ટ છે.

વિશ્વ પ્રત્યે ભૌતિકશાસ્ત્રોનું દૃષ્ટિબિંદુ આ જંગલી માણસના જેવું છે. પદાર્થો અને ઘટનાઓના કેવળ બાહ્યસ્વરૂપનું જ્ઞાન ભૌતિકશાસ્ત્રો મેળવે છે; પદાર્થનું બાહ્યસ્વરૂપ "કેવું" છે ? ઘટના "કેવી રીતે બને છે ?" એ જાણવાનો પ્રયત્ન ભૌતિકશાસ્ત્રો કરે છે. પરંતુ એ કાર્ય છોડીને "શા માટે ?" "શા ઉદ્દેશથી" બને છે તેનો જ્યારે તે ઉત્તર આપવા જાય છે ત્યારે મોટામાં મોટી ભૂલો કરી બેસે છે.

કેટલાક આધુનિક ભૌતિકશાસ્ત્રીઓ અને જડવાદમાં માનનારા વિચારકો કહે છે કે "શા માટે ?" "ક્યાંથી" વગેરે પ્રશ્નો પૂછવા જ નકામા છે ! માનવજાતિ એ પ્રશ્નો પૂછ્યા વિના રહેવાની નથી એટલે એ સલાહ પણ નકામી છે

ઇજીપ્તની (હાયરોગ્લીફ) ચિત્રભાષાનો નમૂનો લ્યો. જે માણસ તે "લિપિ" છે એવું જાણતો નથી, તેને તો તે મકાનની શોભાનો જ એક પ્રકાર જણાશે; અર્થાત્ ચિત્રભાષાનો "અર્થ" થાય છે યા તો થઈ શકે તેમ છે એવું જ્ઞાન તેને થશે જ નહિ. કેવળ અકસ્માત બનેલ ઘટના તરીકે ગણીને તે તેની અવગણના કરશે. એવા માણસને ચિત્રભાષાનું જ્ઞાન થવા માટે બે વસ્તુની અગત્ય છે. એક તો એ "લિપિ" છે





અને તેનો "અર્થ" થાય છે એ બાબત તેણે સ્વીકારવી જોઈએ. એ વિના તો તે કેવળ અંધ જ રહેવાનો. "લિપિ" અને તેનો "અર્થ" છે એટલું સ્વીકાર્યા પછી તેને ઉકેલવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

દૃશ્ય વિશ્વની ઘટનાઓના બાહ્યસ્વરૂપની પાછળ "અર્થ" ("હેતુ") રહેલો છે – એમ સ્વીકારવામાં આવે નહિ ત્યાંસુધી તેના સત્યની પ્રાપ્તિ થવી અસંભવિત છે.

વળી દૃશ્ય અને અદૃશ્યનો પણ જે ભેદ આપણે કરીએ છીએ તે વાસ્તવિક નથી. અદૃશ્ય, અતીન્દ્રિય, જગતના અપૂર્ણ દર્શનને જ આપણે "દૃશ્ય જગત" કહીએ છીએ. ભૌતિકશાસ્ત્રો કહેવાની ધૃષ્ટતા કરે છે કે સર્વે સૂક્ષ્મ ધર્મોનો એટલે કે ચિત્તંત્રનો આધાર સ્થૂલ શારીરિક ક્રિયાઓના ઉપર રહેલો છે. સ્થૂલશરીર વિના સૂક્ષ્મ જીવન અસંભવિત છે એટલું જ નહિ પરંતુ "જિવન" અને "માનસિક વ્યાપારો"નું મૂળ પણ સ્થૂલ શરીરમાં છે !

એ દલીલમાં કાંઈક સત્યાંશ હોવા છતાં તે જે રૂપમાં મૂકાયેલી છે તે રૂપે સાચી નથી, કારણકે સ્થૂલ શક્તિના કાર્યને પરિણામે હજી સુધી કોઇ જિવન ઉત્પન્ન કરી શકયું નથી. કોઇ પણ સ્થૂલ શક્તિ વડે વિચારને ઉત્પન્ન કરી શકાતો નથી એ તો સુવિદિત છે. ઉલટું વિચારને પરિણામે પ્રચંડ ગતિ – સ્થૂલ ગતિ અને શક્તિ, – પ્રગટે છે. વળી, ઘણીએ દૃશ્ય ઘટનાઓનાં આદિ કારણો અદૃશ્ય હોય છે.

"વિચાર પણ સ્થૂલ શક્તિનું – પદાર્થતત્ત્વની વિશિષ્ટ ક્રિયાનું જ પરિણામ છે" એમ કહેનારાઓ ભૂલી જાય છે કે

એ બન્ને તદ્દન જૂદી વસ્તુઓ છે ! જીવતા માણસની ખોપરીની પરીક્ષા કરતાં જણાય છે કે તેમાં મગજ ( Brain ) અને નાડીઓ ( Nerves ) કેવળ આવી રહેલાં છે. ખરું છે કે વિચાર કરતી વખતે એ નાડીઓમાં ગતિ થાય છે, પરંતુ એ ગતિ પોતે કાંઇ વિચાર નથી, — એ તો વિચારની ક્રિયાનું પરિણામ છે. એ ગતિ જાણવાથી વિચાર નથી જાણી શકાતો. અને ગમે તેવાં સૂક્ષ્મ અને નાજુક ત્રાજવાં પર માનવને તોળવાથી વિચારનું વજન કદી નહિ કાઢી શકાય !

આ રીતે ભૌતિકશાસ્ત્રની પદ્ધતિ ચિત્તંત્રની ઘટનાઓ, તેના ધર્મોને અને કારણોને જાણવા માટે અપૂર્ણ છે. એ જ્ઞાન મેળવવા માટે તેનો ત્યાગ કરીને બીજી કોઇ રીત આપણે અખત્યાર કરવી જોઇએ.

ઘટનાઓનું અવલોકન કરતાં આપણને જણાય છે કે ઘણી વાર તેમનું મૂળ કારણ, બીજમાં વૃક્ષ હોય છે તે પ્રમાણે, અંતર્હિત અને અનાવિર્ભૂત હોય છે. આજે આપણે ઘટનારૂપે જેને જોઇએ છીએ તે ગઇ કાલે, કદાચ, વિચારરૂપે યાતો ભાવના તરીકે હતી. અને આવતી કાલે બનનારી ઘટનાઓ આજે કોઇના વિચારમાં, કોઇની સ્વપ્નસૃષ્ટિમાં કે મનોરાજ્યમાં બીજરૂપે પડી હશે ! હકીકત આવી છતાં ભૌતિકશાસ્ત્રો દૃશ્ય પરિણામો અને કેવળ દૃશ્ય, સ્થૂલ કારણો જ શોધવાનો આગ્રહ કરે છે તે તદ્દન અયોગ્ય છે.

એક શહેરનું સામાન્ય દૃશ્ય જ લ્યો. તમે શું જુવો છો? ગતિ – આવજા – દોડાદોડ – અવાજ, – સંગીત, ધૂમાધૂમ – આપલે – રુદન – હાસ્ય, – ઘર – વાહન – વગેરે વગેરે! દૃશ્ય





ઘટનાઓ અનેક હોય છે. પરંતુ એમના ઉપરાંત અદૃશ્ય કેટલી બધી હોય છે તેનો વિચાર કરો ! જો બરાબર અનુભવી શકશો તો એ અદૃશ્ય સૃષ્ટિ કયાં યે વધારે આકર્ષક, વિશાળ અને વાસ્તવિક લાગશે. અંતરમાં થતાં સુખદુ:ખ – આશાનિરાશા – લોભ, છલ-કપટ, સહાનુભૂતિ, સ્વાર્થ — ઓહ ! કેટકેટલું આવી રહેલું છે ? અને સ્થૂલ ઇન્દ્રિયોવડે ગમ્ય એવી ઘણી સ્થૂલ ઘટનાઓનું વાસ્તવિક કારણ કયાં હોય છે ? એ સૂક્ષ્મ જગતમાં જ ! *

શહેરની એક શેરી કે રસ્તાનો યથાર્થ ખ્યાલ લાવવા માટે પણ કેવળ દૃશ્ય જગતથી નહિ ચાલે ! આ રીતે જોતાં, ત્રણ – દિશામાનથી મર્યાદિત આપણી ઇન્દ્રિયોને જે જગત દેખાય છે તે ચતુર્થ – દિશામાનમાં આવી રહેલ જગતનો ખંડ માત્ર છે એ વિચાર કેટલો વાસ્તવિક ઠરે છે ! એ અદૃશ્ય, અનંત જગતમાં આપણી બુદ્ધિની મર્યાદાઓ પણ દૂર થઇ જાય છે. અનંતના પટમાં, વિસ્તારતાં કોઇપણ માનસિક સત્ય આપણને વિરોધી લાગતા, વિચારનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે ! જે પદાર્થ આપણને પરિમિત ચિત્તંત્રમાં ખંડિત દેખાતો હોય તે, એ, અત્યારે અદૃશ્ય, જગતમાં તદ્દન આખો સમગ્ર – હોઇ શકે; એટલું જ નહિ પરંતુ આપણી નરી સ્થૂલ ઇન્દ્રિયોને જે સમાન – સરખું – ભાસે તે એ ભૂમિકામાં અસમાન બની રહે એ પણ બનવાજોગ છે.

---

* કલ્પના દૃષ્ટિ આપણામાંના ઘણાખરામાં વિદ્યુત્‌ના ચમકારની જેમ કવચિત્ જ સ્ફુરે છે. એની પ્રભા રહે છે ત્યાં લગી આપણે આ અદૃશ્ય વિચારણા અને દૃશ્ય ઘટનાઓનો કાર્યકારણ સંબંધ સુસ્પષ્ટ જોઈ લઈએ; પરંતુ અફસોસની બાબત આ છે કે એવી પ્રભાના અનુભવની મિનિટો વચ્ચે દિવસો, મહિનાઓ અને વર્ષોનો અંધકાર જામેલો રહે છે.

બ. ક. ઠાકોર

[ ૧૪ ]

ઉપર જે વિચાર દર્શાવ્યો છે તેની વિગતવાર સમીક્ષા કરીએ. જે ચૈતન્યાવસ્થા ઉપર જણાવી છે તે પ્રાપ્ત થાય છે ત્યારે કેટલીક વસ્તુઓ વચ્ચેનો ભેદ દૂર થઇ જાય છે અને કેટલીક સમાન દેખાતી વસ્તુઓમાં ભેદનું ભાન જાગ્રત થાય છે. આપણી ઇન્દ્રિયો જેમાં ભેદ જુવે છે તેમની વચ્ચે એ ચૈતન્યમાં અભેદ જણાય છે! અને સ્થૂલ માત્રાસ્પર્શ જ્યાં સમાનતા જુવે છે ત્યાં તેને ભેદ દેખાય છે! આ વિરોધાભાસને ઉદાહરણ વડે સ્પષ્ટ કરીશું.

સ્થૂલ દૃષ્ટિએ જોતાં, પડછાયાઓ – છાયામાત્ર સમાન લાગે છે. પરંતુ ઉપર જણાવી તે અવસ્થા, પ્રાપ્ત થતાં એક ખૂની માણસનો અને સંતનો પડછાયો તમને સમાન નહિ લાગે. તે પણ સ્થૂલ દૃષ્ટિએ તમને એ બે વચ્ચેનો ભેદ આઘાત સાથે માલૂમ પડી આવશે. એ બન્નેના અણુ – પરમાણુઓની ગોઠવણમાં પણ તમને ભેદ જણાશે.

વળી, પથ્થર સઘળા સમાન લાગે છે એ ખરું છે; પરંતુ ઉપર જણાવેલી ચૈતન્યની દૃષ્ટિ ખુલતાં કેદખાનાની દિવાલનો પથ્થર – કારખાનાની ચીમનીનો પથ્થર અને મંદિરનો પથ્થર તમને સમાન નહિ લાગે. સ્થૂલ દૃષ્ટિએ એક જ જણાતા પદાર્થમાં ભેદ હોઇ શકે છે. અને "પદાર્થતત્ત્વ" એટલે શું? "વસ્તુનો પડછાયો તે જ પદાર્થતત્ત્વ." પદાર્થનું પદાર્થતત્ત્વ શેમાં છે? તેના ધર્મમાં: તેના ગુણોમાં: અને સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં જણાશે કે પદાર્થમાં જે સમાનતત્ત્વ છે તે કેવળ તેમની છાયા પૂરતું જ છે – વસ્તુત્વમાં નથી.





માનવો પણ આપણને સમાન – સરખા – **દેખાય** છે. પણ છે નહિ. એ માનવો વચ્ચે અનેક અસમાનતાઓ આવી રહેલી જણાશે.

જ્યારે આ વિશાળ, ઉંડી, મર્મગ્રાહી – તત્ત્વદર્શી દૃષ્ટિ વડે જગતને જોશો ત્યારે જન્મ, મૃત્યુ, પ્રેમ, દયા, કામના, રાગ દ્વેષ વગરેના વિશાળ અર્થને – હેતુને પણ જાણી શકશો; ત્યારે તમે કોઈ જૂદી જ દુનિયાને જોશો: અત્યારનું સ્થૂલ, પાર્થિવ જગત તમારી દૃષ્ટિ આગળથી સરી જશે; અને આશ્ચર્ય વડે મુગ્ધ કરે એવી કોઇ સૃષ્ટિમાં તમારો જન્મ થશે.

એ વિશાળ – સૂક્ષ્મ જગત સાથે આપણે સ્થાયી સંબંધ બાંધવાનો અભ્યાસ કરવો જોઇએ

ચોરી કરવા જનાર માણસ અને પોતાના કામ ઉપર ચઢનાર પ્રમાણિક મજૂર એ બન્નેની બાબતમાં ચાલવાની શક્તિ, સ્થૂલ દૃષ્ટિએ જોતાં, એક સરખી હોવા છતાં એ શક્તિના કાર્યમાં અને ધર્મમાં જે સમૂલો ભેદ રહેલો છે તે આપણે ક્યાં નથી જાણતા?

અને એ વિશાળ, સૂક્ષ્મ દૃષ્ટિ કેવળ સાધકોને જ પ્રાપ્ત થાય છે — અન્ય માનવો તેનાથી વંચિત છે એમ માનવું પણ સાચુ નથી. કલાનાં ઘણાં સ્વરૂપોમાં સૃષ્ટાને એ વિશ્વદર્શન અજાણ્યે, વગર પ્રયત્ને, થાય છે. *કવિઓ કવિતામાં, ચિત્રકારો ચિત્રા-

---

* ઐતિહાસિક દ્વંદ્વોના દાખલા લ્યો: **ચાર્લ્સ** ૧લો અને ક્રોમ્વેલ, ગ્લેડસ્ટન અને ડિઝરાયલી: એ ઝમાનાનો વારસો મળી જાય તે પછીના ઝમાનાઓ બંને એકબીજાના nagative નહીં,

લેખનમાં, મૂર્તિવિધાયકો મૂર્તિઓમાં આપણને એ દર્શનનું જ ભાન કરાવવા પ્રયત્ન કરે છે. પદાર્થ – સમાન લાગતા પદાર્થ – વચ્ચે રહેલો તાત્ત્વિક ભેદ – ધર્મોનો ભેદ – તેઓ પ્રેરણાશક્તિને પ્રતાપે બરાબર અનુભવે છે. અને તેટલા જ માટે પર્વતોમાં, સરિતાઓમાં, નિર્ઝરોમાં, જલસ્રોતોમાં, વનસ્પતિમાં અને ક્ષુદ્ર શિલાઓ અને પથ્થરોમાં પણ તેઓ અસાધારણ ધર્મો જોઇ – અનુભવી શકે છે, અને ભાષામાં તે અનુભૂતિને પ્રગટ કરે છે. આ રીતે વસ્તુ વસ્તુમાં રહેલો વાસ્તવિક ભેદ એવા દ્રષ્ટાઓ માનવને બતાવે છે; — એ દર્શન સ્થૂલ ઇન્દ્રિયને થતા દર્શનના કરતાં વધારે વાસ્તવિક હોય છે. અર્થાત્ સામાન્ય માનવો જે જોઇ કે જાણી શકતાં નથી તે કલાકાર – સૃષ્ટા – જોઈ શકે છે; જોઇ શકે છે એટલું જ નહિ પરંતુ સર્જક શક્તિના કિમિયા વડે બીજાઓને પણ તે (પોતાને પ્રાપ્ત થયેલું) દર્શન બતાવી શકે છે. આ સૂક્ષ્મ દૃષ્ટિની, દર્શન શક્તિની, તૃતીય નેત્રની શરુઆત તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ (અણુતમ) યાંત્રિક ઉપકરણ કરતાં પણ અણુતર હોય છે. યાંત્રિક ઉપકરણ કદી પણ ન બતાવી શકે તે એ વેધક દૃષ્ટિ જુવે છે અને બતાવી પણ શકે છે.

---

complement હતા એમ જુવે છે. અને આખી પ્રજા તે સદા કાલ માટે ધીમે ધીમે સ્વીકારે છે. છેલ્લા મહાવિગ્રહનુ ઉત્પાદક એકલો જર્મની નહીં: એ પાપના ઉત્પાદક એ સર્વે યુરોપીય રાષ્ટ્રો, એટલું તો આજે પણ આપણે સ્પષ્ટ જોઇએ છીએ. બ. ક. ઠાકોર



જ્ઞાનપ્રાપ્તિનું તૃતીય કરણ

## [ ૧૫ ]

આગળની ચર્ચા ઉપરથી સ્પષ્ટ થયું હશે કે દૃશ્યતા એ કાંઇ દૃશ્ય પદાર્થની સીમા નથી; — અદૃશ્ય જગત પણ છે. આજ્ઞાનથી શરૂઆત કરીને ચતુર્થ – દિશામાનમાં રહેલા ચૈતન્યનો આપણે સાક્ષાત્કાર કરી શકીશું એમ લાગે છે.

એ અદૃશ્ય – અલક્ષ્ય – અતીન્દ્રિય – વિશ્વમાં પ્રચંડ શક્તિઓ આવી રહેલી છે; તેમનું કાર્ય વિરાટ્માં સતત ચાલ્યા જ કરતું હોય છે. માનવમાં પણ તેઓ કાર્ય કરે છે પણ જાણે ગૌણ રીતે. એ વિરાટ્ શક્તિઓને માનવની પરવા હોય એમ જણાતું નથી.

"પ્રેમ" અને "મૃત્યુ" એ શક્તિયુગલ એવા પ્રકારનું છે.

મહાન રહસ્યમય, પ્રેમની ઘટના જોતાં તે વિરાટ્ – શક્તિનું જ સ્વરૂપ લાગે છે. માનવ એમ માને છે કે "પ્રેમ મારામાં ઉદય પામે છે, વિકાસને પામે છે અને મારામાં તેનો અંત આવે છે." એ માન્યતા કેટલી બાલિશ છે?

પ્રતિદિન પ્રાતઃકાલે સૂર્યોદયની ભવ્ય લીલા પણ ક્ષુદ્ર માનવ-જંતુ "પૃથ્વી" નામના કણિકા જેટલા ગૃહ ઉપર પોતાનાં નિત્ય કાર્યો કરી શકે તેટલા માટે થાય છે એમ માનવા જેટલો જ એ વિચાર હાસ્યાસ્પદ છે! સૂર્યની જ્યોતિનો માનવ ઉપયોગ કરે એ બીના સૂર્યોદયમાં અને સૂર્યની ગતિમાં કેટલી ગૌણ છે! પ્રેમની વિરાટ્ શક્તિ પણ એના જેવી સ્વતંત્ર છે!

પ્રેમ માનવને તાબે રહેવા માટે – તેની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવાને, – બંધાયેલો નથી! પ્રેમની વિરાટ્ શક્તિનું માનવ પગડું છે. અને વાસ્તવિક જીવનમાં આપણે જોઇએ પણ શું છીએ?

માનવના ઉપર પ્રેમ સામ્રાજ્ય ચલાવે છે. નહિ કે તેથી ઉલટું! અને એ વિરાટ્ શક્તિનો હેતુ આપણાથી અજ્ઞાત છે. જાણે કોઇ દિવ્યભૂમિકામાંથી આપણી ક્ષુદ્ર પૃથ્વી ઉપર ઉતરી આવેલી કોઇ શક્તિ ન હોય : મને તો એમ પણ લાગે છે કે પ્રેમની ઘટનામાં માનવ કોઈ દિવ્ય ભૂમિકામાં ઉર્ધ્વગતિ કરે છે ત્યાં થોડો સમય વાસ કરે છે અને અનિર્વચનીય, અદ્ભુત, અનુભવ પ્રાપ્ત કરીને – કોઇ મહાન દિવ્ય નિયમનું પાલન કરીને, થોડા કાલ પછી પાછો પૃથ્વી ઉપર આવી પડે છે. આ દૃષ્ટિબિંદુ અવાસ્તવિક નથી. એને માટે આગળના ભાગો જુઓ.

સ્થૂલ દૃષ્ટિ વડે જડવાદી કહેશે કે, “એ બધી પ્રેમની દિવ્યતા, ગહનતા, પ્રભુતા વગેરેની વાતો જવા દો ! એ બધા સુંદર – શબ્દ-ગુચ્છો માત્ર છે! પ્રેમનું પ્રધાનકાર્ય પ્રજોત્પાદન છે – અને એ જ તેનો હેતુ છે; બીજાને માટે શોધ કરવી નકામી છે.”

સ્વીકારી પણ લઇએ કે પ્રજોત્પાદન એ જ પ્રેમનો હેતુ છે, તો પણ બીજી ઘણી બાબતો આપણે વિચારવાની રહેશે! — પ્રેમના સમગ્ર કાર્યક્ષેત્રનો વિચાર કરતાં જણાશે કે પ્રજોત્પાદનમાં તે શક્તિનો નહિ સરખો જ ભાગ વપરાય છે. એટલે કે માનવ-જાતિની સ્થૂલ શારીરિક હસ્તી ટકાવી રાખવા માટે જે શક્તિ જોઇએ તે કરતાં અનંતગુણ વધારે પ્રેમશક્તિ જગતમાં પડેલી છે તેનું શું ? શા માટે આટલી બધી ? શા માટે અનંત – અપરિમેય ?

કેટલાક પ્રેમને તદ્દન “વ્યહવારુ” દૃષ્ટિથી જોવાનો અભ્યાસ પાડે છે. એટલે કે પ્રેમ પ્રત્યે તેઓ જડવાદના દૃષ્ટિબિંદુનો સ્વીકાર કરે છે. તેઓ તેની “ગહનતાને” જાણતા નથી. તેઓ પ્રેમને એક અંગત – આપીકી, વ્યક્તિગત ક્રિયા માને છે. પ્રેમના





વિરાટ્, – વિશ્વવ્યાપી સ્વરૂપને કે કાર્યને તેઓ જોઇ કે જાણી શકતા નથી.

પ્રેમનું ઉચ્ચતમ, અપાર્થિવ, સ્વરૂપ જોઇશું તો આપણને જણાશે કે પ્રેમ કંઇ જિવનની સેવા કરવા માટે નથી; પ્રેમ તો કોઇ અપાર્થિવ દિવ્યતા અહિં સાધવા માગે છે. પ્રેમ માનવના કહ્યા પ્રમાણે કાર્ય કરતો નથી; માનવ તેની આજ્ઞાનો ગુલામ છે, — અને તે પણ એટલે સુધી કે પ્રેમ તેની પાસે પોતાનું ધાર્યું તેની મરજી વિરુદ્ધ પણ કરાવે !

આ ધાર્મિક અને આશ્ચર્યતાથી ભરી દૃષ્ટિ પ્રાચીન સંસ્કૃતિ-ઓમાં – ખાસકરીને હિંદમાં – હતી. પ્રાચીન કાલમાં લિંગપૂજાનો પ્રચાર જણાય છે તે પણ પ્રેમની ગહનતા – મહત્તા અને આધ્યા-ત્મિકતાના સ્વીકારને આભારી હતો.

પ્રેમની અપરિમેયતા વિષે આગળ વિચાર્યું; તથા પ્રજો-ત્પાદનના કાર્યમાં તેનો ઘણો જ થોડો ભાગ ઉપયોગમાં આવે છે તે પણ આપણે જોયું. આપણે એ પણ જાણીએ છીએ કે જગતમાં કોઈ પણ શક્તિનો વિનાશ થતો જ નથી — કેવળ રૂપાંતર થાય છે.

એક મીણબત્તીનું ઉદાહરણ લ્યો. મીણબત્તી આપણને તેજ આપે છે – પરંતુ તેજના કરતાં પણ વધારે ઉષ્મા – ગરમી આપે. આપણે ભલે તેજને જ ખાતર મીણબત્તી ચેતાવી હોય. પરંતુ ઉષ્મા – ગરમી – વિના એ તેજ મળવું અસંભવિત જ છે ! એટલે જ્યોતિ સાથે ઉષ્મા પ્રગટે છે એ બીનાની આપણે અવગણના કરી શકતા નથી. પ્રેમની બાબતમાં પણ પ્રજો-ત્પાદનમાં પ્રગટ નહિ થતી એવી અનંત ગુણ શક્તિ અનેક પ્રકારે

જન્મે છે, અને શક્તિનો વિનાશ કદી પણ થતો નથી. તો પછી બાકીની શક્તિનું શું ? સ્ત્રી – પુરુષના વિચારો, ભાવનાઓ, સર્જકશક્તિ, અને કલ્પના મૂર્તિમાં, કવિતામાં, એ શક્તિનો કેટલોક ભાગ પ્રગટ થાય છે. એ ખરું, પરંતુ આખીએ ગહન ઘટના ચતુર્થ – દિશામાનનું આપણને ભાન કરાવે છે.

એ શક્તિ જડ અને ચેતન સૃષ્ટિમાં સઘળે સ્ફુરી રહેલી જણાય છે. વસંતઋતુનું આગમન થતાં પંખીઓ ગાન કરવા માંડે છે. ભૌતિકશાસ્ત્રની દૃષ્ટિએ – પોતાના સાથીનું આકર્ષણ કરવા માટે તે જરૂરી છે. એ મુદ્દાનો દલીલ ખાતર સ્વીકાર કરીને પણ આપણે કબુલ કરવું પડશે કે એ આકર્ષણ કરવા માટે જોઇએ તેના કરતાં વધારે સંગીત પંખીઓ કરે છે ! અને પંખીઓના જીવનનો મુખ્ય ધર્મ, તેના જીવનની સાર્થકતા સંગીત નથી એમ માનવાને આપણી પાસે કશા પૂરાવા નથી. વિરાટ્માં – વિશ્વ પ્રકૃતિમાં – જે સંવાદ જામી રહેલો છે તેમાં અગત્યના સંવાદપૂરકતત્ત્વ તરીકે એ સંગીત શા માટે વધારે ઉપયોગી ન હોય ? એ દૃષ્ટિએ જોતાં, પંખીની જાતિના તંતુનું રક્ષણ એ ગૌણ કાર્ય જ બની રહે છે.

પ્રેમના અદૃશ્ય કાર્યમાં સ્ત્રીનું ગહન અને સ્થાયી કાર્ય ઘણાખરા લોકો જાણતા નથી. તે છતાં તે કેટલું વાસ્તવિક હોય છે ? સ્ત્રીપુરુષ બન્ને મળીને બાળક ઉત્પન્ન કરે છે એટલું જ નથી. પરંતુ પુરુષના અંતરમાં સ્ત્રી અનેક ગુણ વધારે સૂક્ષ્મ અને ઉપયોગી કાર્ય કરે છે. તે કાર્ય "પોતે કરે છે" એવું ભાન સ્ત્રીને હોતું નથી. – પરંતુ તેથી શું ? કેટકેટલા પુરુષોને સ્ત્રીઓએ નવીન સર્જન કરવાની, મહાન આદર્શો સાધવાની,





અદ્ભુત પરાક્રમો કરવાની પ્રેરણા આપી છે ? સ્ત્રીના સહવાસથી અને સાન્નિધ્યથી પુરુષના ચિત્તંત્રમાં જે નવીનતા, રમણીયતા – ઉત્પાદક, સર્જક, કલ્પનાની લીલા, આદર્શની અનિરુદ્ધ ઝંખના – તાલાવેલી વગેરે જાગી છે તે વિષે, કદાચ, સ્ત્રી અજ્ઞાત હોય તેથી કશી હાનિ નથી ! એટલે પુરુષ સ્ત્રીમાં સ્થૂલ પ્રજોત્પત્તિનું બીજ મૂકે છે તેમ સ્ત્રી પણ પુરુષના સૂક્ષ્મ દેહમાં બીજાધાન કરે છે !

અને સમાજમાં જોઇશું તો જણાશે કે પ્રેમનું એ બલ ગુન્હાઓ કરાવે છે, અહંતાને બલવાન બનાવે છે, મિથ્યાભિમાન, ઈર્ષા, કામના, મહત્વાકાંક્ષા વગેરેને એ મહાન વેગ આપે છે. પ્રેમ એ એક પ્રકારનો અગ્નિ છે. તે માનવને વિશુદ્ધ કરે છે. એ શક્તિ સૌથી વધારે બલવાન છે એટલે જ્યારે તે માનવમાં પ્રગટ થાય છે, ત્યારે તેની અધમમાં અધમ અને ઉચ્ચતમ શક્યતાઓને ખુલ્લી કરી બતાવે છે ! અને પ્રેમનો, ઈશ્કનો, સાચો બંદો છેવટ સુધી તેને વફાદાર રહે તો પોતાના અગ્નિમાં તાવીને તેની સર્વે અશુદ્ધિઓને ખાખ કરી નાંખી શુદ્ધ કાંચન સમો તે પ્રેમીને બતાવે છે.

પરંતુ, એક બાજુએ જડવાદી છે તેવા જ બીજી તરફ કેટલાક શુષ્ક સંયમના આગ્રહી લોકો, સંન્યાસવૃત્તિ પ્રધાન માણસો પણ હોય છે. તેઓ પ્રેમને પાપ ગણે છે. અને ઇન્દ્રિયનિરોધને અનિવાર્ય આધ્યાત્મિક અને ધાર્મિક નિયમ તરીકે સ્થાપન કરવા પ્રયત્ન કરે છે. એ બાહ્યાચારભર્યો સંયમ અને નિગ્રહ પાળવાનો એ આગ્રહ ઘણા ધર્મોમાં – ખાસ કરીને ખ્રિસ્તી ધર્મમાં – મોટી ખામીઓ અને બદીઓ લાવે છે. એ લોકો

ભૂલી જાય છે કે "પ્રેમ" અને "વિષયભોગ" એક નથી! શુષ્ક નિગ્રહના અતિઆગ્રહી સંપ્રદાયો અને ધર્મો પ્રેમની પવિત્ર ઊર્મિદ્વારા માનવજાતિને જે લાભ મળે છે તથા મળી શકે તેમ છે તે ગુમાવી બેસે છે. પ્રેમ એટલે કેવળ પ્રજોત્પાદન નહિ એ વાત તેઓ ભૂલી જાય છે પ્રેમના આવિર્ભાવમાં તેમને કેવળ "શક્તિનો વ્યય" દેખાય છે. ખરું જોતાં એ સઘળાં ગૃહીતો – મંતવ્યો – સર્વાંશે સાચાં નથી. કોઇ વૈદ્યકશાસ્ત્રવેત્તા કેવળ દેહ-ધર્મવિદ્યા (Physiology) અને શરીરરચના (Anatomy) ઉપર પોતાનું લક્ષ્ય રાખીને પ્રેમની સમજૂતિ કે વ્યાખ્યા આપે તો એ પણ નિગ્રહ અને સંન્યાસવૃત્તિવાળા માણસની વ્યાખ્યા જેવી એકતરફી હશે.

બ્હેરો માણસ સંગીતના તંતુવાદ્યની વ્યાખ્યા કરે તેના જેવું એ માણસનું કથન અસત્ય છતાં સત્યાભાસવાળું હોય છે. પિઆનોની વ્યાખ્યા કોઇ બ્હેરો માણસ આ પ્રમાણે કરે તો? "ત્રણ પાયા ઉપર ટેકવેલી એક કાળી પેટી – એક બાજુએ ખુલ્લી – જેના ઉપર લોકો પોતાની આંગળીઓ પછાડે છે – તે પિઆનો"! ઉપર ઉપરથી જોતાં તે વ્યાખ્યા સાચી પણ દેખાય, પરંતુ "સંગીત સાંભળીને લોકો રડે છે અને હસે છે કેમ?" એ પ્રશ્નનો ઉત્તર તમને એમાં નહિ મળે.

ઉપર પ્રેમના જે ઉચ્ચતમ સ્વરૂપનું વર્ણન કર્યું છે તે કાંઇ સર્વે માનવોમાં હોતો નથી. કેટલાક નીચી કોટીના માનવો હંમેશાં હોવાના, જેઓ પ્રેમના ઉચ્ચતમ સ્વરૂપને સમજી શકવાના જ નહિ એવાઓનો પ્રેમ ઇર્ષારહિત હોતો નથી. બાહ્યદૃષ્ટિએ એક – સરખા જણાતા માનવો આ પ્રમાણે બે પ્રકારમાં વિભક્ત





થઇ જાય છે. ૧. ઉચ્ચ પ્રેમના આશકો, અને ૨. સામાન્ય પાશવવૃત્તિવાળા માનવો.

વળી, પ્રેમના એ ગહન અને વિરાટ્ સ્વરૂપ ઉપરાંત પણ "પ્રેમ" અને "નીતિ" "પ્રેમ" અને "નિગ્રહ" પ્રેમ અને સંન્યાસવૃત્તિ વગેરે વિષયો ઉપર આપણે વિચાર કરવાની જરૂર છે.

અહીં કેટલાક મુદ્દાઓ અને સૂચક વિચારો દર્શાવવામાં આવે છે જેથી વાંચનારને વિચાર કરવામાં સરળતા થાય.

નીતિ એટલે? વ્યહવારમાં મૂકવાના આગળથી કોઇએ નક્કી કરેલા નિયમોનો ભારો નીતિ નથી. ખરી નીતિ અંતરાત્માની જરુરીઆત હોવી જોઇએ. કોઇ ઉચ્ચ દૃષ્ટિ બિંદુનો સ્વીકાર કરીને તેને અનુરૂપ આચાર ઘડવાની અભીપ્સા તે નીતિ. મનના આદર્શો અને જીવનના વ્યહવાર વચ્ચે સંવાદ સ્થાપન કરવાની આત્માને લાગતી જરુરિયાત (અગત્ય) તે નીતિ.

પરંતુ નીતિનું પાલન કરનાર પ્રેમનો તિરસ્કાર કરી જ કેવી રીતે શકે? પ્રેમ આપણી પાર્થિવ સૃષ્ટિનું (ભૂમિકાનું) તત્ત્વ નથી. એ તો દિવ્ય ભૂમિકાનું સત્વ છે. પ્રેમની એ જ વિશિષ્ટતા છે કે તે કોઇ આશ્ચર્યના અદ્દભુત ભાવથી – ગહનતાના રહસ્યમય તત્ત્વવડે, તે માનવને ચકિત કરે છે, મુગ્ધ કરે છે.

આપણે જાણીએ છીએ કે જ્યારે માનવને પરમ હર્ષ કે અતિશય દુઃખ થાય છે ત્યારે તેમાં તે એટલો તો મગ્ન થઇ જાય છે કે તેની આસપાસની દુનિયા તેને મન "માયા" – "મિથ્યા" બની રહે છે, – સ્વપ્નવત્ લાગે છે. એ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે કેટલીક વાર આંતર અવસ્થાઓ એવી

હોય છે કે તેની અનુભૂતિ થતાં બાહ્યજગત સ્વપ્નવત્ થઇ જાય છે આધ્યાત્મિક ઉદ્બોધનની – જાગ્રતિની – એ નિશાની છે.

પ્રેમ પણ એવી અનુભૂતિ છે. આત્માને જાગ્રત કરવો એ તેનું કાર્ય છે, તેનો હેતુ છે. પરંતુ તે ક્યારે થાય? પ્રેમની જ્યોતિ નિર્મળ અને ઝળહળાટ બળતી હોય ત્યારે. એવો ઉચ્ચ પ્રેમ – ખરૂં જોતાં, માનવમાનવોમાં ભેદ પાડી ઉચ્ચ અને સામાન્ય માનવોને જૂદા પાડી નાંખે છે. આ રીતે પ્રેમ એક વિકટ ચાળણી છે, તે દાણા તથા કાંકરાને જૂદા કરે છે. તેના ઉચ્ચતમ સ્વરૂપનો સ્વીકાર કરી તેમાં પ્રવેશ કરી શકનારા એક બાજુ — સામાન્ય, જડવાદથી ઘેરાતા – પાશવવૃત્તિને જ સમજી શકનારા બીજી બાજુ.*

જ્યાં સુધી ચૈતન્ય બંધનમાં પડેલું હોય છે, ત્યાં સુધી જ પ્રેમને માનવો પાર્થિવતત્ત્વ તરીકે ગણી શકે છે. જ્યારે કાંઇક અંશે મુક્ત થાય છે ત્યારે પ્રેમની અદ્ભુત સૃષ્ટિને તેઓ પ્રાપ્ત કરી શકે છે.×

---

* પ્રેમ વિરુદ્ધ દ્વેષ

સાહસ વિરુદ્ધ કાયરતા. સર્વે જે જીવનશક્તિ માનવમાં અવતરે છે તેની વિધવિધ લીલા.

બંધુભાવ<br>ગુરુભાવ } વિરુદ્ધ ઇર્ષ્યા<br>પૂજ્યભાવ

× પ્રજોત્પાદન, સહજીવન અને સહધર્માચરણ. પ્રજોત્પાદન – The life of the sexual in man – લિંગી આકર્ષણ વા પ્રેરણા (Sexual instinct)નો અંતિમ હેતુ – એને હું





એ પ્રેમ સાગરનું વર્ણન કરતાં એડવર્ડ કાર્પેન્ટર કહે છે, "કેવું આશ્ચર્ય ? માનવ તરીકે ઉત્પાદક શક્તિનો અનંત સાગર આપણામાં ધારણ કરી રહ્યા છીએ! તેની ભરતી અને ઓટ છેક સ્થૂલ શરીરની મર્યાદા સુધી આવજા કરી રહી છે! પ્રત્યેક માનવને મળતાં એ સાગરમાં આંદોલનો જાગે છે, ભાવની લહરીઓ ઉઠે છે! એ મહાન સાગરમાં દિવ્ય સ્વર્ગનું અને સર્વ પ્રાણીઓનું પ્રતિબિંબ છે!

---

તો સત્ય પ્રવાહીને તળે ઠરેલો કચરો જ ગણુ છું. પ્રજોત્પાદન, સહજિવન અને સહધર્માચરણ એ ત્રિપુટિને જ અંતિમ હેતુ ગણી શકું છું; જેમાં સહધર્માચરણને અનુકૂલ એટલું જ સહજિવન અને સહધર્માચરણ. સહજિવનને અનુકૂલ એટલુ જ પ્રજોત્પાદન ધર્મ્ય ગણુ છું

Negatively જુવો. Polygamy અને Adultery સમાજ-ઘાતક એટલાં બધાં છે કે તેમનો પૂરેપૂરો અને આકરો નિષેધ ધર્મ અને નીતિવ્યવસ્થામાં આવશ્યક છે. અને તે સ્નેહ અને લિંગીપ્રેરણાનું સંસ્કરણ સહધર્માચરણની ટોચ લગીનું, પ્રજોત્પાદન અને સ્થૂલ લગ્ન બંધનના જેટલું જ કુદરતી – એવું જે કોઈ ફિલસુફી જાતે જોઇ બીજાને દેખાડી બીજામાં દૃઢ પ્રતીતિ ઉપજાવી નહીં શકે – તે ફિલ-સુફીને હાથે તે નિષેધ પૂરેપૂરો અને આકરો અને વિજયી શકય જણાતો નથી.

પ્રેમ પણ માત્ર individualistic નથી. ઉચ્ચતર શુદ્ધતર રૂપમાં એ પણ, અને એ તો ખાસકરીને, સામાજિક છે. સહધર્મા-ચરણને સૌથી વિશેષ પ્રિય બનાવનાર, ઉચ્ચ શ્રેયસને પ્રિયમાં પ્રિય પ્રેયસ બનાવી દેનાર, એ શક્તિપૂજાના ઉત્પાદન માટે જ. એ view તો નરી પાશવતા છે. પ્રજાના ઉદ્ધરણ, ઉન્નીયન અને સમુત્ક્રાંતિ

"ઉત્પાદક શક્તિનો સાગર કેવો મહાન! માનવનાં અનંત કોટિ સ્વરૂપોનાં બીજ એક જ બિંદુમાં ધારણ કરતો એ અનંત જિવનનો મહાસાગર!"

× × ×

"જ્યારે હું અનુભવું છું કે 'મારામાં એ સાગર આવી રહ્યો છે" ત્યારે "હું પણ કાલાતીત સ્વર્ગના દેવતાઓનો અને શાશ્વતિનો બાલક છું' — એ મને સમજાય છે." (Towards Democracy)

**[ ૧૬ ]**

હવે આપણે ચિત્તંત્રનો અભ્યાસ કરીએ.

પ્રથમ તો, એ બરાબર સમજી લેવું જોઇએ કે માનવ એક – સમગ્ર – આખો, નથી; તેનામાં જૂદી જૂદી અનેક વ્યક્તિઓ વસતી હોય છે. "હું" એવું અવિકારી તત્ત્વ માનવમાં સતત

---

માટેની પણ એ શક્તિ મોટી છે. અને એનાં મોટામાં મોટાં રૂપ હુતો – હુતી નથી: માતા અને બાળક, વૃદ્ધ અશક્ત વડીલો અને ભરજુવાન પુત્ર – પુત્રી, ગુરુ – શિષ્ય, સહધર્માચરણી સૈનિક – બંધુઓ, દાતાઓ અને દરિદ્ર – નારાયણ, લેખકો અને જનતા, કલાકાર અને જે ભાવિપેઢીમાં ફિલસુફ એ કલાને પૂરેપૂરી સમજતો શિષ્યવર્ગ – ફિલસુરી – ઉદય પામે તે, — એવાં એવાં છે. સુદૂરદર્શી statesman – prophet, prophet – statesman. અને પ્રન્ન આ જીવનશક્તિની લોકોત્તર લીલા છે.

બ. ક. ઠાકોર





હાજર હોતું નથી; પ્રત્યેક સમયનો તેનો "હું" જૂદો જૂદો હોય છે. એટલે કે, એકી વખતે માનવ જૂદી જૂદી ભૂમિકામાં વસે છે.

અંધારી રાત્રિ કલ્પો. એના અંધકારમાં જૂદી જૂદી વ્યક્તિઓ હાથમાં ફાનસ લઇને ચાલતી હોય તો એક ઉંચી ટેકરી ઉપરથી એ દૃશ્ય કેવું દેખાય વારુ? માનવનું સમગ્ર ચૈતન્ય એ ગાઢ અંધકાર જેવું છે! તેમાં એકીવખતે કેટલેક સ્થળે ફાનસોને લીધે તેજ પડતું હોવાથી તેટલી જગો જ દ્રષ્ટાના જાણવામાં આવે છે. બાકીનું બધું અંધારામાં જ રહે છે!

માનવમાં ત્રણ પ્રકારની ઘટનાઓ બને છે. ૧. સ્થૂલ, ૨. જીવનની ક્રિયાઓ, ૩. આંતર ઘટનાઓ. દા. ત. વિચાર – લાગણી – કામના – સંકલ્પ, વગેરે. આ છેલ્લા પ્રકારની ઘટનાઓ સ્થૂલ ઇન્દ્રિયો વડે જોઇ જાણી શકાતી નથી. એક રુપિયાની કિંમત આપણે બુદ્ધિ વડે જાણી શકીએ છીએ, પરંતુ નજરે જોઇ શકતા નથી. વિચારનો ફોટો પાડી શકાતો નથી.

તો, આંતર – સૂક્ષ્મ અને બાહ્ય (સ્થૂલ) ઘટનાઓ વચ્ચે સમૂલો ભેદ છે? ના. ઘટનાઓ અને તેનું આદિ કારણ બન્ને એક જ વસ્તુનાં જૂદાં જૂદાં સ્વરૂપો છે. પ્રત્યેક ઘટના એટલે અનંતનો સાંતમાં આર્વિભાવ. અને માનવને આપણે બરાબર જાણવો હોય તો તેના ચિત્તંત્રને જાણવું જરુરનું છે. એટલે એ કાર્યમાં ભૌતિકશાસ્ત્રની પદ્ધતિ કામ નહિ લાગે.

માનવનું ચિત્તંત્ર, અને તેની સર્વે ક્રિયાઓ અને ધર્મો મગજની અંદર આવેલા જ્ઞાનતંતુઓની – નાડીઓની ક્રિયાના પરિણામ રૂપે છે એવી ભૌતિકશાસ્ત્રવેત્તાઓની માન્યતા છેક ગ્રામ્ય છે! અને વિરાટ્મન, એટલે, એમને મન તો, કોઇ વિશાળ

– સ્થલમાં આવી રહેલું પ્રચંડ નાડીઓનું બનેલું (માનવના જેવું જ) મગજ! એવા લોકોને બળદનું રગશીયું ગાડું સુધારીને અતિવેગવાન કોઇ વાહનની કલ્પના કરવાનું કહો તો "મોટરકાર"ને બદલે અધગાઉ લાંબુ – અતિકાય, – ગાડું જ તેઓ કલ્પશે! અને તેને હજારો બળદો જોડી ખેંચવાની ગણત્રી બાંધશે! સૂક્ષ્મ શક્તિઓની બાબતમાં પણ એવું જ તેમના મનમાં આવે છે!

પણ સૂક્ષ્મ ચિત્તંત્ર સ્થૂલ જીવનનું પરિણામ નથી, તેનું કારણ છે.

સ્થૂલ શક્તિના આર્વિભાવ કરતાં જિવનશક્તિનો આર્વિભાવ ઉચ્ચ પ્રકારનો છે તે આપણે આગળ જોઇ ગયા છીએ; અને જિવનશક્તિના અર્થાત્ પ્રાણના કરતાં સૂક્ષ્મ ચિત્તંત્ર વધારે ઉચ્ચ છે તે પણ જાણીએ છીએ.

ભૌતિકશાસ્ત્રવેત્તાઓ સૂક્ષ્મ ચિત્તંત્રની સર્વે ક્રિયાઓ ખોપરીમાં રહેલા મગજને આભારી છે એવી દલીલ જ્યારે કરે છે ત્યારે તેઓ એ વાત ભૂલી જાય છે કે માનવનું મગજ તો દર્પણના જેવું યાતો ટાઇપરાઇટરના યંત્ર જેવું છે. સ્થૂલ ભૂમિકામાં થતી ક્રિયાને તે દર્પણ આપણા આ ત્રણ – દિશામાનવાળા જગતમાં બની શકે તેવી, અને શક્ય તેટલી, પ્રતિફલિત કરે છે. ટાઇપ-રાઇટરના ઉદાહરણમાં પણ આપણને સ્પષ્ટ જણાય છે કે લખવાની સામગ્રી (Mechanism) સઘળી તૈયાર હોવા છતાં જે વાક્યો ટાઇપ થાય છે (છપાય છે) તે કોઇ અન્યની ક્રિયાને આભારી છે, – મશીન (યંત્ર) જાતે છાપતું નથી.

પ્રશ્ન થશે કે માનવનું મગજ ખસી જાય છે – તે પ્રમત્ત થઈ જાય છે ત્યારે ચિત્તંત્રના સામાન્ય વ્યાપારો અટકી પડે છે.





તેનું શું? – પરંતુ મગજની અવ્યવસ્થિતતા થતાં ચિત્તંત્ર નાશ પામ્યું એમ માનવું તદ્દન અસંગત છે. બગડેલું, અવ્યવસ્થિત યંત્ર જેમ અવ્યવસ્થિત અને ખરાબ કામ આપે છે તેવું જ મગજનું પણ થાય છે.

અને ભૌતિકશાસ્ત્રવેત્તાઓનું અંતિમ દૃષ્ટિબિંદુ લઇશું તો તો –"માનવ, બુદ્ધિપૂર્વક પોતાનાં કાર્યો કરે છે" — એમ પણ નહિ કહી શકાય. — નિદાન એ કથન વ્યાજબી તો નહિ ગણાય. "માનવ કરે છે," એ બધું, ખરું જોતાં, – પ્રકૃતિ જ માનવમાં કરે છે – એમ ગણવું જોઇએ. યાતો "પ્રકૃતિ માનવ પાસે કરાવે છે" એમ જ કહેવું જોઇએ. ભૌતિકશાસ્ત્રના જડવાદી અનુયાયીઓને મન તો જગત અચેતન, જડશક્તિઓનાં સંકુલ કાર્યનું અકસ્માત પરિણામ માત્ર છે! એ જડશક્તિ જ માનવમાં, એ અભિપ્રાય પ્રમાણે, જિવનનું અને બુદ્ધિનું સ્વરૂપ ધારણ કરે છે!

પરંતુ ઉપરનો વિચાર ખરો નથી. અચેતન – જડ – શક્તિ સતત "ગતિ" કરી રહી છે એવું ભૌતિકશાસ્ત્રો સ્વીકારે છે. વારુ. હવે "ગતિ" એટલે? ગતિનો ખ્યાલ જ કાલનું ભાન માગી લે છે! કાલના ભાનનું પરિણામ "ગતિ"નું જ્ઞાન છે. અર્થાત્ "ગતિ"નો વિચાર આવે તે પૂર્વે માનવ મનની હયાતિની આવશ્યકતા સ્પષ્ટ થાય છે. અને "ગતિ" માટે "મન" – "બુદ્ધિ" – અનિવાર્ય છે. *

---

* "વિચારની શક્તિ વિના ગતિ કલ્પવી અસંભવિત": વિચારણાને Self – conscious ક્ષેત્રની ક્રિયા પ્રધાનપણે ગણિયે, તો આ મને ખરૂં નથી લાગતું કેમકે માનવ un–conscious પ્રેરણાથી પણ ઘણી ગતિ કરે છે; અને માનવથી નીચી યોનિયોના પ્રાણી

"વિચાર," – માનસિક વિચાર – પણ ગતિનો જ એક પ્રકાર છે એમ માનવું ભૂલભરેલું છે. "ગતિ" અને "વિચાર" બન્ને વિજાતીય ઘટનાઓ છે. ગતિ વિના વિચાર શક્ય છે, પરંતુ વિચારની શક્તિ વિના "ગતિ" કલ્પવી અસંભવિત છે. સૂક્ષ્મ ચિત્તંત્ર ન હોય તો કાલ – માન હોય નહિ; અને કાલના ભાન વિના "ગતિ"નો ખ્યાલ જ અસંભવિત છે!

અને ભૌતિકશાસ્ત્રો આટલા બધા ઘાંટા પાડીને જાહેર કરે છે તે "પદાર્થ – તત્ત્વ" શું છે? કેવળ બુદ્ધિજન્ય – અને બુદ્ધિગમ્ય વિચાર! આપણી ઇન્દ્રિયોને જે વસ્તુઓ ગમ્ય છે તેમનું મૂળ – જે કંઇ હો, – વાસ્તવિક છે એ ખરું પરંતુ પદાર્થતત્ત્વનો આપણે જે ખ્યાલ બાંધીએ છીએ તે તો ફક્ત આપણી બુદ્ધિને માટે કામચલાઉ ટેકા જેવો જ અપૂર્ણ, તાત્કાલિક અને તેથી સાપેક્ષ છે. કોઇએ પદાર્થતત્ત્વ જોયું નથી, જાણ્યું નથી.

તો પછી, ચિત્તંત્રનું અને આંતર ચૈતન્યની ક્રિયાઓનું જ્ઞાન મેળવવું કેવી રીતે? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઉપસ્થિત થાય છે. એ જ્ઞાન મેળવવા માટે – ૧. વિચારને ભાષામાં પ્રગટ કરીને તે જ્ઞાન મેળવી શકાય છે. ૨. સાદૃશ્ય – (Analogy)નો આબેહૂબ ખ્યાલ અંતરમાં રજૂ કરવાથી પણ તે જ્ઞાન મેળવી શકાય છે.

---

માત્રની ગતિ લગભગ બધીએ પ્રેરણાજન્ય હોય છે. વળી વિચારણાજન્ય ગતિમાંથી આદતો અને આકર્ષણો બંધાતાં તજ્જન્ય ગતિઓ માનવમાં પણ – વિજયી થવાને માટે – પ્રેરણાજન્ય ગતિઓના જેવી "પ્રતિકાર્યો એટલે કેવળ reactions"ની જાતની ગતિઓના રૂપની જેટલી બને તેટલી થઇ જાય, એ કુદરતી જ છે. બ. ક. ઠાકોર





પરંતુ સૂક્ષ્મજીવન – આંતરચૈતન્ય અને તેની ક્રિયાઓ કાંઇ સાદી સીધી નથી. એ ક્રિયાઓ ઘણી જ સંકૂલ – અટપટી અને પરસ્પર સંમિશ્રિત હોય છે તેનું શું કરવું? ખરી વાત એ છે કે સર્વ વિરાટ્‌ના જ ભાગો હોઇ મૂળ તો એક જ છે. પરંતુ અત્યારની માનવ ચૈતન્યની અવસ્થામાં તે પર – ચૈતન્યને – (Superconscience) માનવ જાણી શકે તેમ નથી. એનું જ્ઞાન થવા માટે માનવના ચિત્તંત્રનું પુનર્ગઠન યાને રૂપાંતર – થવાની જરૂર છે. કારણકે હાલનું માનવચિત્તંત્ર અનેક રીતે મર્યાદિત છે.

હેગૅલે (Hegel) ચૈતન્ય દ્વારા સીધેસીધું આધ્યાત્મિક જ્ઞાન મેળવવાની શક્યતા સ્વીકારી છે ખરી. પરંતુ અત્યારની ચૈતન્યાવસ્થામાં જગતના મૌલિક સત્યને માનવ જાણી શકતો નથી, કારણ જગતનું જ્ઞાન મેળવી શકતો નથી, – તેનાં ત્રણ મૂખ્ય કારણો છે:—

(૧) સત્‌ - માત્રને (Being = સત્‌) આપણે ઘટના (Event) તરીકે જ ગણીએ છીએ, (ગણવાનો આપણને અભ્યાસ છે) એટલે ઘટના વિના બીજું બધું આપણને અસંભવિત લાગે છે.

(૨) કારણ કે જગતનો, – સ્થૂલ જગતથી પર વિશ્વનો, – સ્વીકાર કરીએ છીએ ત્યારે પણ ત્રણ – દિશામાન વડે મર્યાદિત થયેલી આપણી બુદ્ધિ વડે અને પરિમિત માનવ ચિત્તંત્ર વડે જ તેને જાણવાનો આગ્રહ કરીએ છીએ.

(૩) તે વિરાટ્‌નું, કારણ – જગતનું, જે પ્રતિબિંબ આપણી દુનિયામાં પડે છે તેની માયાથી આપણે છેતરાઇને તેને જ આપણે "વાસ્તવિક" "સત્ય" ગણવાની ભૂલ કરીએ છીએ

ત્યારે એ કારણ જગત – ત્રણ દિશામાનથી પર એવું, વિશ્વ કેવું હશે? એ પ્રશ્નના સૂચક ઉત્તર આપવા પ્રયત્ન કરીએ.

૧. પ્રથમ તો, – એ જગત ત્રણ – દિશામાનથી મર્યાદિત નહિ હોય, એટલું તો ખાત્રીપૂર્વક કહી શકાય. અર્થાત્, એ વિશ્વ "દિશામાં વિસ્તરતું" અને "કાલમાં ગતિ કરતું" નહિ હોય. એ બે ગુણરહિત વિશ્વકલ્પી જુવો

૨. તે વિશ્વમાં જિવન વિનાનું – પ્રાણહીન, કેવલ જડ, એવું કશું નહિ હોય, આપણે આગળ જઇને એમ પણ કહી શકીએ કે એ વિશ્વમાં "જડ" એવું કશું "હોઇ શકે નહિ."

૩. એ વિશ્વમાં ત્રણ મહદાશ્ચર્યો આપણે નિહાળીશું.—

(અ) કાલનું આશ્ચર્ય. અર્થાત્ અત્યારે આપણે કાલને વશ છીએ, તે મટી જઇને તેનું રહસ્ય જાણીશું.

(આ) વિચારનું આશ્ચર્ય. અર્થાત્ "ગતિનું પરિણામ વિચાર નથી" પણ તેથી ઉલટું "વિચારનું પરિણામ ગતિ છે" એ સત્ય આપણે બરાબર સમજીશું.

(ઇ) અનંતનું પરમ આશ્ચર્ય; વિશ્વને પરિમાણ જ નથી એ સત્યનો આપણને સાશ્ચર્ય સાક્ષાત્કાર થશે.

[ ૧૭ ]

ચેતના આપણને સર્વત્ર દેખાતી નથી. પરંતુ એટલા ઉપરથી જે પદાર્થોમાં ચૈતન્ય જણાતું નથી તેઓ નિર્જીવ, – જીવનરહિત, છે એમ માની લેવું બરાબર નથી. જડ જણાતા પદાર્થોમાં ભૌતિકશાસ્ત્રની શોધખોળોને પરિણામે કેટલાક નિયમો કાર્ય





કરતા જણાય છે. જડ ગણાતી અને દેખીતી વસ્તુમાં વ્યાપક એ નિયમો બુદ્ધિપૂર્વક કાર્ય કરતી કોઇ શક્તિને આભારી હોય એમ જણાય છે. નિયમોનું અસ્તિત્વ અને તેમના અસ્તિત્વનું જ્ઞાન એટલે જ વિશ્વવ્યાપી કોઇ હેતુનું – હેતુપુરઃસર કાર્ય કરી રહેલ કોઇ શક્તિનું યાને સત્તાના અસ્તિત્વનું આડકતરી રીતે થતું જ્ઞાન.

એટલે જડ અને ચેતન એ વિભાગો વાસ્તવિક નથી, — માનવના પાડેલા છે. ધારો કે પ્રત્યેક માનવનું ચૈતન્ય બીજા સર્વે માનવોથી તદ્દન વિખૂટું પડી ગયેલું હોત અને વાચા વડે યાતો પોતાના અંતઃકરણના કાર્યોના સાદૃશ્ય વડે બીજા માનવના અંતરની ક્રિયાઓ જાણી ન શકાતી હોત તો? — તો, દરેક માનવને પોતાના સિવાયના બધા જ માનવો જડ – પ્રાણ વગરના – લાગત. ટુંકામાં ત્રણ દિશામાનમાં પ્રગટતા જીવનને આપણે જીવનરૂપે સમજીએ અને સ્વીકારીએ છીએ. પરંતુ જેમનો પ્રાણ એ પ્રકારે પ્રગટ થતો નથી તે પદાર્થોનો અંતરાત્મા આપણે જાણી શકતા નથી.

અને આપણામાં સાદૃશ્ય વડે ( Analogy ) જ્ઞાન મેળવવાની શક્તિ રહેલી છે તે માનવ પૂરતું અપૂર્ણ જ્ઞાન આપી શકે છે એ ખરું, પરતુ અન્ય પ્રકારનાં સત્વો વિષે જ્ઞાન મેળવવાની એ શક્તિ પરિમિત છે.

એ પ્રમાણે જેને માનવ જડ કહે છે તે વાસ્તવિક રીતે જડ હોય જ એવું નથી. અને એના પૂરાવામાં આપણે જીવનના અનુભવમાંથી કેટલીક ઘટનાઓ ટાંકી શકીએ.

ઘણીએ જડ ગણાતી વસ્તુઓમાં માનવને અદ્ભુત ભાવનું

અને વિરાટ્ પ્રાણનું ભાન થાય છે. ઉદાહરણ તરીકે, ઘેરાયલા આકાશના વાદળોથી ભરેલા વિશાળ પટમાં એક છેડેથી બીજે છેડે નેત્રોને ઝંખવી નાખી પલવારમાં પસાર થતી વિદ્યુત્ સર્વત્ર છાઇ ઝબકે છે, ત્યારે વિરાટ્માં ખેલતા પ્રાણનો સંચાર થતો હોય તેનું ભાન આપણને કેટલીક વાર થાય છે. કેટલાક દિનોના ઉદય સાથે જ આપણને તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ – એક પ્રકારની વિશિષ્ટતા – દેખાય છે. સંવત્સરો પર સંવત્સરોની ચાલી જતી હાર; પાનખર ઋતુમાં ખરતાં પાંદડાંઓ; આખા એ વર્ષનાં સ્મરણોથી ભરેલી પોતાની સુવાસ પ્રસારી પ્રભાતનાં બાલસૂર્યનાં તેજમાં પ્રફુલ્લતો વસંતનો અલૌકિક બ્હાર; તારાજડિત રાત્રિઓનું – અમાવાસ્યાનું – પ્રશાંત આકાશ; વિશાળ, નીલ ઘેરો ગર્જતો, શાંત સંગીત કરતો મહાસાગર; કલગાન કરતો વહી જતો નિર્ઝર જળસ્રોત – આ સઘળું કોઇ સમયે સજીવન ન લાગેલું હોય એવો સંસ્કારી કે અસંસ્કારી માનવ મળવો મુશ્કેલ છે.

આપણને લાગે છે કે પ્રકૃતિમાં રહેલ અનંત ચૈતન્યને એ સર્વે પદાર્થો વ્યક્ત કરી રહ્યા છે, – ભાવ અને વિચાર માનવમાં પ્રગટે છે તેની પેઠે જ. પ્રત્યેક જડ ગણાતા પદાર્થનો પણ અંતરાત્મા હોય છે. પર્જન્ય, અગ્નિ, વનસ્પતિ, વગેરેમાં એવી આત્મચેતના રહેલી છે. અલબત્ત એ ખરું છે કે પર્વતનો સૂક્ષ્મ અંતરાત્મા માનવના ચૈત્યપુરુષના ( Psychic Being ) જેવો નથી, પરંતુ એમાં કશો વિરોધ છે એમ માનવાનું કાંઇ કારણ નથી. એ તો જેને આપણે " અસ્તિ " કહીએ છીએ તે પણ ક્યાં બધે સમાન હોય છે? 'ઘર,' 'માનવ,' 'વિચાર,' એ





ત્રણે " છે " એમ આપણે કહીએ છીએ; પરંતુ એ દરેકના સત્નો પ્રકાર જૂદો છે. – એ આપણે આગળ જોયું છે.

જીવનમાં અનિવાર્ય જણાતી પ્રજોત્પાદન શક્તિ ઉપર જણાવેલા પદાર્થોમાં ( એટલે કે જડ ગણાતા પદાર્થોમાં ) નથી, એ દલીલમાં માનવ ગ્રહણ કરી શકે એવી ચૈતન્યની અવસ્થાને જ ધોરણ તરીકે આપણે સ્વીકારીએ છીએ. વળી જડ ગણાતા પદાર્થોનો જન્મ જોવા અને જાણવા માટે ઘણા જ લાંબા કાળનો પટ આપણે ગણત્રીમાં લેવો જોઇએ. એ લાખો વર્ષોનો કાલ – પટ જોઇશું તો ધાતુઓ પણ **બનતી** જોઇ શકાશે – ( ભૂગર્ભમાં રાસાયનિક વિકારો થઇ અંતે વિશુદ્ધ ધાતુનાં કણો માનસિક દૃષ્ટિએ જણાશે. )

માનવશરીરનો એક ચોરસ ઇંચ જેટલો કોઇ પણ ભાગ લઇને કેવળ તેના જ ઉપર સમગ્ર દૃષ્ટિને એકાગ્ર કરીશું તો તેને પણ આપણે **જડ** ગણી શકીશું! પરંતુ એ માન્યતા કેટલી વાસ્તવિક ગણાય વારુ?

એટલે ફરીને આપણે યાદ રાખવું જોઇએ કે જડ – અને ચેતન એ વિભાગો માનવે કરેલા છે, – વસ્તુમાં નથી.

પ્રાણીના બે ટુકડા કરવાથી તે વિનાશ પામે છે અને પથ્થરના બે ટુકડા કરતાં એકના બે પત્થર બને છે એટલા પરથી જડતા યા તો સચેતનતા સિદ્ધ કરવા પ્રયત્ન કરવો એ દલીલ યથાર્થ નથી. પ્રાણીમાં રહેલું ચૈતન્ય વધારે વિકાસ પામેલું છે, અર્થાત્ વધારે વ્યક્ત થએલું છે, જ્યારે પથ્થરમાં તે પ્રાથમિક અવિકસિત દશામાં છે – એટલું જ આપણે કહી શકીએ. ત્રણ દિશામાનમાં વ્યકત થતો સ્થૂલ પદાર્થ – યા તો

સ્થૂલ શરીર, ચતુર્થ દિશામાનમાં આવેલા શરીરનો જ (લિંગ-દેહનો) વિસર્ગ માત્ર છે એ રીતે જોતાં પથ્થરનું વાસ્તવિક સ્વરૂપ ચતુર્થ દિશામાનમાં આવી રહેલું છે તે આપણે સમજી શકીશું.

વળી માનવ "સચેત" છે એ ઉપરથી તેનું ચૈતન્ય એક જ પ્રકારનું એમ માની લેવું વાસ્તવિક નથી. તેનામાં ત્રણ પ્રકારનું ચૈતન્ય હોય છે. ૧. સ્થૂલ શરીરનું – પાર્થિવ ચૈતન્યતત્ત્વ; ૨. વારેવારે બદલાયા કરતું "હું"નું ભાન; ૩ સર્વ સાથે એક એવું વિરાટ્ – ચૈતન્ય.

ઉપર જણાવેલી ૩જી સ્થિતિ વિષે હાલ આપણે લગભગ કશું જ જાણતા નથી. બેભાન અવસ્થામાં, નિશામાં, ઘેનમાં, મૂર્છામાં, અથવા તો આનંદની પરાકાષ્ટામાં આપણે કાંઇક અંશે તેનું કાર્ય જોઇ શકીએ છીએ. – કોઇ કોઇ નિદ્રામાં અને સ્વમાવસ્થામાં પણ તેનું કાર્ય જાણી શકાય છે:

વળી જૂદા જૂદા માનવોનું અંગત વ્યક્તિત્વ હોય છે એટલું જ નથી, પરંતુ સમાજનું, ટોળાનું, પણ સંઘચૈતન્ય હોય છે. પ્રજા, જાતિ, સંઘ, રાષ્ટ્ર, નાત, સમાજ, ધાર્મિક પંથ, રાજકીય પક્ષ, વગેરે પણ વ્યક્તિત્વવાળાં હોઈ શકે છે – અને ઘણુંખરું વ્યક્તિત્વવાળાં હોય છે. – પ્રત્યેકનો અંતરાત્મા નિરનિરાળો હોય છે. આખી માનવજાતિની પાછળ વિરાટ્નું ચૈતન્ય છે.

માનવનું વ્યક્તિત્વ સાદું, સીધું, અને એક જ પ્રકારનું, સદા અવિકારી હોતું નથી એ આપણે આગળ જોઇ ગયા છીએ. વધારે વાસ્તવિક વર્ણન કરવું હોય તો માનવને "ભરેલા ઘર





જેવો" કહી શકાય. એક જ ઘરમાં વસતી વ્યક્તિઓના સ્વભાવ, અભ્યાસ, અને વિશિષ્ટતાઓમાં પણ ભેદ હોય છે. તેમ એક જ માનવમાં આવી રહેલા વ્યક્તિસ્વરૂપોમાં ભેદ હોય છે.

માનવની અંદર આવી રહેલ વ્યક્તિસ્વરૂપોની વિવિધતા દર્શાવવા માટે વધારે ઉપયુક્ત ઉપમા જોઇતી હોય તો તેને મુસાફરોથી ભરેલી આગબોટ જેવો કહી શકાય. એક જ આગબોટમાં સાથે મુસાફરી કરતા યાત્રીઓ પોતપોતાના વિવિધ લક્ષ્ય પ્રત્યે ગતિ કરતા હોય છે. બધા એ બે ઘડીના પરોણા હોય છે; અને છતાં આખી આગબોટ તેના પોતાના લક્ષ્ય પ્રત્યે જતી હોય છે. અને ખૂબી તો એ છે કે પ્રત્યેક મુસાફર એમ માનતો હોય છે કે "આગબોટનું કેન્દ્ર, – મધ્યબિન્દુ હું છું" – અને "મારે માટે જ આગબોટ મુસાફરી કરે છે" માનવના ચિત્તંત્રમાં પણ અનેક પ્રકારના લક્ષ્ય પ્રત્યે ગતિ કરતી અનેક વ્યક્તિઓ રહેલી હોય છે અને ઉપરની ઉપમા તેમનું ઘણું જ સુંદર અને આબેહુબ વર્ણન રજૂ કરે છે.

૧. સ્થૂલ શરીરનું ચૈતન્ય લઇએ. એમાં મનોમય ચૈતન્ય કામ કરે છે ખરું, છતાં સામાન્ય અવસ્થામાં માનવને શરીરના ચૈતન્યની સંજ્ઞા ભાગ્યે હોય છે એ આખીએ ભૂમિકામાં અંધ-પ્રેરણાઓનું (Instinct) રાજ્ય ચાલતું હોય છે. પ્રત્યેક અવયવ અને ઇન્દ્રિયને તેનું પોતાનું ચૈતન્ય હોય છે.

૨. સૂક્ષ્મ પ્રાણમય તંત્ર, જેમાં ઇન્દ્રિય સંસ્કારજન્ય જ્ઞાન, વિચાર, ભાવ, કામનાઓ વગેરેનો સમાવેશ કરી શકાય.

૩. વિરાટ – ચૈતન્ય, અત્યારે જેને વિષે માનવ અજ્ઞાત છે.

હવે સામાન્ય માનવનું ચિત્તંત્ર જોઇશું તો, મોટે ભાગે,

ક્ષણિક બાહ્ય આવેગોનો અને પ્રકૃતિની અંધ સૂચનાનો અમલ કરવામાં તે મશગુલ જણાશે. એટલે કે તદ્દન નકામા, નજીવા, સંકલ્પવિકલ્પો તેના ચિત્તંત્રમાં થયા કરતા હોય છે. ધર્મ, તત્ત્વ-જ્ઞાન, કલા, ભાવની અનુભૂતિ વગેરે ઉચ્ચ માનસિક ક્રિયાઓ ઘણા થોડા માનવોમાં જણાય છે. તેમાં પણ વિચાર, તથા વ્યહવાર, આદર્શ અને જિવન વચ્ચે હંમેશાં આવી રહેલો ભેદ ટાળવાની અગત્ય ઘણા થોડા માનવોને જણાય છે.

સામાન્ય વ્યહવારમાં "હું" એવો પ્રયોગ જ્યારે જ્યારે માનવ કરે છે ત્યારે એક જ વ્યક્તિ વિષે બોલાય છે એ માન્યતા સાચી નથી; પ્રત્યેક ક્ષણે યાતો પ્રત્યેક સમયે (પ્રસંગે) જે ભાગ આગળ હોય છે – સક્રિય હોય છે, – તે જ વિવક્ષિત હોય છે. અને એ તેનું સ્વરૂપ તેના અંતરાત્માના અનંત સ્વરૂપોમાંનું કેવળ એક જ કદાચ છેક નજીવું પણ હોય છે.

અંધકારમાં વિલીન નગરીમાં રાત્રિએ ફાનસો લઈ ફરતી જૂદી જૂદી વ્યક્તિઓની કલ્પના આગળ કહેલી છે તે ફરીને મનમાં તાજી કરવાથી માનવમાં રહેલા અનેક વ્યક્તિ સ્વરૂપોનો યથાર્થ ખ્યાલ આવશે.

અને બાહ્યજગતમાં આપણે જે ગતિ જોઇએ છીએ તે, ખરું જોતાં આપણા અંતરમાં ગતિ કરી રહેલ અનેક વ્યક્તિઓને આભારી છે. જ્યારે માનવના ચૈતન્યનું કેન્દ્ર ("હું") એક પદાર્થ ઉપરથી બીજા ઉપર, એક કામના છોડીને બીજી કામના ઉપર જાય છે ત્યારે માનવને (વિશ્વમાં) ગતિનું ભાન થાય છે. આ અંતરમાં થતી સૂક્ષ્મ ગતિ જગતમાં થતી વાસ્તવિક 'ગતિ' છે.





હવે કોઇ વ્યક્તિ એવી ધારો કે જેનો સમગ્રચૈતન્ય પ્રદેશ એકી વખતે જ્ઞાનના આલોકથી પ્રકાશિત છે. તો? તેને જગત સ્થિર, શાંત, નિષ્ક્રિય લાગશે. સર્વ ગતિ બંધ પડશે. ખરું જોતાં વિશ્વમાં ગતિ થતી જ નથી. જગતમાં કશું "બનતું" નથી, – સઘળું "છે." પરંતુ મુશ્કેલી એ છે કે ચૈતન્ય વડે આપણે સઘળું વિશ્વ એકી વખતે જોઇ શકતા નથી. એટલે જગતને "ગતિ કરતું" – 'વિકાસ પામતું' – "બનતું" જોઇએ છીએ. એ જ્ઞાન કેવું અને કેટલું અપૂર્ણ છે. તેનો ખ્યાલ કરવા માટે એક ઘર આગળથી પસાર થતાં તે આપણને "પાછળ" ગયેલું લાગે છે એ અનુભવ યાદ લાવી તેની અવાસ્તવિકતા બરાબર સમજવા પ્રયત્ન કરો.

બીજા માનવોમાં સૂક્ષ્મ જિવન (આપણા જેવું) છે એ જેમ આપણે સાદૃશ્ય વડે જાણી શકીએ છીએ તેવી જ રીત આપણાથી વધારે સૂક્ષ્મ અને ઉચ્ચ પ્રકારના જિવનવાળાં સત્ત્વો પણ હોઈ શકે એ આપણે જાણી શકીએ છીએ. આ જ્ઞાન વાસ્તવિક થવા માટે જે ભૂમિકા ઉપર એ સત્ત્વો હોય તેની સાથે આપણા ચૈતન્યનો સંબંધ કરવો જરૂરનો છે. અત્યારે એ આપણાથી પર રહેલી ભૂમિકાઓ જોડે આપણું ચૈતન્ય સંબંધમાં ન હોય તો તેનો વિકાસ કરી એ શક્તિ આપણે મેળવવી જોઇએ.

સ્થૂલ ભૂમિકામાં પણ ભૌતિકશાસ્ત્રો જે પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવાનો દાવો કરે છે તે પણ નરી માનવ ઇન્દ્રિયોથી ક્યાં મેળવાય છે? આકાશમાં અતિ દૂર આવી રહેલા તારાઓ – ગ્રહો, વગેરેનું અવલોકન કરવા માટે નરી આંખો પર્યાપ્ત નથી. એને માટે દુરબીન યંત્રનો ઉપયોગ માનવ કરે છે. તેવી જ રીતે એ

સૂક્ષ્મ અને પર ભૂમિકાઓનું જ્ઞાન મેળવવા માટે સામાન્ય માનવ ચેતના અશક્ત છે. આખા ચૈતન્યની પુનર્ઘટના, રૂપાંતર, દષ્ટિબિંદુમાં મૌલિક ફેર કરવાથી એ પર ભૂમિકાઓને જાણવાની, તેમની સાથે સંબંધમાં આવવાની અને (તેમાં ચૈતન્યને સતત ધારણ કરવાની) શક્તિ વિકાસ પામે છે. માનવ ચૈતન્યની એ શક્તિ - જેના વડે સામાન્ય ભૂમિકાથી પર ચૈતન્યનું તેને જ્ઞાન થાય છે તેને - "દષ્ટિ" કહી શકાય.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં "વિશ્વરૂપ"નું વર્ણન કરેલું છે. એ "વિશ્વરૂપ" એટલે સર્વવ્યાપી વિરાટ્ ચૈતન્ય: કાલ અને દિશામાં કાર્ય કરી રહેલ વિરાટ્ ચૈતન્ય: વિશિષ્ટ કાલ અને દિક્‌માં વ્યક્ત થતી વિરાટ્‌ની તપ: શક્તિ: સમયને યાતો પેઢીને નિશ્ચિતવલણ આપનાર, વિશિષ્ટ હેતુ પ્રત્યે દોરી જનાર વિરાટ્ - ચૈતન્ય સામાન્ય અસંસ્કૃત માનવને તેના અસ્તિત્વના પુરાવાઓ આપી શકાય નહિ એ સમજવું સહેલું છે.

થોડા પ્રશ્નો વિષે વિચાર કરીશું તોપણ આપણને તેની શક્યતા સ્પષ્ટ થશે (૧) માનવનો પ્રાણ શેને લીધે ટકી રહ્યો છે? આગળ સ્થૂલ શક્તિ કરતાં "પ્રાણ" અને 'પ્રાણ' કરતાં 'મન' - ઉત્તરોત્તર વધારે ઉચ્ચ પ્રકારની શક્તિઓ છે તે વિષે કહેવાઈ ગયું છે. એટલે માનવ પ્રાણ, જનાવરોમાં, જંતુઓમાં, વનસ્પતિમાં વગેરેમાં વ્યક્ત થતો પ્રાણ - ટુંકામાં સૌ પ્રાણ એક છે - સમાન છે, - વિરાટ્ છે. એના જૂદા જૂદા પ્રકારો છતાં વિરાટ્ - પ્રાણ સર્વ પ્રાણમય સત્‌ને ટકાવી રાખે છે એ સમજવું મુશ્કેલ નથી.

વળી ઉપર જણાવેલ વિરાટ્ - વિશ્વરૂપ જેમાં છે તે જગત





માનવનાં જગત કરતાં વધારે મૂક્ત હોય એ પણ સમજી શકાય તેવું છે.

અને છેક સ્થૂલ જગત પણ લઈએ. એ જગતને "જડ" ગણવાનો માનવોને અભ્યાસ હોવાથી તેઓ તેની કેટલીએ ખુબીઓ, સુંદરતાઓ, અને રહસ્યો જોઈ જાણી શકતા નથી. એવી અસૂક્ષ્મ - અસંસ્કૃત દષ્ટિને "વિશ્વરૂપ" - "ભગવાન" વગેરે તદ્દન અસ્વભાવિક લાગે એમાં કશું આશ્ચર્ય નથી.

પૃથ્વીનું જ ઉદાહરણ લ્યો. શું પૃથ્વી કેવળ ચેતનરહિત છે, વારું? વિશાળ મહાસાગરો સ્વર્ગની જ્યોતિ પ્રતિબિંબિત કરે છે! - જાણે પૃથ્વી ઉપર આવી રહેલું અનંત દર્પણ. પૃથ્વીનું વાતાવરણ - તેજનારશ્મિઓનું પરાવર્તન, અને પૃથક્કરણ કરે છે જાણે બેહદ પહેલવાળો હીરો! ગિરિશૃંગો ઉપર જામેલો બરફ અને આકાશમાં પથરાયેલાં વાદળાંઓ સૂર્યની જ્યોતિને ધવલ બનાવી દિશાઓને જ્યોતિર્મય કરે છે. વિસ્તૃત જંગલો, વનસ્પતિઓ, અને રંગબેરંગી પુષ્પો એ જ તેજના કિરણોનું પૃથક્કરણ કરી તેમાંથી સપ્તરંગી ઇન્દ્રધનુષ્ય બનાવે છે! — અને પોલેરાઇઝેશન, intergerence અને absorption, વગેરે જ્યોતિના અનેક ધર્મો આપણે જેને જડ ગણીએ છીએ તેવા પદાર્થોમાં એવી એવી તો સૂક્ષ્મતમ અણુતમ - ક્રિયા, પ્રતિક્રિયા કરી મૂકે છે કે તેમને જાણવાનું માનવની ગ્રામ્ય ઇન્દ્રિયોનું તો ગજું પણ નથી! અને છતાં માનવ તો કહે જાય છે કે પૃથ્વી તો "પ્રાણહીન" છે, "અચેતન" છે. "જડ" છે!

ખરું જોતાં જિવન સર્વત્ર છે - વિરાટ છે. ચૈતન્ય સર્વવ્યાપી છે. - - જડ એવું કાંઇ છે જ નહિ.

[ ૧૮ ]

પરંતુ "જિવન" એટલે શું? અને એની સાર્થકતા શેમાં? એ પ્રશ્નોના અનેક ઉત્તરો અપાયા છે! કેટલાક "સેવા"–"સમર્પણ" "ત્યાગ" "આનંદ" 'પૂર્ણતા" યાતો આત્માની ભાવિ ઉન્નતિમાં જગતમાં માનવસમાજની કોઇ આદર્શ વ્યવસ્થામાં – વગેરેમાં જિવનની સાર્થકતા જૂવે છે. વળી એવી સાર્થકતાની અજ્ઞેયતા સ્વીકારનારા મીમાંસકો પણ છે.

જિવનનો હેતુ એ પ્રમાણે તેની બ્હાર શોધવા જવો એ ભૂલ છે. જિવનનો સાર છે "જ્ઞાન." અજ્ઞાત પ્રત્યે આત્માની ઝંખના એનું જ નામ જિવન! ઇન્દ્રિયો, માત્રાસ્પર્શ વડે થતું જ્ઞાન, બુદ્ધિજન્ય વિચાર, આપણા નિર્ણયો, સંકલ્પો, ભાવો, સર્જનો એ સઘળાં છેવટે આપણને શું આપે છે? ઉત્તર આપી શકાય "જ્ઞાન." વળી સામાજિક જીવનની કેટલીક પ્રવૃત્તિઓ, ધર્મ, નીતિ, કલા, રસગ્રહણશક્તિ, સૌંદર્યની ભાવના વગેરે પણ છેવટે જ્ઞાન જ આપે છે. જાણ્યે અજાણ્યે 'જ્ઞાનપ્રાપ્તિ" એ જિવનનો પરમ હેતુ જણાય છે. ભૌતિકશાસ્ત્રો પણ જિવન – કલહ – જિવનસંગ્રામ – અને "લાયકની ચિરંજીવતા" કહે છે એ સિદ્ધાંતો પણ આપણને જ્ઞાન આપે છે.

એ જ્ઞાન આપણે સ્થૂલ અને સૂક્ષ્મ એ બન્ને કારણો વડે પ્રાપ્ત કરીએ છીએ. બુદ્ધિ જ્ઞાન મેળવવાની મનની શક્તિ છે. તપઃશક્તિ કામનાઓનું પરિણામ છે. વળી આધ્યાત્મિકતા પણ બુદ્ધિની શક્તિનું પરિણામ છે. આધ્યાત્મિકતા એટલે બુદ્ધિ અને ઉચ્ચ ભાવોનું મિશ્રણ; ભાવ બુદ્ધિ વગેરે જ્ઞાનનાં જ સાધનો





છે. ભાવ એ પણ સમજૂતિનો એક પ્રકાર છે કેટલીક વસ્તુઓ આપણે ભાવ વડે જ જિવનમાં સમજી શકીએ છીએ.

ભાવ પણ જૂદા જૂદા પ્રકારના છે. વિનાશક અને સહાયક. અશુદ્ધ અને વિશુદ્ધ એ એના પ્રકારો છે. જેમ આકસ્મિક સંજોગો અને વ્યક્તિનાં બંધનમાંથી ભાવ મૂક્ત થાય છે તેમ તેમ તે વિશુદ્ધ બને છે. વ્યક્તિત્વના બંધનમાં થતા ભાવો – "પરિમિત" અને "અન્યાયી" હોવાના. ભાવ પોતે શુદ્ધ કે અશુદ્ધ હોતો નથી. કોનામાં અને કેવી રીતે તે પ્રગટે છે તેના ઉપર તેની શુદ્ધિ કે અશુદ્ધિનો આધાર રહેલો છે. કેટલીકવાર એમ પણ બને છે કે ભાવની પ્રગટ અભિવ્યક્તિ એક પ્રકારની હોય છતાં તેના મૂલમાં કેવલ જૂદો – કોઇકવાર તો તેના પ્રગટ સ્વરૂપથી છેક વિપરીત ભાવ – પણ આવી રહેલ હોય છે.

જાતિની ભાવના, મોટે ભાગે, ભાવની ક્રિયા જોડે સંકળાયેલી હોય છે વિશિષ્ટ, સ્વીકૃત, નિયમોનો ભારો કાંઇ નીતિ નથી એ આગળ કહેવાઇ ગયું છે. અને નીતિ તેને પોતાને ખાતર ઉપયોગી છે એમ માનવું એ પણ ભૂલવું છે. નીતિનો અંતિમ હેતુ નીતિ પોતે નહિ પરંતુ જ્ઞાનપ્રાપ્તિ છે. વળી નીતિના પાલનનું મૂળ રસવૃત્તિમાં – સૌંદર્યની ભાવનામાં રહેલું છે. અનીતિમય વર્તનમાં સુંદરતા નથી, સંવાદ હોતો નથી; પરંતુ વિસંવાદ હોય છે. અંતરના સાદની સાથે વ્યવહારનો વિસંવાદ થતાં અનીતિ જન્મે છે. ક્રોધ, લોભ, ઇર્ષા વગેરે અનિષ્ટ છે કારણકે તેમના વડે જ્ઞાન આચ્છાદિત થાય છે — માનવને તેઓ અંધ બનાવી મૂકે છે.

નીતિની ભાવના ફક્ત એક સાધન છે, સાધ્ય નથી. એ મુદ્દો જ્યારે માનવ ભૂલી જાય છે ત્યારે નીતિને નામે અનેક

જુલ્મો તે ગુજારે છે. સ્વતંત્રતા, પ્રેમ, ધર્મ, નીતિ, વિચાર સહિષ્ણુતા વગેરેને નામે જગતમાં જે કતલો થયેલી છે તે નીતિની એક પક્ષીયતાનાં સચોટ ઉદાહરણો છે એવી મૂર્ખાઇ ફક્ત માનવજાતિ જ કરી શકે

આમ નીતિનું મૂળ ફક્ત રસવૃત્તિમાં છે. અને માનવજિવનને માટે એ નીતિ ઘણી ઉપયોગી છે. એના વિના ઘણી વિષમતાઓ ઉત્પન્ન થાય છે. દા. ત. બુદ્ધિનો ઉપયોગ કરીને ભૌતિકશાસ્ત્રો વિધવિધ શોધખોળો કરે છે. અલબત્ત, માનવ બુદ્ધિનો એ મહાન વિજય છે. પરંતુ એ શોધખોળોનો ઉપયોગ કરવામાં નીતિની દૃષ્ટિનો લોપ થવાથી કેવાં પરિણામ આવે છે? એના ઉત્તરમાં આપણા આખા જમાનાની સંસ્કૃતિની નિશાની ગણાતી યુદ્ધની સામગ્રી જ જુઓ. યુરોપીય સંસ્કૃતિનું શિખર ડ્રેડનોનૉટ, ઝેરી હવા, મશીનગન! આપણા જમાનાઓએ કલ્યાણકારી ઉપચારો અને ઉપકરણો ઉત્પન્ન કરીને પોતાનો કલ્યાણકારી ફાળો આપ્યો જ નથી એમ કહેવાનો ભાવાર્થ નથી. સ્વતંત્રતા, પ્રકૃતિના ઉપર માનવનો વિજય, વિચારોનો બ્હોળો પ્રચાર, વૈદ્યકશાસ્ત્રની માનવ હિતાકારી મહાન શોધખોળો, વગેરે ઘણું આપણે જમા બાજુએ મૂકી શકીએ. પરંતુ ભાવાર્થ એ છે કે એ સઘળી શોધખોળો પોતે સારી કે ખરાબ, નીતિમય કે અનીતિમય નથી. એમનો ઉપયોગ કરનાર માનવના હેતુ પ્રમાણે તે સારી યા ખરાબ બને છે. જંગલી ગણાતી અવસ્થામાં હતો ત્યારે માનવ ગ્રામ્યહથિયાર વડે પોતાના શત્રુને છૂંદીને મારતો, આજે પ્રગતિને પરિણામે આપણે હજારો શત્રુઓનો એકી વખતે વિનાશ કરવામાં ફત્તેહ મેળવી શકીએ છીએ!





આનું એક કારણ રસવૃત્તિની અપક્વ દશા છે. માનવમાં સૌંદર્યની ભાવના હજુ વિકાસ પામી નથી. સમગ્ર અને વિભાગ, અવયવ અને અવયવ વચ્ચે, પદાર્થ, પદાર્થ વચ્ચે, પ્રાણી-પ્રાણીમાં – એક પ્રકારના સુખદ સંવાદની જરૂર હજુ માનવને જણાતી નથી. અને નીતિની ભાવના વિનાનો માનવ, પોતાના વિચારોની, હેતુઓની, અને ઇચ્છાઓની વ્યહવારુની કિંમત આંકવાનું જ ભૂલી જાય છે. નીતિની ભાવના વડે જ આદર્શને વ્યહવારમાં ઉતારવાનું ભાન થાય છે: મન વચન અને કર્મમાં એક્તાની માગણી કરવી એ એકતાની જરુરીઆતનું ભાન કરવું એ નીતિનું કાર્ય છે. અને મન વચન કર્મમાં એકતાની માગણી જ જિવનમાં સંવાદની પણ અગત્ય સમજે છે.

પરંતુ સામાન્ય માનવ વિચારો સમજી શકતો નથી, આદર્શો જોતો અને ભાવતો ( ભાવના કરતો ) નથી, નીતિઅનીતિ વિષે બહુ પંચાત કરતો નથી. ઉપર નીતિની જરુરીઆત વિષે કહેવાયું છે. પરંતુ એ માનવ માટે છે. બધા બેપગાઓ માનવ નથી! વિચારપૂર્વક બુદ્ધિ વડે દોરાતું યાતો ચિંતનાત્મક જિવન બહુ જ થોડા ગાળે છે! એવા મનોમય જિવનવાળા જ "માનવ" નામને લાયક છે. પોતાનું સ્વીકૃત નીતિધોરણ સ્વીકારવા બીજા કોઇના ઉપર દબાણ કરવું એ તદ્દન અયોગ્ય છે. સામાન્ય બેપગાઓ જ એવું વર્તન કરે, માનવ નહિ. ખરી જરૂર માનવમાં બુદ્ધિ જાગ્રત કરવાની છે. તેના અંતરને જાગ્રત કરી અંદરથી તેના હૃદયમાં નિશ્ચય અને ખાત્રી લાવવાનાં છે.

વળી આગળ આપણે એ પણ વિચારી ગયા છીએ કે નીતિ એ સાધન છે – સાધ્ય નહિ. તેનો હેતુ જ્ઞાનપ્રાપ્તિ છે.

અને આપણા કરતાં જૂદી જ નીતિમાં માનનાર પણ એક પ્રકારની નીતિમાં માને છે અને પરિણામે "જ્ઞાન" મેળવે છે એમ સમજી માનવે સહિષ્ણુ થતાં શીખવું જોઇએ. આવા અંતરના વિકાસની બાબતમાં પ્રચારકાર્ય કરવું યાતો ચેલાઓ મુંડવા નિરર્થક જ ગણાય. ખરે! કોઇવાર નીતિને નામે આચરાતી ક્રૂરતા પાશવ હોય છે; કેટલીકવાર એમ પણ લાગે છે કે, નીતિ કરતાં વધારે અંધ હોય એવું બીજું બળ ભાગ્યે જ હશે!

અત્યારનું આપણું જ્ઞાન ચાર પ્રકારે વ્યવસ્થિત થએલું છે. ૧. ભૌતિકશાસ્ત્રમાં, અવલોકન, પ્રયોગ, અનુમાન અને સામાન્ય સિદ્ધાંતની તારવણી વડે; ૨. તત્વજ્ઞાન – દર્શનશાસ્ત્રમાં મીમાંસા, બુદ્ધિજન્યવિચાર, વિવેક અને નિર્ણય શક્તિ વડે; ૩. ધર્મમાં નીતિની રસગ્રાહક ભાવના, ભાવપ્રધાન પ્રેરણા, સત્યની શોધ, ભગવાનના સ્વરૂપની જિજ્ઞાસા વડે; ૪. કાલમાં – સૌંદર્યની ભક્તિ વડે અને માનવને જ્ઞાન આપવાની તેની શક્તિ વડે – એમ ચારે રીતે અત્યારે જ્ઞાન વ્યવસ્થિત થઇ રહ્યું છે: એ ચારે પ્રકારો પરસ્પર વિરોધી નહિ પરંતુ ન્યૂનતાપૂરક જ છે. કારણકે ચારે એક છે: તેમનો હેતુ જ્ઞાન છે.

## [ ૧૯ ]

ત્યારે હવે ચૈતન્યના આંતરસત્યનું જ્ઞાન કેવી રીતે મેળવવું? ઉત્તર એ છે – "પ્રત્યક્ષ રીતે" અર્થાત્ "સાક્ષાત્કાર વડે" – "ચૈતન્યનો વિકાસ કરીને."

અત્યાર સુધીમાં આપણે જોઇ ગયા કે માનવની સર્વે





અનુભૂતિઓ તેના સૂક્ષ્મદેહની – ચિત્તંત્રની – મર્યાદા વડે મર્યાદિત હોય છે. એ મર્યાદાઓનું – સીમાઓનું ઉલ્લંઘન કર્યા વિના જ્ઞાન-પ્રાપ્તિના કાર્યમાં પ્રગતિ થવી મુશ્કેલ છે.

ભૌતિકશાસ્ત્ર પણ ચારે બાજુથી ઘેરાવા માંડ્યું છે. તેની સમક્ષ એવી એવી સ્થૂલ ઘટનાઓ આવીને ખડી થવા માંડી છે કે તેમનો અભ્યાસ કર્યા વિના (તેમના અસ્તિત્વનો સ્વીકાર કર્યા વિના) અને પરિણામે કેટલાક અનિવાર્ય નિર્ણયોનો સ્વીકાર કર્યા વિના તેને ચાલવાનું જ નથી. એ નિર્ણયોનો સ્વીકાર એટલે ભૌતિકશાસ્ત્રોના કેટલાક પ્રચલિત મૌલિક ગણાતા સિદ્ધાંતોના અસ્વીકાર! એ ઘટનાઓનો અભ્યાસ કરવા માટે ભૌતિકશાસ્ત્રે પોતાની અત્યાર સુધી અખત્યાર કરેલી પદ્ધતિમાં પણ મૌલિક ફેરફારો કર્યે જ છૂટકો છે. ઘણુંખરું તો "શી રીતે?" એ પ્રશ્નોનો ઉત્તર – અપૂર્ણપણે – ભૌતિક-શાસ્ત્રો આપવા મથે છે. પરંતુ "શા માટે?" "હેતુ શો?" "અંતિમ સત્ય શું?" વગેરે પ્રશ્નોનો કશો ય ઉત્તર તેમની પાસે નથી.

ભૌતિકશાસ્ત્રના નિર્ણયો ઉપર પોતાનું દર્શનશાસ્ત્ર રચનારા મીમાંસકો કેટલાક કહે છે કે એ પ્રશ્નો "અજ્ઞેય" છે.

પરંતુ પ્રશ્ન એ છે કે "એ પ્રશ્નો સાચે જ અજ્ઞેય છે કે **ભૌતિકશાસ્ત્રની પદ્ધતિ માટે** (વડે) તેઓ અજ્ઞેય છે?" આજ તો ભૌતિકશાસ્ત્રના પ્રદેશોનું અવલોકન કરતાં આપણને જણાય છે કે તેમાં "જ્ઞાત" કરતાં "અજ્ઞાત" પ્રદેશ ઘણો જ વિશાળ છે. અને વધારે ચોંકાવનારી બીના તો એ છે કે અત્યાર સુધી ભૌતિકશાસ્ત્રોનો નિમકહલાલ મિત્ર ગણાતું ગણિત-

શાસ્ત્ર તેની વિરુદ્ધ થવા બેઠું છે! બાહ્ય કારણો વડે ઘટના-ઓનો અભ્યાસ કરવાથી તેમનામાં રહેલ સત્યને આપણે પ્રાપ્ત કરી શકતા નથી એ સ્પષ્ટ છે. કહેશે કે "૪૦૦ વર્ષ અમેરિકા 'જ્ઞાત' નહતો. રેડિયમની શોધને પૂરાં સો વર્ષ પણ થયાં નથી. આજે એ જેમ અજ્ઞાતમાંથી જ્ઞાત થયો છે તેમ તમે કહો છો તે પ્રશ્નો પણ કાળે કરીને "જ્ઞાત" થશે" — પરંતુ એ દલીલમાં વજુદ નથી, કારણ કે "જિવન શું?" "મૃત્યુ એટલે શું?" "કાલ – દિક્ – ચૈતન્ય વગેરે શું છે?" એ કોયડાઓના ઉકેલ ઉપર જણાવેલી શોધના વર્ગમાં આવતા નથી. ખરી વાત એ છે કે એ પ્રશ્નોના ઉકેલ લાવવા માટે ભૌતિકશાસ્ત્રોની પદ્ધતિ જ અપર્યાપ્ત છે. એટલે કે માનવને તોળીને તેના વિચારો આપણે કદી પણ જાણી શકીશું નહિ સિવાય કે તે આપણને કહે! એ ખરું છે કે ઇન્દ્રિયોનો સંસ્પર્શ કરનારા પદાર્થોનું પ્રાથમિક જ્ઞાન ભૌતિકશાસ્ત્રોની પદ્ધતિ વડે મેળવી શકાય છે. પરંતુ તેનાથી પર રહેલા કોઇ પણ પદાર્થનું કે તત્વનું જ્ઞાન તે વડે મેળવવું અશક્ય છે. પંચેન્દ્રિયથી અતીત જગત ભૌતિક-શાસ્ત્રની શક્તિની બ્હાર છે. "અતીન્દ્રિય જગત છે જ ક્યાં?" એ પ્રશ્નોનો ઉત્તર આગલા પ્રકરણોમાં આપવામાં આવ્યો છે. — અને એ સમજૂતિ પ્રમાણે સ્થૂલ ભૂમિકામાં પ્રગટ થતું જિવન ચતુર્થ દિશામાનમાં રહેલ વાસ્તવિક જિવનનો ક્ષુદ્ર અંશ માત્ર છે, એ સમજવામાં મુશ્કેલી ભાગ્યે જ નડે. ભૌતિકશાસ્ત્રોની મોટી ખામી જ એ છે કે સ્થૂલ ભૂમિકામાં જે હયાત છે તે જ સમગ્ર જિવન છે – તે જ સર્વ છે – તેનાથી પર એવું કશું છે જ નહિ" એમ તે માની લે છે.





એવી દલીલ કરવામાં આવે કે "પદાર્થતત્ત્વ" – અને વસ્તુત્વ – (Matter and objectivity) એ જ સર્વસ્વ છે, તો પ્રશ્ન પૂછી શકાય કે "પદાર્થતત્ત્વ એટલે શું" તે કહેશો? "વસ્તુત્વ એટલે શું?" કેટલીક સ્થૂલ ઘટનાઓને ભેગી લઈને તેનાં ઝૂમખાં ગોઠવવાં એનું નામ પદાર્થતત્ત્વ? – વસ્તુત્વ?

અને માનવને બાહ્યજગત એ રૂપે દેખાય છે તેનું કારણ? કારણકે, તેનું ચિત્તંત્ર મર્યાદિત છે. કાલ અને દિક્ વિના સ્થૂલ ભૂમિકાનું જ્ઞાન મેળવવામાં એક ડગલું પણ ભરી શકે તેમ નથી. અને એ કાલ અને દિક્ – દિશા કોનાં? દષ્ટાના ચિત્તંત્રના! પદાર્થને ત્રણ – દિશામાન હોય એવું આપણને લાગે છે એ ગુણ જ માનવના ચિત્તંત્રનો છે: માનવના ચિત્તંત્રની મર્યાદાને આભારી છે.

એટલે ભૌતિકશાસ્ત્રો ભવિષ્યમાં પ્રગતિ કરશે એમ સ્વીકારીએ તોપણ એ પ્રગતિ ત્રણ – દિશામાનમાં જ થશે એ નિર્વિવાદ છે. કાલથી અતીત એવી કોઇ પણ ક્રિયાની શક્યતા સુદ્ધાં સ્વીકારવી, અત્યારે તો, ભૌતિકશાસ્ત્રોને માટે અસંભવિત છે. દા. ત. "સનાતન ગતિ"નો ખ્યાલ ભૌતિકશાસ્ત્રોને માટે અશક્ય છે! વળી ભૌતિકશાસ્ત્રો ઘટનાઓને અને હકીકતોનો અભ્યાસ કર-વાનો દાવો કરે છે પરંતુ વાસ્તવિક રીતે તો, હકીકતોના કે ઘટનાઓના ઇન્દ્રિયો ઉપર જે સંસ્કારો પડે છે તેમનો જ તે અભ્યાસ કરે છે. સ્થૂલના જ્ઞાનની મર્યાદાઓથી પર થવા માટે તો અત્યારના આપણા ચિત્તંત્રની મર્યાદાઓને વટાવવી જ જોઇએ.

હવે, "માનવના ચિત્તંત્રની મર્યાદાઓ વટાવવી શક્ય છે?" એ પ્રશ્ન રહે છે. અત્યારે પણ માનવને માટે જે ચૈતન્યની

વિવિધ અવસ્થાઓ પ્રાપ્ત કરવી શક્ય છે તે જોતાં "ચૈતન્યનો એવો વિકાસ તદ્દન શક્ય છે" એમ આપણે કબુલ કરવું પડશે.

આ રીતે જોતાં ધર્મોમાં જેને "પ્રભુનું સામ્રાજ્ય" – વેદાંતીઓ જેને "અદ્વૈત" – "સચ્ચિદાનંદ" – કહે છે; ભાવિકો જેને "પ્રભુદર્શન" કહે છે, બૌદ્ધો જેને "નિર્વાણ"ની સંજ્ઞા આપે છે એ બધાં ચૈતન્યની પર અવસ્થાનાં જ વર્ણનો છે! અત્યારના માનવ ચૈતન્યથી એ અવસ્થા એટલી તો જૂદી પડે છે કે તેનું વર્ણન કરતાં બુદ્ધિનાં ધોરણો સર્વથા ઉંચાં મૂકવાની જરુર પડે છે. એ ઉચ્ચ ચૈતન્યની અનુભૂતિ થતાં સર્વનો – વિરાટ્‌નો પોતાનામાં સમાવેશ થાય છે: પોતાનું અસ્તિત્વ કાયમ છતાં માનવ સર્વ જોડે અદ્વૈત અનુભવે છે.

"વિરાટ્ તો અનંત છે" તેને કેવી રીતે જાણી શકાય? એવું કોઇ પૂછે તો એનો ઉત્તર એ છે કે – "પ્રત્યક્ષ સાક્ષાત્કાર વડે" — "બુદ્ધિ વડે" તો તેને ન જ જાણી શકાય.

[ ૨૦ ]

વાત એ છે કે કેવલ અનંત જ સત્ય છે. પરંતુ વિચારમાં પણ માનવને "અનંત"નો ખ્યાલ આવતાં તેનું મન ચક્કર ખાઇ જાય છે. તો પછી, અનંત તેના ચૈતન્યને વધારે વાસ્તવિક થાય તો? તો, પ્રથમ તો માનવના બધા માનીતા વિચારો, સંગ્રહીત નિયમો, પોતાને પસંદ પ્રાચીન સંસ્કારો, વગેરેનો ભુક્કો થઇ જાય! તેનું આખુંય અને છતાં નાનું સરખું, મર્યાદિત





ત્રણ – દિશામાનમાં આવી રહેલું જગત જ અદૃશ્ય થઇ જાય! પરિણામે તેને આશ્ચર્ય થાય! ભય લાગે! શાંતિ અને ઉદાસિનતા પ્રાપ્ત થાય!

અને ઉર્ધ્વભૂમિકામાં સાચે જ પ્રવેશ કરવો હોય તો આ ત્રણ – દિશામાનવાળા જગતના એક એક પદાર્થનો ત્યાગ કરવો જ જોઇએ: એ જગતની આસક્તિ તો છોડયે જ છૂટકો છે એ ચતુર્થ – દિશામાનમાં બુદ્ધિ કાંઇક નીચે પ્રમાણે કાર્ય કરે:

| સામાન્ય બુદ્ધિમાં: | ચતુર્થ દિશામાનમાં: |
|---|---|
| ૧. આ મારું ઘર છે. | ૧. આ મારું **ઘર** છે. |
| ૨. પેલું ગોવિંદનું ઘર છે. | ૨. પેલું ગોવિંદનું ઘર છે. |
| ૩. તેથી મારું ઘર ગોવિંદનું નથી: એ પ્રમાણે કાર્ય થાય છે. | ૩. "મારું ઘર ગોવિંદનું છે" : "**આ પેલું** છે" આ પ્રમાણે ક્રિયા થશે. |

અત્યારે માનવ જેનો ઉપયોગ કરે છે તે સામાન્ય તર્ક મર્યાદિત છે. તે ભાષાને લીધે પણ પરિમિત થાય છે. ઘણી બાબતો ન્યાય પુરઃસર અને સતર્ક હોતી નથી છતાં પણ તેવી બાબતોથી વધારે સત્ય અને પોતાના અંતરની હોય એવી કેટલીક માનવને લાગે છે. ધર્મ, ઉંડી લાગણીઓ, કવિતા વગેરે વિષયો તર્કથી પર છે: તેમના ઉત્તમોત્તમ સ્વરૂપમાં એ સઘળાં વાચાતીત છે એ સમજી શકાય તેવું છે.

ગણિતશાસ્ત્રમાં પણ એવું જ છે. સામાન્ય ગણિતમાં —

૧. દરેક વસ્તુ તેની પોતાની બરોબર છે.

૨. વિભાગના કરતાં સમગ્ર મોટો હોય છે! અવયવ કરતાં અવયવી મોટો હોય છે.

૩. બે વસ્તુઓ ત્રીજીની બરોબર હોય તો તેઓ એક બીજાની બરોબર હશે.

આ સ્વીકૃત સિદ્ધાંતો સામાન્ય ગણિતમાં ખરા હોવા છતાં અનંતના ગણિતમાં તે સાચા નથી. ૧લામાં ત્રણ – દિશામાન-વાળા વિશ્વોનો સમાવેશ થાય છે. પરંતુ એ વિશ્વ કૃત્રિમ છે. ચાર દિશામાનના ગણિતમાં અનંત છે તે વાસ્તવિક છે.

અનંત = $\infty$

હવે જુઓ = $\infty^{\infty} = \infty$.

અનંતને અનંત ઘાતચિહ્નમાં મૂકો તોપણ તે અનંત જ રહેશે !

આ ગણિતમાં પ્હેલા ગણિતના મૌલિક સિદ્ધાંતોનો ભંગ થાય છે. આપણા ગણિતમાંનાં ઉદાહરણો લઈએ. "રેખા એટલે અનંત બિંદુઓનો સમૂહ" = $\infty$. એક ઇંચમાં પણ અનંત બિંદુઓ અને એક માઇલમાં પણ અનંત બિંદુઓ. તેથી $\infty = \infty$.

એક ચતુષ્કોણ લ્યો. □ : એ ચતુષ્કોણમાં અનંત રેખાઓ છે. તો, એ પ્રમાણે $\infty = \infty$ થશે !

આ પ્રમાણે જણાશે કે અનંતના ગણિતમાં આપણું ગણિત કામ નહિ લાગે. આપણી સંખ્યાનું માપ અવિકારી હોય છે. પ્રત્યેક ક્ષણે તેનું પરિણામ નિશ્ચિત હોય છે. પરંતુ અનંતના ગણિતમાં — ૧. વિભાગ સમગ્રની બરાબર થઇ શકે છે. ૨. એક વસ્તુની સમાન હોય એવી બે ચીજો બરાબર ન પણ હોય ! ૩. છતાં જૂદાં જૂદાં સર્વ માપો અનંતમાં સમાન હોય !

અને પ્રકૃતિમાં જોશો તો જણાશે કે તેમાં ક્યાંયે અવિકારી અને હંમેશને માટે ચોક્કસ કિંમતવાળી સંખ્યા યાતો સંખ્યામાન





છે જ નહિ. આપણું ચિત્તંત્ર આ ત્રણ – દિશામાન કરતાં ઘણાં જ વિશાળ વિશ્વ જોડે એકતા ધરાવે છે. જો માનવને દિશાનું સાચું ભાન થતું હોત તો બીજી વ્યક્તિને તે તેના જિવનની આદિથી તે અંત સુધી એક – અખંડ તરીકે એકી વખતે જોઈ શકત. જે સ્થૂલ શરીરને આપણે જોઇએ છીએ તે, ખરું જોતાં, છે જ ક્યાં ? અથવા એમ કહી શકાય કે ત્રણ – દિશામાનથી પર વિશ્વમાં જે વાસ્તવિક દેહ, — લિંગદેહ કે કારણ જે હોય તે, આવેલો છે તેનો સ્થૂલ શરિર તો ખંડ માત્ર છે. માનવ પોતાની સ્થૂલ ઇન્દ્રિયો વડે જે જગત જાણે છે તે "ખરું" – 'વાસ્તવિક" જગત નથી. પરંતુ સ્થૂલ – ભૂમિકાથી પર આવી રહેલા સૂક્ષ્મ વાસ્તવિક જગતનો જે ખંડ માનવને માત્રાસ્પર્શોથી ગ્રાહ્ય યાને ગમ્ય જ્ઞાત છે તેનું જ તે જ્ઞાન છે. જે જગત માનવને "સાચું" ("વાસ્તવિક") લાગે છે તે તો, આ પ્રમાણે, વાસ્તવિક સૂક્ષ્મ યાને કારણ જગતનો કાલ્પનિક ખંડ માત્ર છે !

## [ ૨૧ ]

ત્રણ – દિશામાનથી પર જે જગત આવી રહેલું છે તેને આપણા આ પરિમિત વિશ્વના દૃષ્ટિબિંદુથી જોવાનો પ્રયત્ન કરવો જ નકામો છે. આપણા ત્રણ – દિશામાનમાં પ્રચલિત બુદ્ધિની તર્કપદ્ધતિ એ પર જગતમાં કામની નથી.

ભૌતિકશાસ્ત્રીઓએ, શરુઆતમાં તો, ચતુર્થ – દિશામાનના અસ્તિત્વનો ઇન્કાર કર્યો. પાછળથી પ્રેતાવહન, વિચાર – વિનિમય, પ્રાણ – વિનિમય, સંમોહન વગેરે સૂક્ષ્મભૂમિકાના વ્યાપારોની

સપ્રમાણ ઘટનાઓનો જ્યારે નિરાદર કોઇપણ રીતે થઇ શકયો જ નહિ ત્યારે તેણે એ સૂક્ષ્મ ભૂમિકાઓને પોતાની સ્થૂલ વિદ્યાનાં ધોરણો લાગુ કરી મોટી ગુંચવણો ઉભી કરી છે. એ સૂક્ષ્મ ભૂમિકામાં આપણા જગતના જેવા જ – કે આપણા જગતના જ નિયમો પ્રવર્તવા જોઇએ એ માન્યતા સાચી નથી.

તો પછી એ ઉચ્ચ ભૂમિકાની માહિતી, સપ્રમાણ અને વિગતવાર મેળવવી છેક જ અસંભવિત છે શું? — ના. એની વધારે સાચી માહિતી "અગમ નિગમ" – Mysticism–ની ગૂઢ વિદ્યાઓના ઉપાસકોએ જૂદા જૂદા દેશમાં જૂદે જૂદે કાળે મેળવેલી છે.

ભૌતિકશાસ્ત્રને પણ અત્યારે એટલું સ્વીકાર્યા વિના તો છૂટકો નથી કે ચૈતન્યના સર્વે ગમ્ય અને જ્ઞાત પ્રદેશો તેની સમગ્ર ક્રિયાઓ અને ધર્મોનો યથાસ્થિત અભ્યાસ કરવો હોય તો અત્યારે માનવને ગમ્ય છે તેનાથી ઘણાં વધારે સ્વરૂપોનો (ચૈતન્યના) સ્વીકાર કરવો જ પડશે. અને એ સ્વીકાર કોઇપણ પ્રકારના પૂરાવા વિના કરવાનો નથી! આજે ગણિતના જેવું ચોક્કસ ગણાતું શાસ્ત્ર પણ ત્રણ–દિશામાનથી પર એવા વિશ્વ ભણી ભૌતિકશાસ્ત્રવેત્તાઓની દૃષ્ટિને દોરી રહ્યું છે! અને આપણી આ દુનિયામાં જેનાં મૂર્ત (પ્રગટ) સ્વરુપો લભ્ય જ નથી એવા તત્ત્વોનું અને એમની વાસ્તવિકતાઓનું અસ્તિત્વ પૂરવાર કરી રહ્યું છે. અને ગણિત કાંઇ કલ્પનાનો બુટ્ટો નથી. આજનું ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્રોથી, માનવની ઇન્દ્રિયો વડે ગમ્ય વિશ્વથી, તેની કલ્પનાશક્તિથી પણ પર રહ્યું છે. એટલે જ ઇન્દ્રિયગમ્ય વિશ્વની મર્યાદાઓ વિશાળ કરીને તેનાથી પર રહેલી ભૂમિકાઓનો આપણે સ્વીકાર કરવો જોઇએ.





એને માટે સૌથી પ્રથમ – "જગત એક છે" એ સત્યનો સાક્ષાત્કાર કરવાથી આપણે તે સત્ય પ્રત્યે ગતિ કરી શકીશું. જગતમાં જે ભેદો છે – દ્વૈત છે – તે જગતને જાણવાના માનવના (આપણા) પ્રકારમાં છે – પદ્ધતિમાં, – મૂલ વસ્તુમાં નહિ. જ્યારે જગતની એ એકતાનો સાક્ષાત્કાર થવા માંડે છે ત્યારે હમણાં જે જગતને આપણે "સાચું" ગણીએ છીએ — 'વાસ્તવિક' માનીએ છીએ, – તે દ્વૈત અને ભેદવાળું જગત – આપણને અસત્ય અને અવાસ્તવિક લાગવા માંડે છે, માયારુપ દેખાય છે. લાગે છે કે કેવલ – "અનંત જ છે" — બાકી કશું છે જ નહિ! અને પછી? — પછી જૂનું, ત્રણ – દિશામાન વાળું, જગત ચૈતન્યમાંથી સરી પડે છે.

એકાદ ભાગ્યશાળી (કે કમનસીબ) પ્રાણીને માનવનું ચૈતન્ય પ્રાપ્ત થાય તો તેની દશા શરુઆતમાં કેવી થાય તેનો ખ્યાલ કરી જૂવો એટલે એ દશાપરિવર્તનનું કાંઇક ભાન તમને થશે. એ અવસ્થામાં ચૈતન્યનો અસાધારણ વિસ્તાર થાય, અને આગળ કદી નહિ અનુભવાયલા ભાવો હૃદયમાં જાગ્રત થાય! રંગના પટની શ્રેણીમાં કદી ન જોયેલા એવા રંગો દેખાય, સર્વત્ર જ્યોતિના પ્રસારનો અનુભવ થાય, અબાધિત, અમર્યાદ, આનંદનો સાક્ષાત્કાર થાય – એ બધી નવી ભૂમિકાની પ્રાપ્તિની શરુઆત છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સત્ય લાગતું જગત જ્યારે સરી જાય છે ત્યારે માનવને આઘાત થાય છે, અને તેનું મન અસ્થિર હોય તો, – કાયમનું નુકશાન થવાનો પણ સંભવ છે. એટલે જ સઘળા આત્મવિકાસના પ્રયાસોમાં "સંન્યાસ" અને ત્યાગવૃત્તિને

સ્થાન આપવામાં આવે છે. આગળથી જ જગત પ્રત્યેની આસક્તિ ઓછી કરનારને તે જગત દૃષ્ટિ આગળથી સરી જવાને પરિણામે આશ્ચર્ય અને દુઃખ ઓછાં લાગે એ સમજી શકાય તેવું છે.

ખ્રિસ્તી ધર્મમાં – “Poor in Spirit”ની, આધ્યાત્મિક નમ્રતા અને ગરિબાઇની, – અગત્ય કહેલી છે. તેનો અર્થ પણ ઇન્દ્રિયગમ્ય જગત છોડવાની તત્પરતા થાય છે – એનો અર્થ બાહ્યજિવનમાં દરિદ્રી થઇ રહેવું અને દરિદ્રતાને કે ગરિબાઇને આદર્શ ગણી તેનું અનુસરણ કરવું એવો મુદ્દલે થતો નથી.

હિંદ, ઇજીપ્ત અને પ્રાચીન ગ્રીસમાં યોગવિદ્યાઓ પ્રચાર પામેલી હતી અને આજે પણ છે. એ વિદ્યામાં દર્શાવેલી કેટલીક પ્રક્રિયાઓ અને સાધના પ્રણાલિઓ, વગેરેનો હેતુ આ ત્રણ દિશામાનથી પરિમિત જગતથી પર જગતને પ્રાપ્ત કરવાની ક્રિયાને સરળ અને સુલભ બનાવવાનો છે. આજે પણ હિંદનાં પ્રાચીન પુસ્તકોમાં એ જ્ઞાનભંડાર અને સાધનાની પદ્ધતિઓ ન સમજી શકાય એવા સૂચકોમાં (Symbols) અને કઠિન મંત્ર સમૂહમાં દટાએલો પડ્યો છે. તેમાંનાં ઘણાંખરાંનો મર્મ કોઇ જાણતું નથી. બૅકનની પૂર્વે અને ગ્રીક મીમાંસક એરીસ્ટોટલે પોતાનું તર્કશાસ્ત્ર બનાવ્યું તેનાથી એ સૈકાઓ પૂર્વે એશિયામાં આવેલા હિંદમાં “બુદ્ધિથી પર” આવી રહેલી ભૂમિકાનું તર્કશાસ્ત્ર પ્રચલિત હતું. તેઓએ એ અજ્ઞાત પ્રદેશનાં રહસ્ય દ્વારો ખુલ્લાં કરેલાં હતાં! યુગે યુગે તેમના દૃષ્ટાઓએ અને ઋષિઓએ એનું એ જ સત્ય અન્ય શબ્દોમાં પ્રગટ કરેલું છે. આ પ્રમાણે અનંતની એ ભૂમિકાનો વિચાર માનવજાતિના ઇતિહાસમાં સતત હાજર હતો એમ જણાય છે. એ બુદ્ધિથી પર





ભૂમિકાના તર્કશાસ્ત્રને આપણે “સ્મૃતિ” યાને સહજજ્ઞાનનું તર્કશાસ્ત્ર કહી શકીએ.

એની વ્યાપ્તિ કાંઇક નીચે પ્રકારની હોઇ શકે:— “अ પોતે अ છે અને” अ નહિ “પણ તે છે” – યાતો સર્વે વસ્તુઓ “અ” અને “અ – નહિ” – બને છે!”

“દરેક વસ્તુ સર્વે છે.”

ખરી વાત એ છે કે મનથી પર રહેલી ભૂમિકાનું જ્ઞાન (તર્કશાસ્ત્ર) ભાષા વડે સંપૂર્ણપણે પ્રકટ થઈ શકતું નથી. એટલે આત્મવિરોધી વચનો વડે ઉલ્લેખ કરીને તેના વિષે કાંઇક ખ્યાલ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અર્થાત્, બુદ્ધિના ચોકઠાનો સમૂલો ત્યાગ કર્યા વિના એ જ્ઞાનની સમજૂતિ પણ શક્ય નથી, – અનુભૂતિઓ તો દૂર રહી. બુદ્ધિને માટે જે નિયમ છે તે “બુદ્ધિથી પર”ને માટે પણ બંધનકર્તા **નિયમ** હોય જ એવું કાંઇ નથી!

એ ભૂમિકાનું તર્કશાસ્ત્ર આપણી ભૂમિકાના તર્કશાસ્ત્રનું વિરોધી છે. આપણા જગતમાં (અત્યારની ચૈતન્યની ભૂમિકામાં “અ” અને “અ – નહિ” (“અ – વ્યતિરિક્ત અન્ય”) એ બન્ને સમાન હોતાં નથી! એટલે કે ઉચ્ચ ભૂમિકાના દૃષ્ટિબિંદુથી જોતાં આપણા જગતનાં (આપણી ભૂમિકાનાં) ઘણાં “સત્યો” – “અસત્ય” ઠરે એ સંભવિત છે. ભાષામાં પ્રગટ થતો કોઇ પણ વિચાર સત્યને સંપૂર્ણપણે વ્યક્ત કરતો જ નથી.

પરંતુ અભાવાત્મક પદ્ધતિનો આશ્રય લઇને એ ઉર્ધ્વ ચૈતન્યનો અભ્યાસ કરીશું તો કંઇક અંશે તેના ભાવાત્મક સ્વરૂપનો પણ ખ્યાલ બાંધી શકીશું.

એ ચતુર્થ દિશામાનની ભૂમિકામાં :—

૧. ઘટનાઓ **"બનતી"** નથી પરંતુ **"હોય છે."** ત્યાં આગળ કાર્ય અને કારણ યુગપદ્ – એકી વખતે – હોવાનાં.

૨. ત્યાં જમણું – ડાબું – મોટું નાનું – એવું કાંઇ જ ન હોય.

૩. પદાર્થતત્ત્વ ત્યાં નથી હોતું; ગતિ પણ હોઇ શકે નહિ. એટલે કે નામ તથા રૂપવાળો – અને તોળી શકાય એવો કોઇ પણ પદાર્થ ત્યાં હોય નહિ.

૪. એમાં "અચેતન" "જડ" "મૃત" – એવું કશું જ નહિ હોય!

૫. કોઇ પણ વસ્તુ એ ભૂમિકામાં પરિમિત – મર્યાદિત નહિ હોય – આપણું અત્યારનું ગણિત ત્યાં લાગુ થઇ શકે નહિ.

૬. બુદ્ધિ પર રચાયલું અત્યારનું આપણું તર્કશાસ્ત્ર પણ ત્યાં અસ્થાને છે.

૭ પ્રત્યેક પદાર્થ સમગ્ર જોડે, એ ભૂમિકામાં એકતા ધરાવે છે; એટલે કે ત્યાં ભેદ નથી.

૮. જ્યારે એ જગતની "વાસ્તવિકતા" અનુભવીએ છીએ ત્યારે આ ત્રણ – દિશામાન વાળા જગતની અવાસ્તવિકતાનું આપણને સચોટ ભાન થાય છે – આશ્ચર્યની લાગણી એ તેનું પ્રથમ લક્ષણ કહી શકાય.

૯. શબ્દોમાં (ભાષા વડે) તેની જોડેનો આપણો સંબંધ કદી પણ સંપૂર્ણપણે પ્રગટ થઇ શકે નહિ.



[ ૨૨ ]

## અગમ નિગમ વાદ!

* **અ**ગમ નિગમ વાદ એટલે શું? – ઉપર જણાવ્યા પ્રમાણે અત્યારે ત્રણ – દિશામાનમાં રહેનાર માનવ ચૈતન્ય ઉપરની ભૂમિકામાં વિકાસ પામે, એ વિસ્તૃત ચૈતન્યની અનુભૂતિમાં મળતું જ્ઞાન તે જ અગમ નિગમ."

---

* એ અગમ નિગમ વાદનો ઇતિહાસ જોઇએ હિંદના પ્રાચીન વેદ, ઉપનિષદ્, તથા વેદાંતોમાં એ વિષયનું પ્રથમ પ્રગટ થયેલ સાહિત્ય મળી આવે છે. બ્રહ્મવાદમાં तत्त्वमसि અને अहं ब्रह्मास्मि! વગેરે એનાં જ સૂત્રો છે.

ખ્રિસ્તી ધર્મની શરુઆતમાં પણ એ વિચારને મળતો સિદ્ધાંત પ્રચલિત હતો. "ભગવાનમાં આપણે જીવીએ છીએ – અને હાલીએ ચાલીએ – ગતિ કરીએ છીએ."

કેટલાક ભૌતિકશાસ્ત્રના "ખાં" શરુઆતમાં ચૈતન્ય એવી વિસ્તારની અનુભૂતિને વિશિષ્ટ શારીરિક અવસ્થાનાં પરિણામ તરીકે, કેટલાક તેને Abnormal – "અસામાન્ય અવસ્થા" તરીકે ગણી તેની અવગણના કરવા પ્રયત્ન કરતા હતા. પરંતુ ત્રણ બાબતો એવાઓની દલીલનો સચોટ રદિઓ આપે છેઃ—

---

અને દુનિયાના સર્વે ધર્મો આપણા દૃશ્ય જગત અને અદૃશ્ય પરમ સત્ય જગતને સાંધનારા સેતુ જેવા છે.

આધુનિક લેખકોમાં ડૉ. વિલિયમ જેમ્સે "ધ વેરાઇટીઝ ઓફ રીલીજીઅસ એકસપીરીઅન્સીઝ" નામના પુસ્તકમાં પણ ચૈતન્યના વિસ્તાર વડે મળતા જ્ઞાનની વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો છે.

અગમ્ય વાદનાં લખાણો ઘણાંને સમજાતાં જ નથી. અને ઘણી વાર તેમને ખોટી રીતે સમજાવવામાં આવે છે. અર્થાત્, ગેર-સમજુતિ જ થાય છે. ચૈતન્યની, બુદ્ધિથી પર દશાના સાક્ષાત્કાર-વાળા લેખકોના ગ્રંથોમાં પ્લૉટીનસનું "ઓન ઇન્ટેલીજીબલ બ્યુટિ" નામનું પુસ્તક છે.

પ્લોટીનસના જેવું જ ઉદાહરણ "જેકબ – બોહીમ" નામના જર્મન મોચીનું છે. એ મોચી જર્મનીના ગોર લીટઝ ગામમાં ૧૬મી સદીના અંતમાં થઇ ગયો. એ નિરક્ષર મોચીએ જે વિલક્ષણ ગ્રંથો પાછળ મૂકયા છે તે જોતાં અગમ નિગમની વાસ્તવિકતામાં ન માનવું અસંભવિત જ થઇ પડે છે વળી ઇ. સ. ૧૬૦૦માં તેને પ્રથમ "દૃષ્ટિ — એટલે દિવ્ય દર્શન-શક્તિ" પ્રાપ્ત થઇ. તેણે The signature of all things – "ધી સીગ્નેચર ઓફ ઓલ થીંગ્સ," "Supersensual Life – "સુપરસેન્સુયલ લાઇફ" વગેરે પુસ્તકોમાં પોતાને એ ચૈતન્યના વિસ્તારની અવસ્થામાં મળેલું જ્ઞાન પ્રગટ કર્યું છે, તે વાંચીને કોઇને પણ આશ્ચર્ય થયા વિના નહિ રહે.





૧. એવી દશામાં પ્રાપ્ત થતું જ્ઞાન બીજી કોઇ પણ રીતે મળતું નથી. તેનું શું?

૨. એ જ્ઞાન ત્રણ – દિશામાનનું નહિ પરંતુ ચાર – દિશા-માન વાળા જગતનું હોય છે.

---

કલેમેન્ટ્સ ઓફ એલેક્ઝાંડ્રીઆના લખાણોનાં The antemicene fathers – તથા ચીનનાં સાધકોમાં પણ અગમ નિગમ વાદના પુરાવાઓ પણ મળી આવે છે – ૪થી ૬ઠી સદી વચ્ચે થઇ ગયેલા અનેક ચીનાઇ સાધકોમાં લા-ઓન્સ નામનો સાધક ઘણો પ્રખ્યાત થઇ ગયો છે. તેનાં પુસ્તકોમાં અગમ નિગમ વાદ સિવાય બીજું કશું નથી.

આધુનિક થીઓસોફીસ્ટ સાહિત્યમાં "The Voice of the Silence" (મ. બ્લૅવૅટસકીનું) તથા મેબલ કોલીન્સનું "The Light on the Path" પણ તેની અસરના પુરાવા છે

ઇસ્લામમાં અગમ નિગમ વાદના અનુયાયીઓ "સુફી" તરીકે પ્રખ્યાત છે. સાકી – જામી – તથા જલાલુદ્દીન વગેરેની કવિતામાં તેની અસર આપણે જોઇ શકીએ છીએ.

પ્રો. જેમ્સે Mystical states under narcosis – નામના પુસ્તકમાં મૂર્ચ્છામાં તથા ઘેનમાં થતા અનુભવોનો

૩. જૂદા જૂદા દેશકાલમાં જૂદી જૂદી વ્યક્તિઓને થએલા સાક્ષાત્કારોમાં સામ્ય ઘણું મળી આવે છે. શા માટે?

વળી એ અનુભૂતિ પછીનાં પરિણામો પણ ઘણાં જ વાસ્તવિક અને કેટલીક વાર આજીવન અસરકારક નીવડે છે.

આગલાં પ્રકરણોમાં બુદ્ધિના તર્ક વડે જેનું અસ્તિત્વ આપણે સિદ્ધ કરેલું છે તે નિર્ણયને આ પ્રમાણે વ્યહવારનો ટેકો મળે છે, અને ચતુર્થ દિશામાનના આપણે તર્ક વડે અને અનુભવ વડે નક્કી કરેલા ગુણો પણ અનુભવથી વાસ્તવિક નીવડે છે.

આપણા તર્કશાસ્ત્રથી, ગણિતથી, અને ભાષાથી, એ ભૂમિકા પર છે – એ સિવાય એને વિષે બીજું શું વધારે કહી શકાય?

---

અભ્યાસ કર્યો છે. તે ઉપરથી પણ કેટલીક વાર એ અવસ્થામાં પણ ઉચ્ચ ચૈતન્યની ભૂમિકાને માનવ પ્રાપ્ત કરે છે તેની સાબિતી આપણને મળે છે.

B. P. Blood – "બ્લડે" લખેલા "એનેસ્થેટીક રેવેલેશન એન્ડ ધી જીસ્ટ ઓફ ફીલોસોફી" –માં આપણને પ્રો. જેમ્સના કથનની જ સાબિતી મળી રહે છે.

ઇ. સ. ૧૯૦૮માં યુસ્પેન્સ્કીને પોતાને પણ એવો અનુભવ થયો હતો. સર્વેને એ એક જ પ્રકારનો અનુભવ થાય છે એવું એ સઘળા પુસ્તકોનો અભ્યાસ કરતાં આપણને જણાય છે. "સર્વે પ્રાણી પદાર્થની એકતા" એ અનુભવનું એક લક્ષણ છે. એને પરિણામે કાલનું ભાન બદલાઇ જાય છે. અને "અનંત" એક વિચાર મટીને વાસ્તવિક થાય છે – અનંત ચૈતન્યનો, અનંત પ્રાણનો અનુભવ માનવને થાય છે.





[ ૨૩ ]

ડૉ. બક ( Buck ) નામના લેખકે "Cosmic Consciousness" નામનું પુસ્તક લખ્યું છે. તેમને પોતાને થયેલો વિરાટ્ ચૈતન્યનો અનુભવ તેમણે વર્ણવ્યો છે. તે ઉપરાંત ભૂતકાલના સાધકોનાં ઉદાહરણો આપી વિરાટ્ ચૈતન્યના સાક્ષાત્કારનો તેમણે રીતસર પુરાવો રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. તેઓ પોતાના પુસ્તકમાં ચૈતન્યના ત્રણ પ્રકાર સ્વીકારે છે. ૧. સાદું – પ્રાણીઓ વગેરેમાં હોય છે તે જાતનું, ૨. આત્મચૈતન્ય યાને સ્વોપલબ્ધિની શક્તિવાળું માનવમાં હોય છે તેવું, ૩. વિરાટ્ – ચૈતન્ય – માનવથી પર છે તે.

ડૉ. બક આગળ જઇને એમ પણ માને છે કે વર્તમાન માનવજાતિમાંથી ( લૌકિક માનવજાતિમાંથી ) લોકોત્તર માનવની ( Super – man ) ઉત્ક્રાંતિ અનિવાર્ય છે. કારણકે વિશ્વપ્રકૃતિમાં ઉર્ધ્વગતિ કરવાનો પ્રેરક આવેગ હજુ તેની પરાકાષ્ટાને પામ્યો નથી.

આ જાતના વિચારો છૂટાછવાયા મીમાંસકોમાં યુરોપમાં પણ પ્રચલિત છે. તે વર્તમાન મીમાંસાની સમાલોચના કરતાં આપણને જણાઇ આવે છે.

એડવર્ડ કાર્પેન્ટરે "Towards Democrary" અને "From Adam's cave to Elephanta" નામનાં પુસ્તકો લખ્યાં છે. તેમાં વિરાટ્ ચૈતન્યના અસ્તિત્વનો અને તેના સાક્ષાત્કારનો તેણે ઉલ્લેખ કર્યો છે.

માનવને થતા મૌલિક પ્રશ્નોના ઉત્તર મળી શકે તેમ છે

ખરા ? એવા પણ કેટલાક લોકો મળી આવે છે – જેઓ જિવનનું અંતિમ રહસ્ય અજ્ઞેય છે એમ માને છે. માનવજાતિનો ઘણો મોટો ભાગ વિકટ પ્રશ્નોની ભાંજગડમાં પડવાને તૈયાર હોતો નથી. ઘણાંઓ એ "અંધારો કૂવો" છે, એમ માનીને તેનાથી દૂર જ રહે છે. અને કામના વગેરેની તૃપ્તિમાં ડૂબેલા મોટા જન-સમૂહને એવા પ્રશ્નો કદી તૃપ્તિ આપતા નથી. એ નિરાશાજનક અજ્ઞેયવાદનું એક કારણ તો એ છે કે માનવ પોતાની વર્તમાન પરિમિત શક્તિઓ વડે જિવનના મૌલિક પ્રશ્નોનો ઉકેલ કરવા મથે છે; તે પોતાના ચૈતન્યની અત્યારની સ્થિતિને સ્થાયી માની લે છે. અને તેની પરિમિતતાઓને પણ ધ્રૂવ નિશ્ચલ, લગભગ સનાતન, ગણતો હોય છે. અને તેથી જ તે વ્યહવારલક્ષ્મી – prag – matic – બુદ્ધિનાં નિરાશા – શંકા, અશ્રદ્ધા વગેરેનો ભોગ થઇ પડે છે. તે પૂછે છે – "પછી શું ?" "ધારોકે, તમે કહો છો તેવું રૂપાંતર થઇ શકે – પરંતુ આખરે શું ?" "જગતમાં સંસ્કારિત્વ સર્વવ્યાપી થયું – પછી ?"

પરંતુ વિશ્વના અને જિવનના મૌલિક પ્રશ્નોનો ઉકેલ મેળવવો જ હોય તો સ્થૂલ ઇન્દ્રિયોના ઉપર આધાર રાખીને જ્ઞાન મેળવવાની આપણી અત્યારની પદ્ધતિનો આપણે ત્યાગ કરવો જરૂરનો છે. એને માટે તો ચિત્તંત્રનો જ અભ્યાસ આવશ્યક છે. અને તેનો વિકાસ કરીને જ આપણે કોઇપણ પ્રકારનો ઉકેલ મેળવવાની આશા રાખી શકીએ તેમ છે.

જેમ માનવજાતિમાં ઘણાં માણસો એ ચિત્તંત્રનો વિકાસ કરે તેમ સમગ્રજાતિ માટે તેની શક્યતા વધે છે. પરંતુ વ્યક્તિમાં એ ચિત્તંત્રનું પરિવર્તન કરવા માટે કેવળ સામાજિક કે આર્થિક





જિવનની પુનર્ઘટના કરવાથી ખાસ લાભ થવાનો સંભવ નથી. બાહ્ય પરિસ્થિતિમાં — દા. ત. સામાજિક કે રાજકિય કે આર્થિક – સ્થિતિ કે સંસ્થાઓમાં, – ફેરફાર કરવાથી માનવના અંતરમાં ચોક્કસ, વિશિષ્ટપ્રકારનો વિકાસ સાધવાની વૃત્તિ ઉત્પન્ન થાય એ શક્ય છે. પરંતુ ખરો ફેરફાર તો અંતરમાં જ પ્રથમ થવાની જરૂર છે. બાહ્ય જિવનમાં કે જિવનના સ્વરૂપમાં જે ફેરફાર થાય તે અંતરના – ચિત્તંત્રના વિકાસના પરિણામ-રૂપ, ખરું જોતાં, હોવો જોઇએ. એટલે ખરું કાર્ય માનવના ચૈતન્યનો વિકાસ કરવાનું અને તેની પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે.

ઉપર જણાવેલ વિરાટ્ – ચૈતન્યને જેઓ પ્રાપ્ત કરશે તેઓ આપણે અત્યારે "માનવ" કહીએ છીએ તેવા નહિ રહે. જેમ ઉમ્મરમાં વધેલ બાળકને 'બાળક' કહેવામાં અનૌચિત્ય છે, તેવી જ રીતે એવા માનવને "માનવ" કહેવો એ પણ અયોગ્ય જ છે. 'લોકોત્તર' માનવ યાતો "અતિ માનવ" એ નામ તેને સ્પષ્ટતા ખાતર આપી શકાય.

વળી એક જિવનમાં વિરાટ્ – ચૈતન્યની – પ્રાપ્તિ સર્વે માટે શક્ય નથી. આ જિવનમાં તેને પ્રાપ્ત કરનારાઓમાં વિશિષ્ટ અધિકારની અપેક્ષા રહે છે. અને ચોક્કસ પ્રકારની કેળવણી વડે યાતો વિશિષ્ટ સંસ્કારવાળું જિવન ગાળવાથી માનવજાતિમાં વધારે ને વધારે અસરકારક સંઘજિવન સ્થાપન કરી શકાય છે. અને તેના દ્વારા માનવના વિકાસની ઉપર જણાવેલી નવી શક્યતાને સિદ્ધ પણ કરી શકાય.

એ અંતરના વિકાસ તથા પ્રકૃતિનાં રૂપાંતરનાં કાર્યમાં માનવે પોતે સહાયભૂત થવાનું છે. વિરાટ્ – પ્રકૃતિ જેમ

અનિર્દેશ્ય હેતુ પ્રત્યે ગતિ કરતી જણાવા છતાં પોતાના ચોક્કસ હેતુઓ અંતે સચોટપણે સાધે છે તેમ માનવની ઉત્ક્રાંતિ તેના પોતાના પ્રયત્ન વિના થવી જોઇએ એવી માન્યતા કેટલાક લોકો સેવે છે. તેઓ પુરુષ–પ્રયત્નમાં શ્રદ્ધા રાખવાને બદલે પ્રકૃતિની ધીમી, વસ્તુઓનો પુષ્કળ દુરુપયોગ કરનારી, અનિયમિત રીતે ઉત્ક્રાંતિ કરનારી ગતિના ઉપર આધાર રાખવા માગે છે. પરંતુ ચૈતન્યના આવિર્ભાવમાં જેમ જેમ ઉપરનાં પગથીયાંઓ આવે છે તેમ તેમ ઉત્ક્રાંતિની ગતિમાં સચેતન પ્રાણી વધારે સીધો અને વધારે સમર્થ ભાગ લઇ શકે છે. માનવમાં ચિત્તંત્રનો વિકાસ એટલો થયો છે કે તે જ્ઞાનપૂર્વક પોતાની ઉત્ક્રાંતિમાં સક્રિય ભાગ લઇ શકે છે તપઃશક્તિ વડે ચૈતન્યની ઉચ્ચ સ્થિતિને પસંદગી આપીને તથા પોતાના જિવનનો આદર્શ બુદ્ધિપૂર્વક વિચારી કાઢીને માનવ બુદ્ધિપૂર્વક પોતાના વિકાસમાં પ્રગતિ કરે છે.

આખું વિશ્વ એક છે, અનંત છે. બુદ્ધિને સમજૂતિ આપવા માટે આપણે તેના ચાર મુખ્ય ભાગ પાડી શકીએ. ૧. જીવનમાં પ્રાથમિક સ્વરૂપો – જેવાં કે વનસ્પતિ વગેરે, ૨. પ્રાણીઓ અને વધારે વિકાસ પામેલ ઇન્દ્રિયગણ વાળાં જીવનસ્વરૂપો, ૩. માનવ અને મરણનું જેમને ભાન થાય છે તેવાં સચેતન બુદ્ધિવાળાં – પ્રાણીઓ, ૪. માનવાતીત, લોકોત્તર સત્ અને વિરાટ્ ચૈતન્યની અવસ્થા જેમાં અમરતાનો સાક્ષાત્કાર થાય છે. એવા મીમાંસકો પણ છે જેઓ આ ચારે પ્રકારને પરસ્પર સ્વતંત્રપણે, પહેલેથી જ અસ્તિત્વ ધરાવતા માને છે. તેઓ ઉત્ક્રાંતિમાં નથી માનતા. પ્રત્યેક પ્રાણી ઉચ્ચતમ ચૈતન્યને પ્રાપ્ત





કર્યાં વિના પોતાની જન્મપ્રાપ્ત ચૈતન્યાવસ્થામાં રહી શકે છે. પરંતુ મનોમય બુદ્ધિપ્રધાન માનવ કેવળ, માનસિક શક્તિ વડે જિવનને વ્યવસ્થિત કરી શકતો નથી, – જિવનના પ્રશ્નો ઉકેલી શકતો નથી. અત્યાર સુધી માનવે બુદ્ધિ વડે જિવનના કોયડાઓ ઉકેલવા પ્રયત્ન કર્યો છે, પરંતુ તેમાં તેને ફત્તેહ મળી નથી. બુદ્ધિથી પર – માનવતાની સીમાઓથી ઉપર જે વિરાટ્ અનંત ચૈતન્ય છે તેને પ્રાપ્ત કરવાથી એ પ્રશ્નોનો કદાચ ઉકેલ આવે. એ શક્યતા અજમાવવા જેવી છે.

આખી માનવજાતિ એ વિરાટ્ ચૈતન્ય પ્રાપ્ત કરવાની નથી. કારણકે એક જન્મમાં તેને પ્રાપ્ત કરવા માટે અધિકારની જરુર છે. માનવજાતિમાં એવા અધિકારી માનવોને પણ વિશિષ્ટ પ્રકારના બાહ્ય સંજોગોમાં રહેવાની જરુર પડે એ બનવાજોગ છે. અર્થાત્, ઉચ્ચતર ચૈતન્યની પ્રાપ્તિ આપોઆપ – અપ્રયત્ને નહિ થઇ જાય. તેને માટે વ્યક્તિગત પ્રયત્ન, સતત્ અભીપ્સાનું સેવન, ઉર્ધ્વમુખ તપઃશક્તિની જાગ્રતિ તથા વિશિષ્ટ પરિસ્થિતિ અને વાતાવરણની ઉત્પત્તિ વગેરે આવશ્યક છે.

વળી કેટલાક એમ માને છે કે ઉચ્ચતર વિરાટ્ ચૈતન્યનો સાક્ષાત્કાર કરવા માટે બુદ્ધિનો ખાસ વિકાસ કરવાની આવશ્યક્તા છે. પરંતુ એ વિચાર સંપૂર્ણપણે સાચો નથી. કેવળ હૃદયના વિકાસ વડે પણ એ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. અને એવા લોકોનાં ઉદાહરણો પણ ઇતિહાસમાં જાણીતાં છે, જેમને પોતાની સહી કરતાં પણ ન આવડે અને બુદ્ધિના વિકાસની દૃષ્ટિએ જેઓ ‘અભણ’ ગણાય એવા લોકોએ ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરેલી જણાય છે. જર્મનીનો નિરક્ષર મોચી જેકબ

ઓહીમ અને નૂતન બંગાળના રામકૃષ્ણ પરમહંસ એ બે જ ઉદાહરણો ટાંકીશું. એને માટે મૂખ્ય વસ્તુ ચૈતન્યનું દૃષ્ટિબિંદુ અંતરમાં સ્થાપન થવું તે છે.

ખ્રિસ્તી ધર્મમાં "કાલનો અંત આવશે" અને "તમે પ્રેમમાં પ્રતિષ્ઠિત થઈને ઉંચાઇ, લંબાઇ, પહોળાઇ સમજી શકશો" – એવું જેને વિષે કહેવાયું છે – અને આર્યદર્શનમાં જેનું વર્ણન આપતાં "यतो वाचो निवर्तंते अप्राप्य मनसा सह" "જ્યાંથી વાચા અને મન નિષ્ફળ પ્રયત્ન કરીને પાછાં પડે છે" – એવું કહેવાયું છે – જેને "दिक्कालाद्यनवछिन्न" "દિશા અને કાલથી અવિભક્ત તરીકે વર્ણવી" "चिन्मात्रमूर्ति" "કેવળ ચૈતન્યમય જ્યોતિ સ્વરૂપ" કહેવામાં આવે છે તે વિરાટ્ ચૈતન્યની ભૂમિકા પ્રાપ્ત કરવામાં જ માનવતાની પરાકાષ્ટા હોવી જોઇએ. એ પ્રાપ્ત થાય તો જ કાલનો અંત આવે, દિશાનું સાચું જ્ઞાન મળે, અને અનંત ચૈતન્યના વિરાટ્ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય. ત્યાર પછી જ વિરાટ્ ચેતનને પોતાનામાં ધારણ કરનાર લોકોત્તર માનવજાતિ આપણી લૌકિક માનવજાતિમાંથી સમુત્ક્રાંત થઈ શકે. અર્થાત્, જૂદું જ ચૈતન્ય ધારણ કરનારી નવીન માનવજાતિ જગતમાં પ્રગટ થઈ શકે.